કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧

અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૧૨ જૂન, ૨૦૨૬ શુક્રવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ દહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૦૨૧◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૧૨ ◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# ડીલ ફાઈનલ-ટ્રમ્પનું એલાન-ઈરાનનો નનૈયો



## ટ્રમ્પનો દાવો ખોટો, અમે કોઈ સમજુતી કરી નથી : રેડ લાઈન પર નહીં ઝુકીએ

નવી દીલ્હી : મધ્ય પૂર્વમાં ફરી એકવાર રાજકીય અને કૂટનીતિક તણાવ વધતો જોવા મળી રહ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ઐતિહાસિક શાંતિ સમજૂતી થવાનો દાવો કર્યો હતો, પરંતુ ઈરાને આ દાવાને સખત શબ્દોમાં નકારી કાઢ્યો છે.ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘેઈએ સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા સાથે હજુ સુધી કોઈ Final Deal થઈ નથી અને આવી તમામ ચર્ચાઓ માત્ર Speculation (અટકળો) છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈરાન પોતાની "Red Lines" એટલે કે મૂળભૂત રાષ્ટ્રીય હિતો અને સિદ્ધાંતો પર કોઈપણ પ્રકારનું સમાધાન કરવા તૈયાર નથી.ઈરાની સરકારી સમાચાર એજન્સી IRNA અનુસાર, બઘેઈએ જણાવ્યું કે બંને દેશો વચ્ચેના કરારનો મોટો ભાગ તૈયાર થઈ ગયો હતો, પરંતુ અમેરિકન પક્ષ સતત પોતાનું જીંકહ્લ બદલતું રહ્યું છે. આ કારણે Diplomatic Process વારંવાર અવરોધાઈ રહી છે.તેમણે કહ્યું કે, "અમારા માટે શરૂઆતથી જ વાતચીતની સ્થિતિ સ્પષ્ટ હતી. પરંતુ અમેરિકાના બદલાતા અભિગમને કારણે વિશ્વાસનો અભાવ સર્જાયો છે." ઈરાને ખુલાસો કર્યો છે કે કતર અને પાકિસ્તાન બંને દેશો અમેરિકા અને

અનુસંધાન પાના નં.૪ પર

# શું યુપીમાં યોગીને ત્રીજી ટર્મની તક નહી મળે?

## ઉતરપ્રદેશમાં ચુંટણી બાદ સરકાર કોની બનશે તે સંગઠન નક્કી કરશે : પ્રદેશ પ્રમુખનું સૂચક વિધાન

નવી દિલ્હી : એક તરફ પાંચ રાજયોના ચુંટણી પરિણામો જાહેર થયા બાદ હવે ભાજપ આગામી વર્ષે યોજાનારી ઉતરપ્રદેશ સહિતની ધારાસભા ચુંટણીઓ માટેની તૈયારીઓ શરુ કરી છે અને તે સમયે રાજય પક્ષના પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરીએ



એક સૂચક વિધાન કરતા કહ્યું કે સંગઠન જ ચુંટણી લડે છે અને ચુંટણી બાદના નિર્ણયોમાં સરકાર કેવી રીતે બનશે તે સંગઠન જ નિર્ણય કરે છે.


તેઓએ એ પણ કહ્યું કે, ઉમેદવારી અંગેના નિર્ણયો પણ સંગઠન કરશે અને સરકારમાં કોની ભૂમિકા શું હશે તે પણ સંગઠન નકકી કરે છે. આમ તેઓએ આગામી ચુંટણી બાદ આડકતરી રીતે ઉતરપ્રદેશમાં ભાજપ નેતૃત્વ પરિવર્તન કરી શકે છે તેવા સંકેત આપ્યા છે.

શ્રી પંકજ ચૌધરી અને પક્ષના વરિષ્ઠ નેતાઓ આજે દિલ્હી પહોંચી રહ્યા છે અને તેઓ ખાસ કરીને ઉતરપ્રદેશમાં ભાજપના જે સાથી પક્ષો છે તેની સાથે બેઠક સમજુતી અંગે મોવડીમંડળ સાથે ચર્ચા કરશે.


અનુસંધાન પાના નં.૪ પર

# અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળે બનશે આરોગ્ય-શિક્ષણ કેન્દ્ર : સરકારની જાહેરાત

અમદાવાદ: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના મેઘાણીનગર, અમદાવાદ સ્થિત ન્યૂ મેન્ટલ કેમ્પસ ખાતે દુર્ઘટનાગ્રસ્ત ઈમારતોને દૂર કરી આધુનિક આરોગ્ય મંદિર અને શિક્ષણ મંદિરના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વાકાંક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભે આરોગ્ય રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે,







દુર્ઘટનાના ઘાવોને આરોગ્ય મંદિર - શિક્ષણ મંદિરના સંકલ્પમાં ફેરવી, આરોગ્ય ક્ષેત્રે નવા યુગની તેમજ શિક્ષણની નવી આશાઓનું નિર્માણ થશે :
**પ્રફુલ પાનશેરીયા**

દુઃખદ વિમાન દુર્ઘટના બાદ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ અને પરિવારજનો માટે તાત્કાલિક રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. હવે આ સમગ્ર વિસ્તારને આધુનિક

અનુસંધાન પાના નં.૪ પર

## બ્રિટિશ હાઈ કમિશનરે મૃતકોને અર્પી પુષ્પાંજલિ



અમદાવાદ: એર ઈન્ડિયા AI-૧૭૧ પ્લેન ક્રેશની વરસી નિમિત્તે આજે અમદાવાદ ખાતે ભાવભીની અને અનોખી શ્રદ્ધાંજલિ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાળમુખી ઘટનામાં જીવ ગુમાવનારા નિર્દોષ નાગરિકોની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ' કાર્યક્રમ યોજાયો હતો.આ ગંભીર હોનારતની વરસી પર બ્રિટિશ

અનુસંધાન પાના નં.૪ પર

# મહારાષ્ટ્રમાં ફરી રાજકિય ભૂકંપ

નવી દિલ્હી : શિવસેના અને NCPને તોડી પડાયા બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી મોટી રાજકીય ઉથલ-પાથલ થવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. સૂત્રો મુજબ, એક તરફ કોંગ્રેસ હાઈકમાન્ડે શરદ પવારને NCP(SP) પાર્ટી કોંગ્રેસમાં વિલય કરવા અંગે પ્રસ્તાવ આપ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે, તો બીજી તરફ પાર્ટીના ત્રણ ધારાસભ્યોએ ભાજપના રાજ્ય અધ્યક્ષ સાથે મુલાકાત કરતાં રાજકીય ખળભળાટ મચી ગયો છે.

ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેનાના નેતા સંજય રાઉતે અગાઉ સલાહ આપી હતી કે, કોંગ્રેસથી અલગ થયેલી પાર્ટીઓએ ફરી કોંગ્રેસમાં

અનુસંધાન પાના નં.૪ પર

## ફ્રાન્સમાં મોદી-મેક્રોન વચ્ચે મંત્રણા થશે

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સનાં પ્રમુખ ઈમેનુએલ મેક્રોનની વચ્ચે થનારી હાઈ લેવલની મંત્રાણામાં ડિફેન્સ, સિવિલ ન્યુકિલઅર એનર્જી,

અનુસંધાન પાના નં.૪ પર

## ટ્રમ્પની જાહેરાતથી સોના-ચાંદી, સેન્સેક્સ-નિફ્ટીમાં મોટો ઉછાળો, ક્રૂડમાં ગાબડુ

નવી દિલ્હી : એક સમયે ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાન પર મોટો હુમલો કરવાની ધમકી આપી આખા વિશ્વની ચિંતા વધારી દીધી હતી પરંતુ ગણતરીના કલાકોમાં જ ટ્રમ્પે ગુલાંટ મારતાં ઈરાન સાથે ડીલ થઈ ગયાની વાત કહેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. હવે આ અહેવાલની જ અસર શેરબજાર અને કોમોડિટી માર્કેટ સહિત વિશ્વભરના બજારોમાં જોવા મળી રહી છે.


સેન્સેક્સમાં આજે પ્રચંડ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. શેરબજાર ખુલતાની સાથે સેન્સેક્સ જે ગઈ કાલે ૭૩,૮૩૨.૫૫ પોઈન્ટ પર ક્લૉઝ થયો હતો તે આજે એકઝાટકે ૧૦૦૦થી વધુ પોઈન્ટની તેજી પર ખુલ્યો હતો.

## જયશંકરનો યુરોપને જડબાતોડ જવાબ

નવીદીલ્હી : ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ફરી એકવાર વૈશ્વિક મંચ પરથી અમેરિકા અને યુરોપના બેવડા વલણને ખુલ્લું પાડ્યું છે. ફિનલેન્ડમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન તેમણે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના મુદ્દે પશ્ચિમી દેશોને જવાબ આપ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં અમેરિકાને સંભળાવી દીધું કે, તે ભારત સામે નૈતિકતાનો દેખાવ કરવાનું બંધ કરે, કારણ કે અમેરિકાનો આ ઓઈલ પાછળનો આખો ખેલ ભારત બહુ સારી રીતે સમજે છે. ભારતે હંમેશાં કોઈ પણ વૈચારિક કે રાજકીય દબાણમાં આવ્યા વગર માત્ર પોતાના દેશના હિતોને જ પ્રાથમિકતા આપી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક મોટો ખુલાસો કરતા યાદ અપાવ્યું કે, આજે જે રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બાબતે ભારત પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

# રાજકોટમાં વક્તા પ્રશિક્ષણ કાર્યશાળા યોજાઈ

## પ્રદેશ મહામંત્રી તેમજ અભિયાનના પ્રદેશ પ્રભારી અનિરૂદ્ધભાઈ દવે ઉપસ્થિત રહ્યા



ગાંધીનગર: રાજકોટ ખાતે આજે ભારતીય જનતા પાર્ટીના 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન - ૨૦૨૬ 'અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોન-૧ની વક્તા પ્રશિક્ષણ કાર્યશાળા અને ઝોન બેઠક યોજાઈ હતી. રાજ્યના તમામ ૫૮૦ મંડલોમાં આગામી સમયમાં યોજાનારા પ્રશિક્ષણ વર્ગોને

અનુસંધાન પાના નં.૪ પર

## મોંઘવારી વચ્ચે રાહતના સમાચાર

નવી દિલ્હી : વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ ના ભાવમાં સતત વધઘટ જોવા મળી રહી છે, જેની સીધી અસર સામાન્ય માણસના બજેટ પર પડે છે. આવી સ્થિતિમાં, સવાર થતાં જ દરેક વાહનચાલક એ જાણવા ઉત્સુક હોય છે કે આજે પેટ્રોલ અને ડીઝલ મોંઘું થયું છે કે સસ્તું? ભારતીય તેલ કંપનીઓએ આજે ઇંધણના દરો જાહેર કરીને સામાન્ય જનતાને મોટી રાહત આપી છે.દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ જેવી કે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ દ્વારા પેટ્રોલ અને ડીઝલના દૈનિક ભાવો જાહેર કરવામાં આવ્યા છે.

## સુરતનો 'ભુતિયા ડિમોલિશન' વિવાદ ગાંધીનગર દરબારમાં: શહેરી વિકાસ વિભાગે મનપા કમિશનર પાસે તાકીદે ખુલાસો માંગ્યો

(એજન્સી દ્વારા)

ગાંધીનગર : સુરત મહાનગરપાલિકા માં તાજેતરમાં સામે આવેલા કથિત 'ભુતિયા ડિમોલિશન' (ગેરકાયદે કે બોગસ ડિમોલિશન)ના ગંભીર વિવાદના પડઘા હવે છેક ગાંધીનગર સચિવાલય સુધી પડ્યા છે. સુરત મનપાના વહીવટી તંત્રમાં ચાલી રહેલી કથિત ગેરરીતિઓ અંગે રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવે આ મામલે સુરત મહાનગરપાલિકાના કમિશનર પાસે સત્તાવાર અને તાકીદનો જવાબ તલબ કર્યો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરતમાં કાગળ પર દર્શાવાયેલા અને કોઈ ચોક્કસ હિતો સાધવા માટે કરાયેલા ભુતિયા ડિમોલિશનના મીડિયા રિપોર્ટ્સ અને ફરિયાદો બાદ ગાંધીનગર ઉચ્ચ સ્તરે ભારે નારાજગી વ્યાપી ગઈ છે. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવે સુરત કમિશનરને સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું છે કે, "સુરતમાં આ બધું શું ચાલી રહ્યું છે? આ પ્રકારની ગરબડ પાછળ કોણ જવાબદાર છે?" સરકારે આ સમગ્ર પ્રકરણમાં મનપાના કયા અધિકારીઓ કે પદાધિકારીઓની સંડોવણી છે તેની વિગતવાર સ્પષ્ટતા માંગી છે.સુરત જેવા મેગા સિટીમાં ડિમોલિશનની કામગીરીમાં આટલી મોટી બેદરકારી કે ગરબડ સામે આવતા આખી સિસ્ટમ સામે સવાલો ઉભા થયા છે. કાગળ પર બાંધકામો તોડી પાડવાનું નાટક કરીને કરોડો રૂપિયાના કૌભાંડ અથવા તો ચોક્કસ બિલ્ડરો-ભૂમાફિયાઓને ફાયદો કરાવવાની આશંકા સેવાઈ રહી છે.

## ગુજરાતમાં ફરી કોરોનાની એન્ટ્રી

અમદાવાદ : ગુજરાતમાં ફરી કોરોનાની એન્ટ્રી થઈ છે. ચાર ધામની યાત્રાથી આવેલા મહિલાનો કોરોના પોઝિટિવ આવતાં ફફડાટ ફેલાયો છે. મળતી વિગત પ્રમાણે, ગાંધીનગરના સરગાસણમાં રહેતી ૫૧ વર્ષીય મહિલા ચાર ધામની યાત્રાએથી પરત આવ્યા બાદ બીમાર પડ્યા હતા.

## બંગાળ બાદ તેલંગાણામાં ૮૯ લાખ મતદારો પર સંકટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ બંગાળ બાદ હવે તેલંગાણામાં પણ મતદાર યાદીને લઈને મોટો વિવાદ સામે આવ્યો છે. ચૂંટણી પંચની પ્રાથમિક તપાસમાં રાજ્યની મતદાર યાદીમાં આશરે ૮૯ લાખ શંકાસ્પદ અથવા ગડબડયુક્ત એન્ટ્રીઓ મળી આવી છે. હવે આ મામલે વિશેષ તપાસ હાથ ધરવામાં આવશે, જેના પરિણામે રાજ્યના રાજકીય સમીકરણોમાં મોટા ફેરફારની શક્યતા છે.ચૂંટણી પંચે વર્ષ ૨૦૦૨ની મતદાર યાદીની હાલની યાદી સાથે સરખામણી કરી હતી. આ પ્રક્રિયા દરમિયાન મતદારોના ડેટામાં ૧૧ પ્રકારની ગડબડીઓ મળી આવી. તેલંગાણાના મુખ્ય ચૂંટણી અધિકારી સી. સુદર્શન રેડ્ડીએ આ વિગતો જાહેર કરી હતી.





# મીઠીરોહરમાં ખનીજચોરો પર મામલતદારની તવાઈ: ૬૫ લાખનો મુદ્દામાલ જપ્ત : હવે ખાણ-ખનીજ વિભાગ લાલઆંખ કરશે ખરી?

**યુવા મામલતદારશ્રી સીંધીની ટીમે સરપ્રાઈઝ રાઉન્ડ મારતા ૧ હિટાચી, ડમ્પર સહિત લાખોનો મુદામાલ પકડાયો : કાર્યવાહી કરી ખનીજ વિભાગને આગળની કાર્યવાહી માટે મુદામાલની કરાઈ સોંપણી**

અમારી ટીમ રૂટીન સર્વે ચકાસણી-રાઉન્ડમાં હતી તે વખતે મીઠીરોહર પાસે એક હીટાચી-ડમ્પર પાસ-પરવાના વીના ખનન કરતા ઝડપાયા હતા, આગળની કાર્યવાહી હેતુસર ખાણખનિજ વિભાગને સોપી દેવાયું છે : **શ્રી જાવેદ સીંધી (મામલતદાર, ગાંધીધામ)** : એક મશીન, એ ડમ્પર પકડીને સોપ્યું છે, સિઝ કરી દીધુ છે, નોટીસ ફટકારી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવી રહી છે : **શ્રી પંડયા (સિનિયર ભુસ્તરશાસ્ત્રી, પૂર્વ કચ્છ ખાણખનીજ વિભાગ)**

## કચ્છઉદયના અહેવાલને તત્કાળ સમર્થન


જશા પર કયા ઝભ્ભાલેંગાવાળાના ૪ હાથ?
મીઠીરોહર પટ્ટામાં રેતીચોર- માફીયા જસાનો આતંક
ખનીજ-પોલીસ અંધારામાં કે પછી આંખમિંચામણા?
પોલીસ અને તંત્ર મારા ખિસ્સામાં હોવાના દાવાની વચ્ચે બે રોજ પહેલા રાત્રે જાગૃત નાગરિકોની ...થી વધુ ફોલ્ડરીયાઓએ દ્વારા ફિલ્મી ઢબે પીછો કરાયો! : મુદ્દામાલની હેરાફેરીમાં પણ ખનીજ ચોરોની ગાડીઓ વપરાતી હોવાનો સળગતો આક્ષેપ
...નીજ ચોરી પર ટીમ ત્રાટકે છે પણ 'તગડી રકમના તોડ' બાદ માફિયાઓ ફરી મેદાને: જશાના રેતીના ...ચોરીના અડ્ડા જાગૃત નાગરિકો જાય તો જશાની ...ગેંગ હુમલાના ઈરાદે પાછળ પડે છે!
ખાટલે મોટી ખોટ: આરટીઓતંત્ર, પોલીસ વિભાગ, ખાણખનિજ વિભાગ, રેવેન્યુ વિભાગને આટઆટલી મોટી રેતીચોરીની ગંધ કેમ નથી આવતી? આ રેતીચોરી કરનાર જશાની ગેંગને એટલી મજબુત ન બનાવો કે, પ્રશાસન, અધિકારીઓની કચેરીઓમાં જઈને જશો હુમલો કરતો પણ થઇ જાય..? જે રીતે જશો ફાટીની ફુલેકે ગયો છે તે જોતા હવે આ દીવસો જોના પણ બહુ દુર નથી રહ્યા..!

મીઠીરોહરમાં રેચીચોર માફીયાનો આતંક, પોલીસ-ખનીજ અંધારામાં કે આંખમિચામણા? તે મથાડા સાથે આ જ પ્લેટફોર્મ પરથી આંખ ઉઘાડનારો અહેવાલ રજુ થયો હતો જેની સાથે જ ગાંધીધામ મામલતદારની ટીમે અહી સફળ દરોડો પાડતા આ અહેવાલને તત્કાળ સમર્થન મળ્યુ છે.

## સવાલોનો મારો...છે તંત્ર પાસે જવાબ?

● મીઠીરોહર વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર ખનન અંગે ખાણ-ખનીજ વિભાગ અજાણ હતું કે પછી આંખ આડા કાન કરાઈ રહ્યા હતા? ● મામલતદારની ઓચિંતી તપાસમાં હીટાચી અને ડમ્પર ઝડપાઈ શકે તો જવાબદાર વિભાગોની નિયમિત ચકાસણીમાં આ પ્રવૃત્તિ કેમ પકડાઈ નહીં? ● રોયલ્ટી પાસ અને પરવાનગી વગર ખનન થઈ રહ્યું હતું તો સરકારને કેટલા સમયથી આવકનું નુકસાન થઈ રહ્યું હતું? ● ઝડપાયેલ હીટાચી મશીન અને ડમ્પરના વાસ્તવિક માલિકો કોણ છે? ● ગેરકાયદેસર ખનન પાછળ કોઈ પ્રભાવશાળી ઝભ્ભા-લેંઘાધારી અથવા રાજકીય આશ્રય ધરાવતા તત્વોનો હાથ છે? ● મીઠીરોહરમાંથી ખોદવામાં આવતો ખનિજ અને રેતીનો જથ્થો ક્યાં પહોંચાડવામાં આવતો હતો? ● ખનનથી લઈને પરિવહન સુધીના સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ-કોણ સંકળાયેલા છે? ● અગાઉ પણ આ વિસ્તારમાં ગેરકાયદેસર ખનનના કેસ ઝડપાયા હોવા છતાં મુખ્ય સૂત્રધારો સામે કડક કાર્યવાહી કેમ થઈ નથી? ● પૂર્વ કચ્છ ખાણ-ખનીજ વિભાગ, પોલીસ, આરટીઓ અને રેવન્યુ વિભાગ વચ્ચે સંકલનનો અભાવ છે કે પછી કોઈની મિલીભગત?● માત્ર વાહનો જપ્ત કરીને કાર્યવાહી પૂર્ણ થશે કે પછી જવાબદાર માલિકો અને સૂત્રધારો સામે ફોજદારી ગુના પણ નોંધાશે? ● સરકારની તિજોરીને થયેલા આર્થિક નુકસાનની જવાબદારી કોની નક્કી કરવામાં આવશે? ● મીઠીરોહરના ગેરકાયદેસર ખનન કૌભાંડની તપાસ ઉચ્ચ સ્તરની એજન્સીને સોંપવામાં આવશે કે નહીં?

**ખાટલે મોટી ખોટ : મામલતદારની કાર્યવાહીથી કૌભાંડ બહાર આવ્યું, હવે જોવાનું એ છે કે તંત્ર મૂળ સૂત્રધારો સુધી પહોંચે છે કે ફરી માત્ર વાહનો જ જપ્ત કરીને ફાઈલ બંધ થઈ જાય છે. : વાહનોના માલીક કોણ છે? કેટલા સમયથી ખનીજ-રેતી ચોરી આચરાતી હતી? કોના ઈશારે રેતીચોરી થતી હતી? ચોરાઉ ખનીજ રેતી કયાં ઠલવાી હતી? આ બધાય જ મુળીયા ઉકેલાય તો જ આખાય નેટવર્કમાંથી ઉચકાય પડદો**

ગાંધીધામ : તાલુકાના મીઠીરોહર ગામ વિસ્તારમાં ગેરકાયદેસર ખનન સામે ગાંધીધામ મામલતદાર જાવેદ સિંધી અને તેમની ટીમે નોંધપાત્ર કાર્યવાહી કરી એક હીટાચી મશીન અને ડમ્પર સાથે અંદાજે રૂ. ૬૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ખનિજ માફિયાઓમાં ખળભળાટ મચાવી દીધો છે. રોયલ્ટી પાસ કે કોઈપણ પ્રકારની મંજૂરી વિના માટી અને ખનિજનું ખનન કરવામાં આવી રહ્યું હોવાનું સામે આવતા બંને વાહનો કબજે કરી આગળની કાર્યવાહી માટે ભુસ્તરશાસ્ત્રી, અંજાર (પૂર્વ કચ્છ)ની ટીમને સુપ્રત કરવામાં આવ્યા છે. મીઠીરોહર પટ્ટામાં લાંબા સમયથી ગેરકાયદેસર રેતી અને ખનિજ ચોરીનો કારોબાર ખુલ્લેઆમ ચાલી રહ્યો હોવાની ચર્ચાઓ વચ્ચે મામલતદારની ટીમે ઓચિંતા તપાસ દરમિયાન આ કાર્યવાહી કરી છે. સવાલ એ ઊભો થાય છે કે જ્યારે રેવન્યુ વિભાગની એક ટીમ અચાનક પહોંચી અને ગેરકાયદેસર ખનન ઝડપીને કાર્યવાહી કરી શકે છે, ત્યારે ખાણ-ખનીજ વિભાગ, પોલીસ અને અન્ય જવાબદાર એજન્સીઓ આ પ્રકારની પ્રવૃત્તિઓ સામે અસરકારક કાર્યવાહી કરવામાં કેમ નિષ્ફળ રહી છે?સ્થાનિક સ્તરે એવી ચર્ચાઓ પણ ચાલી રહી છે કે મીઠીરોહર વિસ્તારમાં કેટલાક પ્રભાવશાળી તત્વોના આશીર્વાદથી લાંબા સમયથી રેતી અને ખનિજ ચોરીનો ધંધો ધમધમી રહ્યો છે. અગાઉ પણ આ વિસ્તારમાં ગેરકાયદેસર ખનનના કિસ્સાઓ સામે આવ્યા હોવા છતાં મૂળ સૂત્રધારો સુધી તપાસ પહોંચી નથી. પરિણામે સરકારની તિજોરીને લાખો રૂપિયાની રોયલ્ટી અને આવકનો ફટકો પડતો રહ્યો છે.હવે જરૂરી છે કે માત્ર મશીન અને વાહનો જપ્ત કરવાની કાર્યવાહી પૂરતી ન રહે, પરંતુ જે હીટાચી મશીન અને ડમ્પર ઝડપાયા છે તેના વાસ્તવિક માલિકો કોણ છે, કોના કહેવાથી ખનન થઈ રહ્યું હતું, કેટલા સમયથી આ પ્રવૃત્તિ ચાલી રહી હતી અને ખનિજનો જથ્થો ક્યાં પહોંચાડવામાં આવતો હતો તેની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે. જો આ ગેરકાયદેસર ખનન પાછળ કોઈ સંગઠિત નેટવર્ક કાર્યરત હોય તો તેના તમામ જવાબદારો સામે ફોજદારી ફરિયાદ નોંધાવવી સમયની માંગ છે.મામલતદાર જાવેદ સિંધીની ટીમે સરકારના હિતમાં કડક કાર્યવાહી કરીને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે. હવે નજર પૂર્વ કચ્છ ખાણ-ખનીજ વિભાગ, પોલીસ, આરટીઓ અને રેવન્યુ તંત્ર પર છે કે તેઓ સંકલિત અભિયાન ચલાવી મીઠીરોહર સહિત સમગ્ર વિસ્તારમાં ધમધમતા ખનિજ અને રેતી ચોરીના કૌભાંડો પર કાયમી લગામ લગાવવાની હિંમત દાખવે છે કે નહીં. ?

## ભુજની છતરડીમાં લાગેલી આગ બૂઝાવાઈ



ભુજ શહેરના છતરડીના અંદરના ભાગમાં સુકા ઘાસમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હોવાનો ભુજ ફાયર સ્ટેશન કંટ્રોલરૂમમાં ફોન આવતા ફાયર બ્રિગેડ ટીમે ઘટના સ્થળે દોડી જઈને આગ પર કાબૂ મેળવ્યો હતો. જેમાં ભુજ ફાયર ટીમના રવિરાજ ગઢવી, ઋષિ ગોર, સંજય સોઢા, શિવરાજસિંહ રાણા જોડાયા હતા.

# સરહદની રક્ષા કાજે દેશની સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણપણે કટિબદ્ધ


બાલાસર


વ્રજવાણી




જુણા

**વિવિધ વિસ્તારોમાં સ્થાનિકોએ રોડ, રસ્તા, શિક્ષણ, આરોગ્ય સહિતના પ્રશ્નો પોલીસ અધિકારીઓ સમક્ષ રજૂ કર્યા**


ભીટારા

ભુજ - કચ્છઉદય : રાજય સરકારના 'બોર્ડર વિલેજ વિઝીટ' અંતર્ગત ગાંધીનગરથી આવેલા વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ બે દિવસ માટે કચ્છ સરહદના લખપતથી રાપર સુધીના વિવિધ ગામોની મુલાકાત લીધી છે. પૂર્વ અને પશ્ચિમ કચ્છના ઉધમો, પટાગરા, દિનારા, ભીટારા, જુણા, દેઢિયા, પુનરાજપર, ગુનાઉ, શિરાનીવાંઢ અને જાટાવાડા જેવા સરહદી ગામોમાં પહોંચેલા અધિકારીઓએ સ્થાનિક પ્રજા સાથે સીધો સંવાદ સાધ્યો હતો. મુલાકાત દરમિયાન વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરહદે વસતા લોકો દેશના અંતિમ નહીં પરંતુ પ્રથમ ગામના નાગરિકો અને સાચા સંત્રીઓ છે. તેમની સુરક્ષા માટે પોલીસ સહિત તમામ સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણપણે કટિબદ્ધ છે. વર્ષોથી સ્થાનિકો દ્વારા સુરક્ષા દળોને અપાતી સહાયની પ્રશંસા કરીને ભવિષ્યમાં પણ તંત્રને આવો જ સહકાર આપવા અપીલ કરાઈ હતી. આ અભિયાન હેઠળ ગ્રામજનો સાથે બેઠકો, સુરક્ષા એજન્સીઓ સાથે સમીક્ષા અને પોલીસ જવાનો સાથે સંવાદ યોજાયો હતો. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધુ દ્રઢ કરવા અધિકારીઓએ સ્થાનિક પરિવારોના ઘરે રાત્રિ રોકાણ પણ કર્યું હતું. ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ નાનાં અને દૂરના સરહદી વિસ્તારોમાં રૂબરૂ પહોંચતા સ્થાનિકોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ડીઆઈજીપી સુધા પાંડેએ ભીટારા ગામે મહિલાઓ સાથે બેઠક યોજીને તેમના પ્રશ્નો સમજ્યા હતા. આ પ્રસંગે એચ. આર. રાઠોડ, હાજીપીરના પીઆઇ વિ. ડી. ગોહિલ, બીએસએફ ૯૦ બટાલિયનના શ્રી પ્રસાદ તેમજ ગામના અગ્રણીઓ ખુશી મામદ હાજી આરબ, રમજાન ફકીર મામદ, અલાજુડીયા લોન્ગ, અમીન હાજી આચાર, અમીન ઈસ્માઈલ તલાટી અને હારુનભાઇ જત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. બીજી તરફ, ડીઆઈજીપી કે. એન. ડામોર દ્વારા જુણા અને દેઢીયા ગામની મુલાકાત લઈને ત્યાં રાત્રિ રોકાણ કરાયું હતું. પશ્ચિમ કચ્છ પોલીસ અધીક્ષક વિકાસ સુંડા પણ જોડાયા હતા. પોલીસ અકાદમી કરાઈના ડીઆઈજી ડો. લીના પાટીલે ધોરડો સરહદ નજીકના ઉધમો અને પટાગરા ગામોની મુલાકાત લીધી હતી. જ્યારે અમદાવાદ સ્પેશિયલ બ્રાન્ચના એડિશનલ સી.પી. આર.ટી. સુસરાએ દયાપર ક્ષેત્રના લખપત તાલુકાના પુનરાજપર અને ગુનાઉ ગામોમાં જઈ સ્થાનિકો સાથે સંવાદ કર્યો હતો. એડીજીપી અજયકુમાર ચૌધરીએ જાટાવાડા ગામના રામદેવપીર મંદિરના પ્રાંગણમાં યોજાયેલા લોક સંવાદ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ, મહિલાઓ, ગ્રામજનો અને શાળાના બાળકો હાજર રહ્યા હતા. પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ વડા સાગર બાગમાર, ભચાઉના નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા, તાલુકા મામલતદાર એચ.બી.વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા, બાલાસરના પીએસઆઈ ડી.આર.ગઢવી, જાટાવાડાના સરપંચ હરેશ પટેલ, દશરથસિંહ વાઘેલા અને વણવીર સોલંકી સહિતના અધિકારીઓ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લોક સંવાદ દરમિયાન સ્થાનિકોએ ગામની પરિસ્થિતિ રજૂ કરી પીવાના પાણી, રસ્તા, શિક્ષણ, આરોગ્ય અને અપૂરતા શિક્ષકો સહિતની સમસ્યાઓ અંગે રજૂઆત કરી હતી.

## કોંગી અગ્રણી દ્વારા શિફા હોસ્પિટલને ૧૪ ઓક્સિજન સિલીન્ડરનું અપાયું દાન





ભુજ-કચ્છઉદય : સામાજિક સેવા અને આરોગ્ય ક્ષેત્રે સહભાગિતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ વી. કે. હુંબલ દ્વારા કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલને રૂા. ૨.૮૦ લાખના ૧૪ ઓક્સિજન સિલિન્ડરનું દાન આપવામાં આવ્યું છે. હોસ્પિટલની આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવા માટે કરવામાં આવેલી આ સહાયને ટ્રસ્ટ દ્વારા આવકારવામાં આવી હતી. મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ સંચાલિત કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન વી. કે. હુંબલે રૂા. ૨૦ હજારની કિંમતના ૧૪ ઓક્સિજન સિલિન્ડર, કુલ રૂા. ૨, ૮૦, ૦૦૦ના સાધનો હોસ્પિટલને અર્પણ કર્યા હતા. આ પ્રસંગે નિવૃત્ત સનદી અધિકારી સંજય અમરાણી (આઈએએસ), ભુજ લોહાણા સમાજના આગેવાન અલ્પેશ ચંદે તેમજ મુસ્લિમ અગ્રણી રઝાક ચાકી ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ હાજી આદમ ચાકી, ટ્રસ્ટી હાજી ઈશાક હિંગોરા તથા માનદ મેનેજર હાજી ઈબ્રાહીમ જતે દાન સ્વીકાર્યું હતુ અને પ્રોજેક્ટની વિગતો તથા ભાવિ આયોજનો રજૂ કર્યા હતા.

## અખિલ કચ્છ ગર્ગવંશી ગરવા ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા જીગર છેડાનું કરાયું સન્માન



અખિલ કચ્છ ગર્ગવંશી ગરવા - ગુરૂ બ્રાહ્મણ સમાજ (પશ્ચિમ વિભાગ) ના નેજા હેઠળ મહિલા મંડળ દ્વારા આયોજિત "૧૯માં સમુહ લગ્નોત્સવ - ૨૦૨૬" પ્રસંગે અનશનવ્રતધારી જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશી છેડા હસ્તે હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર દ્વારા આપવામાં આવેલ સહયોગ બદલ પરિવારના પુત્ર અને ક.વી.ઓ.જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ કચ્છ ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાનું પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરતા સમાજના પ્રમુખ મણીલાલભાઈનામોરી, ઉપપ્રમુખ તુલસીભાઈ ગરવા, મહામંત્રી કિશોરભાઈ શેખા,પૂર્વ મહામંત્રી અશોકભાઈ ગરવા હાજર રહ્યા હતા.



# ગાંધીધામ મનપાના એન્જિનિયરો અને ઠેકેદારોની 'સિન્ડિકેટ'નો આતંકઃ ભારતનગર ગટરોના પાણીથી તરબતર : ચોમાસા પૂર્વે જ શહેર ડૂબવાની ભીતિ

**ગાંધીધામ શહેર સમાંતર જ વિસ્તાર ભારતનગરમાં ગટર-પાણી-રોડના આડેધડ અમુક કોન્ટ્રાકટર-બની બેઠલા એન્જીયરની મીલીભગતથી કામો થતા ભારતનગરવાસીઓ સમસ્યાઓના હવાલો : હાલમાં ગટર-પાણી વહી નીકળ્યા : ઠેકેદારે ગટરની ચેમ્બર પર જેસીબી રાખી દેતા આખેઆખી ચેમ્બર જ બેસી ગઈ અને પાણી-ગટર રોડ પર વહી નીકળ્યાની સર્જાઈ સ્થિતી : છતા મનપાના તંત્રના કોઈના પેટનું પાણી જ હાલતું ન હોવાની સ્થિતી**






## ચુંટાયેલા જનપ્રતિનિધીઓ કેમ હેરાન-પરેશાન થાય તેવા જ તિકડમ-ડીડકો અમુક બની બેઠેલ એન્જીનીયર અને ઠેકેદારો દ્વારા થતા રહે છે, તેનો આ વધુ એક દાખલો આવ્યો સામે.!

### ગૌમાતા ચોક પાસે 'ખીચડી રંધાયા પછીનું ડાપણ': નવો આરસીસી રોડ ખોદી નાખ્યો!

ગાંધીધામ : કોન્ટ્રાક્ટરોની મનમાનીનો આવો જ એક કિસ્સો ગૌમાતા ચોક પાસે પણ જોવા મળ્યો હતો. અહીં કોન્ટ્રાક્ટરે નવોનકોર બનેલો આખેઆખો આરસીસી રસ્તો ખોદી નાખ્યો હતો. નવાઈની વાત એ છે કે, જે કામ માટે રસ્તો ખોદવામાં આવ્યો હતો તે લાઈનો જ ત્યાં હાજર નહોતી! આમ, લાઈન શોધવાના ચક્કરમાં નવેનવા રોડનું નખોદ વાળી નાખવામાં આવ્યું હતું. મોડે મોડે પહોંચેલા એન્જિનિયરે કોન્ટ્રાક્ટરને ખખડાવ્યો ખરો, પણ ત્યાં સુધીમાં તો 'ખીચડી રંધાયા પછીના ડાપણ' જેવી સ્થિતિ સર્જાઈ ચૂકી હતી અને આખો રસ્તો બિસ્માર બની ગયો હતો.

### જેસીબી ચડાવી દેતા આખેઆખી ચેમ્બર બેસી ગઈ, લાખોનું નુકસાન

ગાંધીધામઃ આજરોજ ભારતનગરમાં ગટરની ચેમ્બર પર કામ કરી રહેલા ઠેકેદારના માણસોએ ઘોર બેદરકારી દાખવી આખી ચેમ્બર પર જેસીબી મૂકી દીધું હતું. પરિણામે આખેઆખી ચેમ્બર જમીનમાં બેસી ગઈ હતી, જેનાથી મહાનગરપાલિકાને મોટું આર્થિક નુકસાન થયું છે. આ અકસ્માતને કારણે ગટર અને પાણી રસ્તાઓ પર મોટા પ્રમાણમાં વહી નીકળતા રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ઠેકેદારો અને એન્જિનિયરો કોઈપણ કામ ચોકસાઈપૂર્વક કે તકેદારીથી કરતા ન હોવાથી રોજેરોજ આવા મોટા ભોપાળા સામે આવી રહ્યા છે.

ગાંધીધામઃ ગાંધીધામ મહાનગરપાલિકાના ભ્રષ્ટ ઠેકેદારો અને મનઘડંત કામ કરતા અમુક એન્જિનિયરોની મિલીભગત (સિન્ડિકેટ)ના કારણે સમગ્ર ભારતનગર વિસ્તાર પાણી-પાણી થઈ ગયો છે. ગટર અને પાણીની લાઈનોના આડેધડ કરાયેલા નબળા કામોને લીધે ગટરની ચેમ્બરો બેસી ગઈ છે અને ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળતા સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હજુ તો ચોમાસુ માત્ર ટકોરા મારી રહ્યું છે, ત્યાં જ જો આવી સ્થિતિ હોય, તો જ્યારે ચોમાસુ પૂરજોશમાં ત્રાટકશે ત્યારે આ સિન્ડિકેટ આખા શહેરને ડુબાડશે અને મહાનગરપાલિકાની હાલત અત્યંત બદતર થઈ જશે તેવી ગંભીર આશંકા સેવાઈ રહી છે. ગાંધીધામ શહેર જેટલો જ વિશાળ વિસ્તાર અને વસ્તીધરાવતા ભારતનગરમાં ઠેકેદારો અને એન્જીનીયરની સિન્ડીકેટ દ્વારા આચરાયેલા લોટ પાણીને લાકડાના ગુનાહિત બેદરકારી સમાન કૃત્ય હાલમાં જ દ્રશ્યો સામે આવવા પામ્યા છે. કોન્ટ્રાકટરે ગટરની ચેમ્બર પર જેસીબી ચડાવી દેતા આખી ચેમ્બર જ બેસી ગઈ અને ગટરના પાણી આજુબાજુ ફેલાઈ જવા પામ્યા હોવાની ઘટના બની છે. મનપાના વહીવટીતંત્રમાંથી કોઈના પણ પેટનું પાણી હાલતું જ ન હોય તેવી સ્થીતી બની જવાયેલી જોવાઈ રહી છે અને ભારતનગરના રહેવાસીઓ અમુક ઠેકેદાર અને બની બેઠલા એન્જીનીયરની લાપરવાહી થકી સમસ્યાઓ ભોગવી રહ્યા છે.

### ધારાસભ્યની લાલઆંખ છતાં તંત્ર કેમ મૌન? કમિશનર ફિલ્ડમાં ઉતરે

**ડે.કમિશ્નર સંજય રામાનુજને પણ ચોમાસા પહેલા શહેરની વિવિધ સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે રસ્તાઓ પર ઉતારો : વહીવટના નામે કચેરીમાં બેસી રહેવાશે તો ચોમાસામાં શહેરની સ્થિતી ખુબજ કફોડી થશે : અમુક એન્જીનીયર-ઠેકેદારોની સામે પણ ધાક બેસાડતો દાખલો પુરવાર કરવામાં કોની લાજનો તણાઈ રહ્યો છે ઘૂમટો?**



ગાંધીધામ : તાજેતરમાં જ સ્થાનિક ધારાસભ્યશ્રીએ મનપાના અધિકારીઓ સાથે બેઠક યોજીને આવા નબળા કામો બાબતે જવાબદારોના ઉધડા લીધા હતા અને કડક કાર્યવાહીની ચેતવણી (લાલ આંખ) આપી હતી. છતાં, હજુ સુધી મનપાનું વહીવટી તંત્ર આવા ભ્રષ્ટ ઠેકેદારો અને બની બેઠેલા એન્જિનિયરોને જાણે છાવરી રહ્યું હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે.સ્થાનિક જનતાની માંગ છે કે મહાનગરપાલિકાના નવ નિયુક્ત કમિશનર શ્રી અગાઉના કમિશનરની જેમ જ કચેરી છોડીને તાત્કાલિક 'ફિલ્ડ'માં નીકળે અને વાસ્તવિક સ્થિતિ જુએ. આ સાથે જ ડેપ્યુટી કમિશનર સંજય રામાનુજ પણ પોતે સ્થળ ઉપર ઉતરે અને આવા બેજવાબદાર કોન્ટ્રાક્ટરો સામે ધાક બેસે તેવી કડક કાયદાકીય કાર્યવાહી કરે, જેથી આ ભ્રષ્ટ સિન્ડિકેટને તોડી શકાય અને જનતાને હાલાકીમાંથી મુક્તિ મળે.

#### સરકારે ભવિષ્યમાં ઈંધણની કિંમતોમાં વધારા અંગે સ્પષ્ટતા કરવાનું ટાળ્યું

## દેશમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસનો બે મહિનાનો સ્ટોક, ચિંતા ન કરશોઃ સરકાર

**દેશમાં ઇથેનોલનું વધુ પ્રમાણ ધરાવતા પેટ્રોલના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સરકારે ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતાં પેટ્રોલ પરની કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી નાબૂદ કરી છે**

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં સંકટના પગલે દેશમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસની ઉપલબ્ધિ બાબતે અનેક નાગરિકો ચિંતિત છે, પરંતુ દેશમાં ઈંધણનું કોઈ સંકટ નથી. સરકારે નાગરિકોને રાહતના સમાચાર આપતાં વિશ્વાસ અપાવ્યો છે કે, દેશમાં ક્રૂડ ઓઈલ, એલપીજી અને એલએનજીનો પૂરતો સ્ટોક છે. દેશમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસનો બે મહિનાનો સ્ટોક ઉપલબ્ધ છે અને નાગરિકોએ ચિંતા કરવાની જરૂર નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ગુરુવારે વપરાશકારો અને ઉદ્યોગોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, ઈંધણના પુરવઠામાં કોઈ સમસ્યા નથી અને ગભરાટમાં આવીને જરૂરિયાત કરતાં વધારે ખરીદી કરવાની આવશ્યકતા નથી. વિભાગના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું હતું કે, અગ્રણી પેટ્રોલિયમ પેદાશોનો પુરવઠો સંપૂર્ણ સ્થિર છે. ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડિઝલ, એલપીજી અને કુદરતી ગેસનો સપ્લાય સ્થિર છે અને દેશની રીફાઈનરીઓ પોતાની ઉચ્ચતમ ક્ષમતા પર કામ કરી રહી છે. ઈંધણની અછત બાબતે સતત પૂછાઈ રહેલા સવાલોનો જવાબ આપતાં શર્માએ કહ્યું હતું કે, દેશમાં પૂરતો સ્ટોક હોવાનો વિશ્વાસ છેલ્લા ત્રણ મહિનાથી સરકાર અપાવી રહી છે. દેશમાં રોલિંગ સ્ટોક ઉપલબ્ધ છે અને લગભગ બે મહિનાની ઈંધણ જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત છે. કેટલાક રીટેલ આઉટલેટ્સ પર વેચાણ વધ્યું છે, પરંતુ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દેશભરમાં અડચણરહિત સપ્લાય સુનિશ્ચિત કરે છે. ઈરાન-યુએસ વચ્ચે યુદ્ધનું સંકટ વધારે વિકટ બન્યું છે ત્યારે આગામી સમયમાં ઈંધણની કિંમતોમાં વધારા અંગે સવાલ પૂછાતાં તેઓ સ્પષ્ટ ખુલાસો કરી શક્યા ન હતા. તેમણે કહ્યું હતું કે, ભવિષ્યમાં કિંમતો અંગે હાલ કહી શકાય તેમ નથી. પેટ્રોલ-ડિઝલ, એલપીજી, કુદરતી ગેસનો પુરવઠો જાળવી રાખવા અને વપરાશકારોને હાલાકીમાંથી ઉગારવા સરકાર સંપૂર્ણ પ્રયાસ કરી રહી છે.દેશમાં ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતા પેટ્રોલના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સરકારે ઈથેનોલનું વધુ પ્રમાણ ધરાવતાં પેટ્રોલ પરની કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી નાબૂદ કરી છે. ફ્યુઅલ બ્લેન્ડિંગની પ્રક્રિયા પર લાગતાં બેવડાં ટેક્સને અટકાવવા સરકારે આ નિર્ણય લીધો છે.

## નેપાળને અક્કલ આવી : ભારત સાથેના સીમા વિવાદ અંગે સૂર બદલ્યો

(એજન્સી દ્વારા)

કાઠમંડુ : ભારત સાથેના સીમા વિવાદ અંગે બેફામ વિધાનો કર્યા પછી હવે નેપાળને અક્કલ આવી છે. ગયા મહિને, નેપાળના વડા પ્રધાન બાલેન શાહે કહ્યું હતું કે ભારત સાથેના સીમા વિવાદના ઉકેલ માટે તેઓ ચીન અને બ્રિટન પાસે જશે. ત્યારે ભારતે સ્પષ્ટતઃ જણાવી દીધું હતું કે ભારત એ વિવાદમાં કોઈ પણ ત્રીજા દેશનો હસ્તક્ષેપ ચલાવી નહીં લે. હવે નેપાળ પણ તે અંગે સહમત થયું છે. તેણે કહ્યું છે કે આ સીમા વિવાદ એક દ્વિપક્ષીય મામલો જ છે. તેમાં ત્રીજા દેશની કોઈ ભૂમિકા નથી.

નેપાળની સંસદને સંબોધન કરતાં બાલેન સરકારના વિદેશ મંત્રી શિશિર ખનાલે બાલેનનાં વિધાનોથી ઉપજેલા વિવાદને શાંત કરતાં કહ્યું હતું કે, આ એક દ્વિપક્ષીય મુદ્દો જ છે. બંને દેશોએ ઐતિહાસિક સમજૂતીના આધારે તે ઉકેલવાનો છે.

શિશિર ખાનેલે આગળ કહ્યું કે વડાપ્રધાન બાલેન શાહનો હેતુ તેવો હતો જ નહીં કે કોઈ ત્રીજા દેશને તેમાં મધ્યસ્થી તરીકે રાખવો, તેમનું કહેવું તેમ હતું કે જો ચીન કે બ્રિટન પાસે પણ સુગૌલી-સંધિ અંગેના દસ્તાવેજો હોય તો તેનો આધાર લેવો.

આ વિધાનો શિશિર ખનાલે નેપાળની 'પંચાયત' (સંસદમાં) કર્યાં તે પહેલાં તેઓ ભારત આવ્યા હતા. ભારત સાથેનો સીમાવિવાદ ઉકેલવા મંત્રણા કરી હતી. તે સર્વવિદિત છે કે ભારત અને નેપાળ વચ્ચે લિપુલેખ, લિમ્પિયા ધુરા અને કાલામાની અંગે સીમા વિવાદ વર્ષોથી ચાલે છે. તે ક્ષેત્રો ઉપર ભારતનો કબજો છે જ. કારણ કે ભારત તે ક્ષેત્રો પોતાના છે તેમ કહે છે. બીજી તરફ નેપાળે ભારતની ભૂમિ પર કબજો જમાવ્યો છે તે દૂર કરવા ભારત તેને કહી રહ્યું છે.

#### 'મોદી ને મરવા દીયા...'

## કોંગ્રેસની હાઈલેવલ બેઠકમાં રાહુલ ગાંધીના કટાક્ષની દેશભરમાં ચર્ચા

**કોંગ્રેસ પક્ષ આગામી બે મહિના સુધી મોંઘવારી અને પેપર લીક જેવા મુદ્દાઓ પર દેશવ્યાપી ઝુંબેશ ચલાવશે**

નવી દિલ્હી : દેશમાં વધતી જતી મોંઘવારી, બેરોજગારી અને દ્વઈઈ્ તેમજ ઝમ્જીઈ સહિતની પરીક્ષાઓમાં પેપર લીકના ગંભીર મુદ્દાઓ પર કેન્દ્રની મોદી સરકારને ઘેરવા માટે દિલ્હીના ઈન્દિરા ભવન ખાતે કોંગ્રેસની એક હાઈલેવલ બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં પક્ષના તમામ મહાસચિવો, રાજ્ય પ્રભારીઓ અને પ્રદેશ પ્રમુખો હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની એક ટિપ્પણી ભારે ચર્ચાનો વિષય બની છે, જેમાં તેમણે દેશની પ્રવર્તમાન સ્થિતિ પર કટાક્ષ કરતા કહ્યું કે, 'મોદી ને મરવા દીયા'.સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ સામાન્ય બોલચાલની ભાષાના મુહાવરા 'મરવા દિયા' (મુશ્કેલીમાં મૂકી દીધા) નો ઉપયોગ કરીને દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે બેઠકમાં કહ્યું કે, "બેરોજગારીથી દેશનો યુવાન પરેશાન છે, પેપર લીકને કારણે વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બન્યું છે અને નબળી વિદેશ નીતિને કારણે મોંઘવારી આસમાને પહોંચી છે, જેનાથી સામાન્ય નાગરિક પીસાઈ રહ્યો છે. અમેરિકા સાથેની ટ્રેડ ડીલને લીધે ખેડૂતો ચિંતિત છે અને સંવિધાનની અવગણના કરીને લોકશાહીને નબળી પાડવામાં આવી રહી છે."ગ્રાઉન્ડ લેવલ પર જોડાણઃ બેઠક બાદ કોંગ્રેસના સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે પક્ષ આગામી બે મહિના સુધી મોંઘવારી અને પેપર લીક જેવા મુદ્દાઓ પર દેશવ્યાપી ઝુંબેશ ચલાવશે. આ આંદોલન માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં, પરંતુ રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તર સુધી લઈ જવામાં આવશે.

## પહેલા પાનાથી...

**અમેરિકા સાથે**

ઈરાન વચ્ચે મધ્યસ્થ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. જોકે હજુ સુધી કોઈ Final Settlement સુધી પહોંચવામાં સફળતા મળી નથી. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે Oval Officeમાંથી નિવેદન આપતાં કહ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધનો "શાનદાર અંત" લાવતું Settlement તૈયાર થઈ ગયું છે અને આગામી થોડા દિવસોમાં તેના દસ્તાવેજો Finalize થઈ જશે.ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ સપ્તાહના અંતે યુરોપમાં Signing Ceremony યોજાઈ શકે છે જેમાં અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ ત્ન.ઢ. ફઙ્કહજી હાજરી આપી શકે છે. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે આ કરાર પછી ઈરાન ક્યારેય Nuclear Weapon વિકસાવી શકશે નહીં.

**શું યુપીમાં**

આમ ભાજપે ચુંટણી તૈયારીનો પ્રથમ તબકકો શરુ કર્યો છે. તેઓએ જણાવ્યું કે ઉતરપ્રદેશમાં પક્ષના કાર્યકર્તાઓના અભિપ્રાય અને પક્ષ દ્વારા જે આંતરિક સર્વે કરાયો છે તેના આધારે ઉમેદવારનો નિર્ણય કરવામાં આવશે. આમ ઉતરપ્રદેશમાં ચુંટણીના ઢોલ વાગવાનું શરુ થઈ ગયું છે.

**ફ્રાન્સમાં મોદી-મેક્રોન**

ઈનોવેશન અને મહત્ત્વપૂર્ણ ટેકનોલોજીનાં ક્ષેત્રમાં પરસ્પરનાં સહકારને મજબૂત કરવા પર મુખ્યત્વે ચર્ચા થશે. ઉલ્લેખનીય છે કે મોદી શનિવારથી ફ્રાન્સ અને સ્લોવાકિયાનાં એક સપ્તાહનાં પ્રવાસે જશે. ફ્રાન્સમાં તે જી-૭ સમિટનાં આઉટરીચ સેશનમાં ભાગ લેશે અને મેક્રોની સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. વડાપ્રધાન જી-૭ સમિટ દરમિયાન વિશ્વનાં અનેક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. ભારત અને અમેરિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વચ્ચે બેઠકની સંભાવનાઓ પર વિચાર કરી રહ્યાં છે. જો કે આ અંગે હજુ સુધી સ્પષ્ટ માહિતી મળી નથી.

**અમદાવાદ વિમાન**

આરોગ્ય મંદિર અને શૈક્ષણિક મંદિર તરીકે નિર્માણ કરવાનો સંકલ્પ રાજ્ય સરકારે કર્યો છે. ન્યૂ મેન્ટલ કેમ્પસમાં વિમાન દુર્ઘટનાથી નુકસાન પામેલી ઈમારતોને દૂર કરી નીચે મુજબના નવા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે.જેમાં પેરાપ્લેજિયા અને સ્પાઈન હોસ્પિટલ, રિહેબિલિટેશન સેન્ટર, ફિઝિયોથેરાપી કોલેજ અને ૫૦૦ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ અંદાજિત રૂ. ૨૯૫ કરોડ ખર્ચે અંદાજે ૨૫,૦૦૦ ચો.મી. જમીનનો ઉપયોગ થશે. મેરિડ પી.જી. વિદ્યાર્થીઓ માટે ૫૧૦ યુનિટ ધરાવતા નવા હોસ્ટેલ બ્લોક્સ જી+૭ ઊંચાઈના અંદાજે ૮ બ્લોક્સનું નિર્માણ અંદાજિત રૂ ૧૯૨ કરોડના ખર્ચે તૈયાર કરાશે. ૮૦૦ વિદ્યાર્થીઓ માટે આધુનિક કેન્ટીન બિલ્ડિંગ જી+૧ માળનું રૂ ૧૦ કરોડના ખર્ચે નવું નિર્માણ કરાશે. નવીન ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરી NABL ધોરણ મુજબની જી+૭ માળની અદ્યતન લેબોરેટરી અંદાજિત ખર્ચ : રૂ. ૫૦ કરોડ. અંદાજે ૩,૧૦૦ ચો.મી. જમીનનો ઉપયોગ થશે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ન્યૂ મેન્ટલ કેમ્પસ રાજ્યના અગ્રણી આરોગ્ય, સંશોધન અને મેડિકલ શિક્ષણ કેન્દ્ર તરીકે નિર્માણ પામશે, જે વિદ્યાર્થીઓ, આરોગ્યકર્મીઓ તેમજ સામાન્ય નાગરિકોને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે.

**બ્રિટિશ હાઈ કમિશનરે**

હાઈ કમિશનરે ખાસ અમદાવાદ એરપોર્ટ નજીક સર્જાયેલા દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેઓ અત્યંત ભાવુક જણાતા હતા. તેમણે તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે મીડિયા સાથે વાતચીત કરતા બ્રિટિશ હાઈ કમિશનરે જણાવ્યું હતું કે, "એક વર્ષ પહેલાં સર્જાયેલી આ વિમાન દુર્ઘટના અત્યંત કમનસીબ અને હૃદયદ્રાવક હતી. આ હોનારતમાં બ્રિટિશ નાગરિકો સહિત અનેક પરિવારોએ પોતાના વહાલા સ્વજનો ગુમાવ્યા છે, જેનું દુઃખ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. અમે પીડિત પરિવારોની આ અસહ્ય વેદનામાં તેમની સાથે છીએ અને ભગવાન મૃતકોના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ."

**રાજકોટમાં વક્તા**

ધ્યાનમાં રાખીને આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળામાં પ્રશિક્ષણ મહાઅભિયાનના પશ્ચિમ-મધ્ય ઝોનના ઈન્ચાર્જ તથા પૂર્વ પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ અને પ્રદેશ મહામંત્રી તેમજ અભિયાનના પ્રદેશ પ્રભારી અનિરૂદ્ધભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અભિયાનની રૂપરેખા, સંગઠનાત્મક મજબૂતી અને કાર્યકર્તા વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું.વક્તા પ્રશિક્ષણ કાર્યશાળામાં પ્રદેશ સ્તરેથી નિયત કરાયેલા વક્તાઓએ વિવિધ વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપી મંડલ સ્તરે પ્રશિક્ષણ વર્ગોનું સંચાલન કરનારા વક્તાઓને પ્રશિક્ષિત કર્યા હતા. કાર્યકર્તાઓને સંગઠનના વિચારો, કાર્યપદ્ધતિ અને પ્રભાવશાળી પ્રસ્તુતિ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રશિક્ષણ મહાઅભિયાનના સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ પ્રદીપભાઈ ખીમાણી અને રાજીવભાઈ પંડ્યા, ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓના જિલ્લા પ્રમુખો, જિલ્લા પ્રભારીઓ, અભિયાનના ઈન્ચાર્જ અને સહ-ઈન્ચાર્જ સહિતની ટીમ, વક્તાઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન -૨૦૨૬' અંતર્ગત ૧૨ જૂનના રોજ જૂનાગઢ ખાતે સૌરાષ્ટ્ર ઝોન-૨ની વક્તા પ્રશિક્ષણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઝોનના કાર્યકર્તાઓ અને વક્તાઓને પ્રશિક્ષણ આપવામાં આવશે.

## 'મોદી ને મરવા દીયા...', કોંગ્રેસની હાઈલેવલ બેઠકમાં રાહુલ ગાંધીના કટાક્ષની દેશભરમાં ચર્ચા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દેશમાં વધતી જતી મોંઘવારી, બેરોજગારી અને દ્વઈઈ્ તેમજ CBSE સહિતની પરીક્ષાઓમાં પેપર લીકના ગંભીર મુદ્દાઓ પર કેન્દ્રની મોદી સરકારને ઘેરવા માટે દિલ્હીના ઈન્દિરા ભવન ખાતે કોંગ્રેસની એક હાઈલેવલ બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં પક્ષના તમામ મહાસચિવો, રાજ્ય પ્રભારીઓ અને પ્રદેશ પ્રમુખો હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની એક ટિપ્પણી ભારે ચર્ચાનો વિષય બની છે, જેમાં તેમણે દેશની પ્રવર્તમાન સ્થિતિ પર કટાક્ષ કરતા કહ્યું કે, 'મોદી ને મરવા દીયા'. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ સામાન્ય બોલચાલની ભાષાના મુહાવરા 'મરવા દિયા' (મુશ્કેલીમાં મૂકી દીધા) નો ઉપયોગ કરીને દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી.

## શેરબજારમાં ૧૦૦૦ પોઇન્ટની તેજી

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : અમેરિકા-ઈરાન યુધ્ધ સમાપ્ત થવાના આરે હોવાના સંકેતોને પગલે શેરબજાર-સોના-ચાંદી-રૂપિયામાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. જ્યારે ક્રૂડતેલ ઘટીને ૯૦ ડોલરની નીચે ઉતરી ગયું હતું.ઈરાન યુધ્ધ મામલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભયાનક હુમલો અટકાવવાની સાથે સમજુતી થઈ જવાના આરે હોવાનું જાહેર કરતાં ભારત સહિત એશિયાના શેરબજારોમાં જોરદાર તેજી થઈ હતી. યુધ્ધ સમાપ્ત થવાના સંજોગોમાં હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલશે, પેટ્રોલીયમ સંકટ હળવું થશે, સપ્લાય ચેઈન નોર્મલ થવા લાગવા સહિતની આશા બંધાતા પોઝીટીવ અસર થઈ હતી.માહોલ તેજીનો થઈ ગયો હતો. શરૂઆત જ ટોપઅપ હતી અને મોટાભાગના શેરો ગ્રીનઝોનમાં હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે બંને દેશો વચ્ચે સમજુતી થઈ જવાના સંજોગોમાં ટુંકાગાળામાં કોઈ નેગેટીવ કારણ રહેતા નથી અને તેજીનો ટ્રેન્ડ શક્ય છે.શેરબજારમાં આજે ભારત પેટ્રોલીયમ, હિન્દુસ્તાન પેટ્રોલીયમ સહિતના રીફાઈનરી શેરોમાં ઉછાળો હતો. મોતીલાલ ઓસવાલ, અશોક લેલેન્ડ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, હિન્દાલકો, ઈન્ડીગો, વોડાફોન, યસ બેંક, સુઝલોન, અપાર ઈન્ડસ્ટ્રીઝ, જે.બી. કેમીકલ્સ, પતંજલી, ટાટા કેપીટલ, વારી એનર્જી વગેરેમાં ઉછાળો હતો. અંબર એન્ટરપ્રાઈઝ, ઓઈલ ઈન્ડિયા, ઓએનજીસી નબળા હતા.

## કેન્દ્ર સરકારનો મોટો નિર્ણયઃ હવે દરેક ગ્રાહકને ૧ દિવસમાં મહત્તમ ૨૦૦ લીટર ડીઝલ જ મળશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા ઈરાન સંઘર્ષ અને હોર્મુઝ સંકટના કારણે ઉભા થયેલા ભયના માહોલ વચ્ચે કેન્દ્ર સરકારે દેશમાં ઈંધણની સંગ્રહખોરી રોકવા માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ડીઝલની કોઈ અછત નથી, પરંતુ લોકોમાં ફેલાયેલા ડરનો સંગ્રહખોરો ફાયદો ન ઉઠાવે તે માટે આ કડક પગલું ભરવામાં આવ્યું છે. આ અંતર્ગત કેન્દ્ર સરકારે સામાન્ય પેટ્રોલ પંપો પર હાઈ સ્પીડ ડીઝલના વેચાણ પર મર્યાદા નક્કી કરી દીધી છે.સરકાર દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા નવા આદેશ અનુસાર, હવેથી કોઈ પણ સામાન્ય ગ્રાહકને છૂટક પેટ્રોલ પંપ પરથી એક દિવસમાં મહત્તમ ૨૦૦ લીટર ડીઝલ જ આપવામાં આવશે. એટલે કે કોઈ પણ વ્યક્તિ એક દિવસમાં ૨૦૦ લીટરથી વધુ ડીઝલ ખરીદી શકશે નહીં.

તાજેતરના દિવસોમાં કેટલાક વિસ્તારોમાં ઈંધણની બિનજરૂરી વધારાની ખરીદી અને સ્ટોક જમા કરવાની આશંકાઓ જોવા મળી હતી. જો મોટી માત્રામાં ઈંધણની ખરીદી અને સંગ્રહખોરી પર નિયંત્રણ ન રાખવામાં આવે, તો બજારમાં કૃત્રિમ અછત ઊભી થવાનો ખતરો વધી શકે તેમ હતો.

## ઓમાનના દરિયામાં વધુ એક ભારતીય જહાજ 'MT Jalveer' પર હુમલો

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : અમને વહેલી સવારે ઓમાનના શિનાસ બંદરે એક જહાજ સાથે જોડાયેલી ઘટનાની જાણ થઈ છે. અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએઃ ઓમાનમાં ભારતીય દુતાવાસઓમાનના દરિયાકાંઠે બુધવારે થયેલા હુમલાના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં બીજો હુમલો થયો હોવાનું જાણવા મળ્યું છે. આ હુમલો ઓમાનના શિનાસ બંદર નજીક એક જહાજ પર થયો હતો. સામે આવેલી તસવીરોમાં એમટી જલવીર નામનું જહાજ સમુદ્રમાં સળગતું જોઈ શકાય છે. આ ઘટના બાદ અધિકારીઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.આ મામલે ઓમાનમાં ભારતીય દૂતાવાસે ટ્વિટ કર્યું કે, "અમને આજે વહેલી સવારે ઓમાનના શિનાસ બંદરે એક જહાજ સાથે જોડાયેલી ઘટનાની જાણ થઈ છે. અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ અને વધુ વિગતો માટે સ્થાનિક અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યા છીએ."ઉલ્લેખનીય છે કે બુધવારે પણ ઓમાનના તટ નજીક એક કોમર્શિયલ જહાજ પર હુમલાના અહેવાલ મળ્યા હતા. આ જહાજમાં કુલ ૨૮ લોકો સવાર હતા. જેમાંથી ૨૪ ભારતીય હતા.

# ઝરપરા મધ્યે આઈશ્રી સોનલ-સરસ્વતી વિદ્યાલયનું લોકાર્પણ





મુંદરા - કચ્છઉદય : આઈશ્રી સોનલ માતા જન્મ શતાબ્દી વર્ષમાં પ્રારંભ થયેલ આઈશ્રી સોનલ સરસ્વતી વિદ્યાલય (સોનલ - સ્મૃતિ ભવન)નું નિર્માણ કાર્ય અંદાજે અઢી કરોડના ખર્ચે પૂર્ણ થતાં આઈશ્રી સોનલમા સ્વયં બે વખત પધાર્યા હતા, એવી પાવન ભૂમિ પર વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંગઠન શ્રી માધવ સેવા ટ્રસ્ટ સંચાલિત વિદ્યાલયના યોજાયેલા લોકાર્પણ સમારોહમાં આઈશ્રી લક્ષ્મી માતાજી (મૂળ ઝરપરાના હાલે પીઠળધામ - જામવાળા - ગીર), કથાકાર આઈશ્રી પરમા માતાજી (મૂળ ઝરપરાના હાલે ઓખા - મીઠાપુર) મઢડા સોનલધામ પધારેલ, પૂજ્ય ગિરિ આપાએ આશિર્વાદ આપી ભવનના નિર્માણ કાર્ય સંપન્ન કરવા બદલ માધવ સેવા ટ્રસ્ટને અભિનંદન આપ્યા હતા.

મુખ્ય વકતા વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ ભરતભાઈ મોદીએ વિદ્યાલયમાં દેશભક્તિ અને સંસ્કારમય શિક્ષણ આપવાની વાત કરી હતી. વિદ્યાલયને એક કરોડનું દાન આપનાર અદાણી ફાઉન્ડેશન વતી રક્ષિતભાઈ શાહ (એક્ઝિક્યુટીવ ડિરેક્ટર એપીએસઈઝેડ કચ્છ કોર્પોરેટ અફેર્સ)એ શિક્ષણ, ગૌસેવા, પર્યાવરણ અને ગામના વિકાસ માટેની ખાતરી આપી હતી.

સવારથી પ્રારંભ થયેલા કાર્યક્રમમાં વાસ્તુપૂજન, આઈ સોનલની પ્રતિમાની ભાવ - પ્રતિષ્ઠા, દિપયાત્રા, તક્તિ અનાવરણ, પ્રતિમાનું અનાવરણ, મહાપ્રસાદના કાર્યક્રમો યોજાયા હતા. બપોર બાદ દાનવીર દાતાઓની તક્તિ અનાવરણ તથા સ્મૃતિભવનનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટય, સ્વાગતગીત અને પધારેલા મહેમાનોનું સન્માન પછી માધવ સેવા ટ્રસ્ટના સંસ્થાપક આશાનંદ ગઢવીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ઝરપરા ગ્રામ પંચાયત, ઝરપરા ચારણ સમા અને વિવિધ સમાજોના પ્રમુખો, સોનલ બીજ ઉત્સવ સમિતિ તથા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. માધવ સેવા ટ્રસ્ટના સંસ્થાપક આશાનંદ ગઢવી, પ્રમુખ ડો. વિશ્રામ સાખરા અને સંયોજક આશારિયા લાખાણીનું અખિલ કચ્છ ચારણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિજયભાઈ છેડા (ચેરમેન, બિદડા સર્વોદય ટ્રસ્ટ), જીગરભાઈ છેડા (સર્વ સેવા સંઘ), એડવોકેટ દેવરાજ ગઢવી, મોમાયાભાઈ ગઢવી (આદિપુર), એડવોકેટ વિશ્રામ ગઢવી, છાયાબેન ગઢવી, મુંદરા તાલુકા ચારણ સમાજના પ્રમુખ વિરમભાઈ ગઢવી, ઝરપરા ચારણ સમાજના પ્રમુખ દેશર રામાણી, સરપંચ ખીમજીભાઈ દનિચા, દોસાભાઈ બાનિયા, કાનજી બાનિયા, વાલજી ટાપરિયા, વાલજી લાખાણી, માણસી દોસા રવિયા, પાલુભાઈ સાખરા, ઉપસરપંચ માણશી સાખરા તથા ગ્રામ પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ સંસ્થાના પ્રમુખ ડો. વિશ્રામ પાલાભાઈ સાખરાએ કરી હતી. વંદે માતરમ્ પછી અલ્પાહાર સાથે કાર્યક્રમ પૂર્ણ થયું હતું. સંચાલન આશારિયા લાખાણી અને દેવદાસ મિંઢાણીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માધવ સેવા ટ્રસ્ટ શાખા પરિવાર તથા વ્યવસ્થા સમિતિના રત્નાભાઈ સેડા, શિવરાજ ટાપરિયા, પુનશી ગાગીયા, સવરાજ ગાગિયા, રામ સજણ રવિયા, આશારિયા ગેલવા, આશારિયા દેવદાસ, દેવદાસ રામાણી, વિદ્યાલયના આચાર્યો, પૂર્વ છાત્રોએ જહેમતન ઉઠાવી હતી.

# ગાંધીધામના મહિલા મુસાફરના ૮.૫૮ લાખના સામાનની લૂંટ કરનાર ઝડપાયો

**રાજસ્થાનના જાલોર નજીક ચાલુ ટ્રેનમાં પર્સ ઉઠાવીને આરોપી ભાગ્યો હતો**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના મહિલા મુસાફર ટ્રેનમાં મુસાફરી કરતા હતા ત્યારે રાજસ્થાનમાં ચાલુ ટ્રેનમાં પર્સ ઝુંટવીને લૂંટ ચલાવાઈ હતી. ૮.૫૮ લાખના મુદ્દામાલની ચોરી થતા રેલવે પોલીસે આરોપીને પકડી લીધો હતો.

જીઆરપીએ જણાવ્યું કે, ગાંધીધામના રહેવાસી જમનાબાઈ ચૌહાણે ફરિયાદ નોંધાવી હતી. તેણીએ જણાવ્યું હતું કે તે તેના પરિવાર સાથે ભગત કી કોઠી-ગાંધીધામ એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૨૪૮૩) માં મુસાફરી કરી રહી હતી. રાનીવાડ સ્ટેશનથી ટ્રેન રવાના થયા પછી સવારે ૩:૧૫ વાગ્યાની આસપાસ, એક યુવકે તેણીના હાથ નીચે રાખેલ વાદળી મહિલા પર્સ છીનવી લીધું અને ભાગી ગયો. પર્સમાં ૫૦,૦૦૦ રોકડા, સોના-ચાંદીના દાગીના, એક આધાર કાર્ડ, એક પાન કાર્ડ, એક બેંક પાસબુક અને અન્ય જરૂરી દસ્તાવેજો હતા. ચોરાયેલી વસ્તુઓની કુલ કિંમત આશરે ૮.૫૮ લાખ આંકવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસે એક ખાસ ટીમ બનાવી. તપાસ દરમિયાન, રાહુલ હરચંદ્રમને ભીનમલ રેલ્વે સ્ટેશન પર અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન, આરોપી રાહુલે ચાલતી ટ્રેનમાં મહિલાનું પર્સ છીનવી લીધાની કબૂલાત કરી હતી. પોલીસે તેના કબજામાંથી ચોરાયેલી બધી વસ્તુઓ જપ્ત કરી છે.

# કચ્છ ચેમ્બર ઓફ કોમર્સના સ્થાપક પ્રમુખ રાજેશભાઈ ભટ્ટનું દુઃખદ નિધન



**સમગ્ર કચ્છ જિલ્લામાં ઘેરા શોકની લાગણી ફેલાઈ : વિવાદ નહિ પણ સંવાદની નીતિથી કચ્છના પ્રાણ પ્રશ્નોને ઉકેલવામાં સક્રિય ભૂમિકા ભજવનાર હિતેચછુના નિધનથી ઉદ્યોગ જગતમાં કદી ન પુરાય તેવી ખોટ : આજે સાંજે ભુજ ખાતે અંતિમ સંસ્કાર કરાશે**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ઉદ્યોગ અને વાણિજ્ય જગતના મોભી તેમજ કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સહસ્થાપક અને પ્રમુખ રાજેશભાઈ ભટ્ટનું આજે સવારે અમદાવાદ ખાતે દુઃખદ નિધન થયું છે. તેમના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ સમગ્ર કચ્છ જિલ્લાના ઔદ્યોગિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે ઊંડા શોકનું મોજું ફરી વળ્યું છે. કચ્છના ઔદ્યોગિક નવસર્જન અને વિકાસ પ્રક્રિયામાં તેમનું યોગદાન અતુલનીય રહ્યું છે. તેમના જવાથી સરહદી કચ્છ જિલ્લાએ એક કુશળ આગેવાન, દુરંદેશી ઉદ્યોગપતિ અને ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે, જેનાથી વાણિજ્ય જગતને ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે.

વર્ષ ૨૦૦૦ની સાલમાં કચ્છમાં વેપાર-રોજગારને વૈશ્વિક ફલક પર લઈ જવાના ઉદ્દેશ્ય સાથે તેમણે 'કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી'ની સ્થાપના કરી હતી. સંસ્થાના પ્રથમ પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ તેઓ જીવનના અંતિમ શ્વાસ સુધી આ પદ પર રહીને અવિરત સેવાઓ આપતા રહ્યા હતા. કચ્છના નાના-મોટા ઉદ્યોગકારો અને વ્યાપારીઓના પ્રશ્નોને વાચા આપવા માટે તેમણે રાજ્ય સરકારથી લઈને કેન્દ્ર સરકાર સુધી સતત સક્રિય રજૂઆતો કરી હતી અને અનેક જટિલ સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવ્યા હતા. તેમની કાર્યશૈલીની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેઓ હંમેશા 'વિવાદના બદલે સંવાદ'ના પક્ષધર હતા. વહીવટી તંત્ર, જાહેર જનતા અને ઉદ્યોગપતિઓ વચ્ચે એક મજબૂત સેતુનું નિર્માણ કરીને કોઈપણ જટિલ પ્રશ્નને પોતાની ખાસ કુનેહ અને મીઠાશથી ઉકેલવામાં તેઓ માહેર હતા.

સ્વ. રાજેશભાઈ માત્ર ઉદ્યોગ જગત પૂરતા સીમિત નહોતા, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ તેમનું હૃદય ધબકતું હતું. કચ્છની ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતા પ્રખ્યાત 'કચ્છ કાર્નિવલ' જેવા ભવ્ય કાર્યક્રમોના સફળ આયોજન પાછળ તેમનું માર્ગદર્શન મુખ્ય રહ્યું હતું. આ ઉપરાંત, આપત્તિના સમયે માનવતા મહેકાવવામાં તેઓ હંમેશા અગ્રેસર રહેતા. વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં દેશ-દુનિયામાંથી કચ્છને મળેલી સહાયનું ઋણ ચૂકવવા તેઓ સદાય તત્પર રહેતા હતા. સુરતમાં આવેલા ભયાનક પૂર વખતે તત્કાલીન રાજ્ય સરકારના માત્ર એક અનુરોધ પર રાજેશભાઈએ પોતાની અદભુત સંગઠનશક્તિનો પરિચય આપીને માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં ૧૦,૦૦૦થી વધુ ફૂડ પેકેટો તૈયાર કરાવી રાહત સામગ્રી મોકલી આપી હતી. તેવી જ રીતે હિમાચલ પ્રદેશ સહિત દેશના અન્ય ભાગોમાં આવેલી કુદરતી આફતો વખતે પણ તેમણે કચ્છ વતી તન, મન અને ધનથી સક્રિય ફાળો આપ્યો હતો.

કચ્છના ભૂકંપ બાદ જ્યારે જિલ્લાનું પુનઃનિર્માણ થઈ રહ્યું હતું, ત્યારે તેમણે રાજ્ય સરકાર સાથે સતત સંકલન સાધીને કચ્છના ઉજ્જવળ ભવિષ્ય માટે માળખાકીય સુવિધાઓના વિસ્તારનો એક ચોક્કસ 'રોડ મેપ' રજૂ કર્યો હતો, જે આજે પણ કચ્છના ઔદ્યોગિક વિકાસનો પાયો ગણાય છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામ અને રામનાથ કોવિંદ જેવા મહાનુભાવો જ્યારે કચ્છની મુલાકાતે આવ્યા ત્યારે રાજેશભાઈએ કચ્છના પાયાના પ્રશ્નો અને વિકાસની સંભાવનાઓ અંગે ખૂબ જ સચોટ રજૂઆતો કરી જિલ્લાના વિકાસને નવી ગતિ આપી હતી. વાણિજ્યિક પ્રવૃત્તિઓની સાથે તેઓ આધ્યાત્મિક જીવ પણ હતા. સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા રાજેશભાઈ આગામી દિવસોમાં સંપ્રદાયના સંતો સાથે અમેરિકાના સત્સંગ પ્રવાસે જવાના હતા, પરંતુ તે પૂર્વે જ કાળનો પંજો પડતાં ધર્મપ્રેમી જનતામાં પણ શોકની કાલિમા છવાઈ ગઈ છે.

તેમના પાર્થિવ દેહને આજે બપોરે અમદાવાદથી ભુજ ખાતે લાવવામાં આવશે. આજે સાંજે તેમના નિવાસસ્થાનેથી તેમની અંતિમયાત્રા નીકળશે અને ભુજની ખારી નદી મધ્યે આવેલા સ્મશાનગૃહ ખાતે પંચમહાભૂતમાં વિલીન થશે. તેઓ પોતાની પાછળ પિતા, પત્ની અને બે પુત્રી સહિતના પરિવારને વિલાપ કરતો છોડી ગયા છે. તેમના નિધનની ખબર મળતાં જ વિવિધ વેપારી સંગઠનો, ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને વહીવટી અધિકારીઓએ શ્રદ્ધાંજલિ અર્પી પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

# નખત્રાણા નજીક ભીમપુરા પાસે અકસ્માતમાં કોટડા (જ)ના બે યુવકોના મોત

**ટ્રેઈલરે બાઈકને ટક્કર મારતા બન્યો બનાવ : પશ્ચિમ કચ્છમાં વધતા અકસ્માતોથી રોડ સેફટીનો મુદ્દો ફરી ચર્ચામાં**

ભુજ - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના ભીમપુરા ગામ નજીક ગત રાત્રે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં કોટડા જડોદર ગામના બે યુવાનોએ જીવ ગુમાવ્યો હતો. આ બનાવથી અરેરાટી ફેલાઈ હતી. મળતી માહિતી મુજબ, કોટડા જડોદરના ઈરફાન અબ્દુલભાઈ કુંભાર (ઉ.વ. ૨૧) અને ઝુબેર જુસબ ગજણ (ઉ.વ. ૧૮) બાઈક પર સવાર થઈ જતા હતા. તે દરમિયાન પાછળથી આવી રહેલા ટ્રેલરે તેમની બાઈકને જોરદાર ટક્કર મારતાં બન્ને યુવકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને યુવકોના ગંભીર ઈજાઓથી મોત નીપજ્યાં હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તેમજ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, અકસ્માત સર્જનાર ટ્રેલરનો ચાલક દારૂના નશામાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ અંગેની સત્તાવાર પુષ્ટિ પોલીસ તપાસ અને મેડિકલ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. આ કરુણ અકસ્માતના સમાચારથી ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પોલીસ દ્વારા અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ કચ્છમાં વધતા અકસ્માતોથી રોડ સેફ્ટીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ગઈકાલે માધાપરમાં ટ્રકની ટક્કરે કિશોરનું મોત થયું. અઠવાડિયામાં બે વખત વોલ્વો બસને અકસ્માત નડ્યો આ સિવાય અલગ અલગ વિસ્તારમાં મોપેડ સ્લીપ થવા સહિતની ઘટનાઓ સામે આવે છે. અકસ્માત નિવારવા તંત્ર દ્વારા પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# મનાઈ હોવા છતા ભુજમાં ટ્રેઈલરોનો ગેરકાયદે પ્રવેશ !

**કલેક્ટર જાહેરનામું બહાર પાડે પણ અમલવારી થતી નથી**



ભુજ - કચ્છ ઉદય : ગત રોજ માધાપરમાં ટ્રકની ટક્કરે કિશોરનું મોત થયું હતું. શહેરમાં અવાર-નવાર અકસ્માતો થયા હોવાથી કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ આ જાહેરનામા માત્ર કાગળ પર જ રહે છે. શહેરમાં બેફામ ગાડીઓ ઘૂસી આવે છે. ગઈકાલે રાત્રે ટ્રેઈલરો જી.કે. જનરલ હોસ્પિટલ પાસે પહોંચી આવ્યા હતા ત્યાંથી વળાંક લેતા ટ્રાફિકજામ થયો હતો. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી આરટીઓના માર્ગે પર ફરી ભારે વાહનોની અવર - જવર શરૂ થઈ ગઈ છે. પોલીસ દ્વારા કલેક્ટરના જાહેરનામાની અમલવારી કરાવાતી નથી તેવી બુમરાડ શરૂ થઈ છે.

# ભુજના વોકળા ફળિયામાં ગટરકામે સર્જી વિકટ સ્થિતિઃ ભુવો પડતાં પાલિકાનું ટ્રેક્ટર ખાબક્યું

**ધીમી ગતિએ ચાલતા કામથી હોલસેલ વેપારીઓમાં ભારે રોષ : દુકાન-મકાન કે જાનમાલને નુકશાન થશે તો જવાબદારી ભુજ નગરપાલિકાની... : ઉશ્કેરાયેલા વેપારીઓ નગરપાલિકા કચેરીમાં રજુઆત કરવા પહોંચ્યા**





ભુજ : શહેરના વોકળા ફળિયા વિસ્તારમાં છેલ્લા ૨૦થી ૨૫ દિવસથી ચાલી રહેલા ગટર લાઈનના કામને કારણે સ્થાનિક વેપારીઓ અને રહેવાસીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ધીમી ગતિએ ચાલતા કામ અને બેદરકારીભર્યા આયોજનના કારણે સમગ્ર વિસ્તારની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે.

વોકળા ફળિયામાં શુક્રવારે સવારે ગટર લાઈન માટે ખોદાયેલા વિસ્તારમાં અચાનક મોટો ભુવો પડ્યો હતો. આ ભુવામાં નગરપાલિકાનું જ ટ્રેક્ટર ખાબકી જતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષ ફેલાયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ આ ઘટનાએ ગટરકામની ગુણવત્તા અને સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે જો આ ઘટના દિવસ દરમિયાન બની હોત તો કોઈ રાહદારી, વેપારી કે બાળક અકસ્માતનો ભોગ બની શક્યો હોત. વોકળા ફળિયા વિસ્તારની ગલીઓ પહેલેથી જ સાંકડી છે. ગટરકામ માટે રસ્તા ખોદી નાખવામાં આવતા વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે. ભારે મશીનરી અને ટ્રેક્ટરો રસ્તા પર જ ઊભા રાખવામાં આવતા હોવાથી સ્થાનિકોને પગપાળા ચાલવામાં પણ મુશ્કેલી પડી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ, કામ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. ક્યારેક એક દિવસ કામગીરી થાય છે તો પછી બે-ત્રણ દિવસ સુધી કોઈ કામ થતું નથી, જેના કારણે લોકોની મુશ્કેલીઓ સતત વધી રહી છે. આ લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યાથી કંટાળેલા વેપારીઓ અને રહેવાસીઓએ નગરપાલિકા સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે યોગ્ય આયોજનના અભાવે સામાન્ય જનતાને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

સ્થાનિક નગરસેવકો ચેતનભાઈ શાહ, આદિલભાઈ જત સહિતના રજુઆત કરવા પહોંચ્યા હતા. ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી વેપારીઓમાં વધુ ચિંતા જોવા મળી રહી છે. વરસાદ શરૂ થયા બાદ ખુલ્લા ખાડા અને ખોદાયેલા રસ્તાઓ વધુ જોખમી બની શકે છે. તેથી વેપારીઓ અને રહેવાસીઓએ તાત્કાલિક ગટરકામ પૂર્ણ કરી રસ્તાઓ પુનઃ શરૂ કરાવવા માંગ કરી છે. નગરપાલિકામાં ચીફ ઓફિસર ટ્વિંકલ પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. હવે જોવાનું એ છે કે, નગરપાલિકા ઝડપી કામગીરી કરે છે કે નહીં ?

## હોલસેલ વેપારીઓને આર્થિક ફટકો

વોકળા ફળિયા વિસ્તાર ભુજના હોલસેલ વેપારનું મહત્વનું કેન્દ્ર છે. અહીં મોટી સંખ્યામાં હોલસેલ દુકાનો આવેલી હોવાથી દરરોજ માલની આવક-જાવક માટે ટેમ્પો અને નાના વાહનોની અવરજવર રહેતી હોય છે. પરંતુ છેલ્લા ઘણા દિવસોથી રસ્તા અવરોધિત હોવાથી માલ દુકાનો સુધી પહોંચાડવો મુશ્કેલ બન્યો છે. પરિણામે દુકાનોમાં નવો માલ પહોંચતો નથી, ગ્રાહકોને જરૂરી માલસામાન ઉપલબ્ધ કરાવવામાં મુશ્કેલી પડે છે, ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં માલ અટવાઈ રહ્યો છે. વેપારીઓને વધારાના ડેમરેજ અને સ્ટોરેજ ચાર્જ ચૂકવવા પડી રહ્યા છે. વેપાર-ધંધા પર સીધી અસર થતાં આર્થિક નુકસાન વધી રહ્યું છે. વેપારીઓનું કહેવું છે કે એક તરફ વેચાણ ઘટી રહ્યું છે અને બીજી તરફ વધારાના ખર્ચનો બોજ વધી રહ્યો હોવાથી વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે.



# અંજારમાં યુવકને ધમકી, મારપીટ અને જાતિવાચક અપમાન અંગે ગુનો નોંધાયો

અંજાર-કચ્છઉદય:અંજારપોલીસમથકેએકયુવકેફરિયાદનોંધાવીછેકેતા.૧૦મે,૨૦૨૫નારોજસાંજનાસમયે સાટલનગરરોડવિસ્તારમાંકેટલાકશખ્સોએતેનેઅટકાવીધમકીઆપી,અપશબ્દોબોલીમારપીટકરીહતી.ફરિયાદ મુજબ આરોપીઓએ અગાઉના મનદુઃખને લઈ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ તેના પરિવારજનો અંગે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીઓએ ફરિયાદીને જાહેરમાં અપમાનિત કરી તેની સાથે ઝપાઝપી કરી હતી. દરમિયાન અન્ય આરોપીઓ પણ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને ફરિયાદી સાથે ઉગ્ર બોલાચાલી તથા મારામારી કરી હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે આરોપીઓએ ટોળું બનાવી હુમલો કરી ધાકધમકી ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે અંજાર પોલીસ દ્વારા વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ અધિકારીઓ દ્વારા ઘટનાના તમામ પાસાઓની તપાસ કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ખાવડાના અફાટ રણમાં પરપ્રાંતિયનો દેહ મળ્યો

**મોટા કાંડાગરાની અદાણી કોલોનીમાં સુતેલો યુવાન ઉઠ્યો નહીં**

ભુજ - કચ્છ ઉદય : પશ્ચિમ કચ્છમાં અપમૃત્યુની બે અલગ અલગ ઘટનાઓ સામે આવી છે. ભુજ તાલુકાના ખાવડા વિસ્તારમાં આવેલ આરઈ પાર્કમાં જીઆઈપીસીએલ કંપનીના સાઉથ બ્લોક વિસ્તારમાં આવેલા ખુલા રણ વિસ્તારમાં પરપ્રાંતિયનો દેહ મળી આવ્યો હતો. કંપનીના સિક્યુરિટી સ્ટાફે આ બાબતે ખાવડા પોલીસમાં જાણ કરી હતી. કોઈ અજાણ્યા ૩૦ વર્ષિય યુવાનની બોડી મળતા એમ્બ્યુલન્સ દ્વારા ખાવડા સરકારી હોસ્પિટલ લઈ આવતા તબીબે હાર્ટએટેકના કારણે મોત થયાનું જણાવ્યું હતું. એક તો ખાવડાના રણમાં વધારે ગરમી અને કામ માટે આવેલા યુવાનનું મોત થતા પોલીસે તેના પરિવારને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. આ તરફ મુન્દ્રા તાલુકાના મોટા કાંડાગરા ગામે અદાણી કોલોનીમાં મૂળ પંજાબના ૨૧ વર્ષિય હુશનદીપસિંહ કશ્મીરસિંગ નામનો યુવાન રાત્રે પોતાના રૂમ બહાર ખાટલો ઢાળીને સુઈ ગયો હતો. સવારે જગાડતા ઉઠ્યો નહીં. હોસ્પિટલ લઈ જતા તબીબે મૃત જાહેર કર્યો હતો.

# નખત્રાણા પોલીસે શંકાસ્પદ બાઈક સાથે બેને પકડ્યા



ભુજ - કચ્છ ઉદય : નખત્રાણામાં પોસ્ટ ઓફિસ પાસે શંકાસ્પદ બાઈક સાથે બે શખ્સોને પકડી લેવાયા હતા. પોલીસે વાલ્કા મોટામાં રહેતા સતાર અબ્દ્રેમાન લુહાર અને સુરલભીટમાં રહેતા અબ્દુલ મામદ રાયમાને પકડી તેઓ પાસે રહેલી ૨૦ હજારની બાઈક બાબતે આધાર-પુરાવા માંગતા મળી આવ્યા ન હતા.

જેથી શક પડતા મુદ્દામાલ તરીકે કાર્યવાહી કરવામાં આવી હતી.

# નાગિયારી પાસે બાઈક અને રીક્ષાના અકસ્માતમાં બે ઘવાયા

ભુજ - કચ્છ ઉદય : ભુજ - નલિયા હાઈવે પર નાગિયારી ગામે નર્મદાના પાણીના ટાંકાની બાજુમાં ક્રિકેટ ગ્રાઉન્ડના રસ્તા પાસે અકસ્માત થયો હતો. ફરિયાદી આમદ નુરમામદ બાફણના જણાવ્યા પ્રમાણે આરોપી રીક્ષા નં.જીજે૧૨ - બીયુ - ૮૭૪૫ ના ચાલકે પોતાની ગાડી પૂર ઝડપે ચલાવી બાઈક નં. જીજે૧૨ - ઈકે - ૯૮૧૩ સાથે ભટકાવતા ફરિયાદીને ફ્રેક્ચર સહિતની જ્યારે ઈસ્માઈલ કાસમ બાફણને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા સારવાર લીધા માનકૂવા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે.


**એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ**

શ્રી ચકુબેન નાગજીભાઈ કોલી
રહે. મુ.બાદલપર, તા.રાપર-કચ્છ ........................ અરજદાર
જન્મ નોંધણી અરજી રજિ નં. ૨૧૧/૨૦૨૬
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, બાદલપર, તા.રાપર-કચ્છ. ........................ સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ચકુબેન નાગજીભાઈ કોલી, રહે.બાદલપર, તા.રાપર વાળાએ તા.૩૧/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી અલ્પાબેન નાગજીભાઈ કોલી નો જન્મ મોજે:બાદલપર,તા.રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૬/૨૦૧૪ ના રોજ થયેલ છે. પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે:બાદલપર,તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૧૪ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૧૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

(એચ.બી. વાઘેલા)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાપર-કચ્છ
તારીખ- ૧૯/૦૫/૨૦૨૬



# શ્રી ભુજ સારસ્વત બ્રાહ્મણ મહાસ્થાન

॥ જય સરસ્વતી ॥ ॥ જય જલારામ ॥ ॥ જય ઝુલેલાલ ॥

સર્વે ભુજ અને ભુજ તાલુકામાં રહેતા સારસ્વત જ્ઞાતિજનોને જણાવવાનું કે લોહાણા પરિવારના મોભી વડીલ શ્રી નવીનભાઈ મનજીભાઈ આઈયા, વિરાણી હાલે. ભુજ પરિવારની અંતર ઈચ્છા ભાવથી સારસ્વત બ્રાહ્મણ પ્રત્યેની લાગણી અને ભાવનાને ધ્યાનમાં લઈ પુરૂષોત્તમ માસ નિમિત્તે ભોજન પ્રસાદ લેવા માટે સહ પરિવાર પધારવા આમંત્રણ પાઠવવામાં આવે છે

**સારસ્વત બ્રાહ્મણ ભોજન પ્રસાદ**

તા.13.06.2026, શનિવાર બપોરે - 12.00 થી 2.30
સ્થળ : નાનજી સુંદરજી સેજપાલ,
નવી લોહાણા મહાજન વાડી, ઉપરનો હોલ,
રૂખાણા હોલ, ભુજ

**નિમંત્રકઃ શ્રી નવીનભાઈ મનજીભાઈ આઈયા, પરિવાર**

અશોકભાઈ છાંગાણી — કાર્યકારી પ્રમુખ
મનોજભાઈ સોનપાર — પૂર્વ મંત્રીશ્રી

શ્રી ભુજ સારસ્વત બ્રાહ્મણ મહાસ્થાન



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૧૫/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૧૫/૨૦૨૬

શ્રી જીવરાજ નાનજી પટેલ
રહે. ચૌધરીવાસ, શિકારપુર તા. ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી શિકારપુર, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના બહેન નામે નર્મદાબેન નાનજી સાંઢા નો જન્મ તા.૦૪-૦૩-૧૯૭૮ ના રોજ ગામ શીકારપુર તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર-ભચાઉ.



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૬૩/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૬૩/૨૦૨૬

શ્રી ગીતાબેન રમેશભાઈ નાનજીભાઈ રાવળ
રહે. સર્વોદય સોસાયટી, ભચાઉ તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
ચીફ ઓફિસરશ્રી ભચાઉ. તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે ચાંદની રમેશભાઈ રાવળ નો જન્મ તા.૦૬-૦૪-૨૦૧૮ ના રોજ ગામ ભચાઉ તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર-ભચાઉ.



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



આપનું જીવન સેવા, સાદગી અને સમર્પણનું અજોડ પ્રતિક રહ્યું છે. આપના વિચારો અને કાર્યો કાયમ અમારા હૃદયમાં જીવંત રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે એજ અમારી હાર્દિક પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**સ્વ. બહાદુરસિંહ શિવુભા જાડેજા**
(પ્રમુખશ્રી, ખેડોઈ કેળવણી મંડળ - ખેડોઈ)
સ્વ. તા. ૦૮-૦૬-૨૦૨૬, સોમવાર

:: શોકમગ્ન ::

**શ્રી ખેડોઈ કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ**

- પ્રદિપસિંહ ડી. જાડેજા
- દલપતભાઈ રાઠોડ
- મનુભા જાડેજા
- પંકજભાઈ કોઠારી
- સુધિરસિંહ જાડેજા

**શ્રી ખેડોઈ હાઈસ્કુલ**
આચાર્ય શ્રીમતી રેખાબેન ગુસાઈ
કાર્યકારી આચાર્ય દામજીભાઈ રત્નાણી
તથા શાળા પરિવાર



શ્રી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મેયર દિવ્યાબેન નાથાણી, નવીનભાઈ જરૂ,તેજસભાઈ શેઠ, શાસક પક્ષના નેતા ભરતભાઈ મીરાણી તથા દંડક સુરેશભાઈ ધુવાનું સાલ અને પુષ્પગુચ્છ વડે સન્માનિત કરવામાં આવ્યા જે ઉપરોક્ત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# ગાંધીધામ મહાનગરપાલિકાની સ્વચ્છતા ઝુંબેશ : શાળાઓમાં રેલી, નિબંધ, ચિત્ર અને રંગોળી સ્પર્ધાઓનો ઉત્સાહ











ગાંધીધામ - કચ્છ ઉદય: સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા વિવિધ શાળાઓમાં સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો હેઠળ સ્વચ્છતા રેલી, સ્વચ્છતા શપથ, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ લેખન, ક્વિઝ, કવિતા, ઝિંગલ અને સ્વચ્છતાની પાઠશાળા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

લીલાશાહ, ભારતનગર, ગુરુકુળ, ગાંધીધામ સીટી, સપનાનગર, સેક્ટર, કિડાણા, ગળપાદર, મીઠીરોહર, અંતરજાળ તેમજ આદિપુર વિસ્તારની શાળાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# ગોવર્ધનધામમાં ગુંજ્યો કચ્છનો ગૌરવ, મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજનું વિશિષ્ટ સન્માન



અંજાર - કચ્છ ઉદય : ઉત્તરપ્રદેશના ગોવર્ધનધામ ખાતે આયોજિત ભક્તપાલ કથાના ધાર્મિક પ્રસંગે નિજાનંદ સંપ્રદાયના ગાદીપતિ અને અંજારના સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજનું સંતસમાજ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સંપ્રદાયોના સંતો અને મહંતોની ઉપસ્થિતિમાં આધ્યાત્મિક સૌહાર્દ અને ધાર્મિક એકતાનો સુંદર માહોલ સર્જાયો હતો.સંત ચિત્રવિચિત્રજી મહારાજના આશ્રમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વ્યાસપીઠ પરથી પીઠાધિપતિ રાજેન્દ્રદાસજી મહારાજ દ્વારા પૂજ્ય ત્રિકમદાસજી મહારાજનું શાલ અને સન્માનચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. તેમના ધાર્મિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે કરાયેલા યોગદાનને બિરદાવતાં સંતસમાજે શુભેચ્છાઓ પાઠવી હતી.આ ઉપરાંત સંત ચિત્રવિચિત્રજી મહારાજ અને કિશોર દેવજી દ્વારા પણ ત્રિકમદાસજી મહારાજનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સંતોએ ધર્મપ્રચાર, માનવસેવા અને આધ્યાત્મિક જાગૃતિ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. સમાજમાં સંસ્કાર અને સદાચારના મૂલ્યોને વધુ મજબૂત બનાવવા સંતસમાજની ભૂમિકા અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, બરસાનાધામ ખાતે પૂજ્ય ત્રિકમદાસજી મહારાજના વ્યાસાસન પરથી ચાલી રહેલી શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણ કથાને તાજેતરમાં વિધિવત્ વિરામ આપવામાં આવ્યો હતો. આ કથામાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ભાગ લઈ આધ્યાત્મિક લાભ મેળવ્યો હતો. ઉત્તરપ્રદેશની પવિત્ર ભૂમિ પર અંજારના મહંતનું થયેલું આ સન્માન કચ્છ માટે ગૌરવની ક્ષણ બની રહ્યું છે, જેને લઈને તેમના અનુયાયીઓ અને ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# વિરલ યોગ સેન્ટરની કાવ્યાને ગાંધીએ યોગક્ષેત્રમાં હાર્મોની એવોર્ડ - ૨૦૨૬ મેળવ્યો




અંજાર - કચ્છ ઉદય : હાર્મોની આર્ટસ એન્ડ કલ્ચર અંજાર દ્વારા સમાજમાં વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર પ્રતિભાઓને સનમાનતા એવોર્ડ સમારંભનું આયોજન સંજયભાઈ શાહના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વિરલ યોગ સેન્ટરમાં છેલ્લા સાડા ચાર વર્ષોથી યોગાભ્યાસ કરતી ૧૫ વર્ષીય કાવ્યા કુનાલ નેગાંધીને હાર્મોની એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવી. આ સાધનાકાળ દરમિયાન કાવ્યાને યોગગુરુ વિરલભાઈ હડિયા અને દ્રષ્ટિબેન વાઘમસી પાસેથી યોગાભ્યાસ સાથે સાથે વિવિધ પ્રકારની હરીફાઈઓમાં ભાગ લેવાનું માર્ગદર્શન પણ મળ્યું છે. ઈન્ટરનેશનલ યોગા બુક ઑફ રેકોર્ડ, ખેલ મહાકુંભ, જીય્હૈં, સાંસદ ખેલ મહોત્સવ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજીત યોગાસન, સૂર્ય નમસ્કાર ચેમ્પિયનશિપમાં રાજય કક્ષા અને જિલ્લા કક્ષાએ ભાગ લઈ અનેક ટ્રોફી અને મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. વેલસ્પન વિદ્યા મંદિરના દસમા ધોરણમાં ભણતી કાવ્યાનું માનવું છે કે એકેડેમિક્સ સાથે સાથે સ્પોર્ટસ અને ફિઝિકલ ફિટનેસ પણ અત્યંત જરૂરી છે. કાવ્યાની સફળતા પાછળ તેના પરિવારનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. તેના માતા મમતાબેન નેગાંધીને પણ યોગક્ષેત્રે સરસ પ્રયત્ન કરવા બદલ હાર્મોની એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવી છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | |
| 5 | | | | | | | | 6 |
| | | | 2 | | 1 | | | |
| | | 2 | 9 | | 6 | 5 | | |
| | 8 | | | | | | 9 | |
| | | 4 | 1 | | 5 | 7 | | |
| | | | 8 | | 4 | | | |
| 2 | | | | | | | | 9 |
| | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 5 | 8 | 6 | 9 | 2 | 3 |
| 3 | 5 | 9 | 1 | 2 | 7 | 6 | 4 | 8 |
| 6 | 2 | 8 | 9 | 3 | 4 | 1 | 5 | 7 |
| 9 | 6 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 1 |
| 7 | 4 | 3 | 2 | 1 | 8 | 5 | 9 | 6 |
| 8 | 1 | 5 | 7 | 6 | 9 | 4 | 3 | 2 |
| 1 | 9 | 4 | 6 | 7 | 2 | 3 | 8 | 5 |
| 2 | 8 | 6 | 4 | 5 | 3 | 7 | 1 | 9 |
| 5 | 3 | 7 | 8 | 9 | 1 | 2 | 6 | 4 |

# અવસાન નોંધ

**આદિપુર** : સામાબેન સુરેશભાઈ ખોખર તે સ્વ. મગીબેન વેલજીભાઈ ખોખર, પૂંજાભાઈ ભીમાભાઈ, કાનજીભાઈ ધમાભાઈ, વિશ્રામભાઈ માલાભાઈ, દેવજીભાઈ કરશનભાઈ ખોખરના પુત્રવધૂ, હરેશ, અશોક, ગીતાબેન રમેશભાઈ સંજોટના માતા, પ્રેમિલાબેન લાલજીભાઈ, ઝવેરબેન રામજીભાઈ, લખીબેન રમેશભાઈના જેઠાણી, પચાણભાઈ ડાયાભાઈ બોખાણી (બળદિયા)ના પુત્રી, મગનલાલ પચાણભાઈ, પરબતભાઈ પચાણભાઈ, સ્વ. કરમશીભાઈ પચાણભાઈ, હમીરભાઈ પચાણભાઈ, ભચુભાઈ પચાણભાઈ, દેવલબેન પરબતભાઈ ખોખર, મેઘબાઈ કાનજીભાઈ, માલસીભાઈ પેથાભાઈ, આલશીભાઈ પેથાભાઈ, દેવજીભાઈ પેથાભાઈ, ગોપાલભાઈ પેથાભાઈ બોખાણીના બહેન અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ દિયાડો તા. ૧૨-૬ના તથા તા. ૧૩-૬ના ઘડાઢોળ નિવાસસ્થાન મેઘમાયા સોસાયટી, આદિપુર ખાતે.

**ખંભરા (તા.અંજાર)** : લાછુબેન ખોખર (ઉ વ. ૮૫) તે સ્વ. ખેતાભાઈ વેરશી ખોખરના પત્ની, ખીમજીભાઈ, બાલાભાઈ, જીવરાજભાઈ, ભચીબેન ઉમર સંજોટ (ધ્રંગ), જખીબેન રવજી ભદ્રુ (ભુજ)ના માતા, કેશાભાઈ વેરશી, આશાભાઈ નથુ, વેલજીભાઈ હમીર, ખીમજીભાઈ વરજાંગ, હરજીભાઈ કાંયા, બાબુલાલ જખુ ખોખર, ધનીબેન ખેંગાર બુચિયાના ભાભી, સ્વ. દેવજીભાઈ જખુભાઈ મંગરિયા (ભુજોડી)ના બહેન, નરેશભાઈ દેવજી, ગોપાલભાઈ દેવજી (ભુજોડી), જશોદાબેન, કમીબેન, પ્રેમિલાબેનના ફઈ, જમુબેન કરશન, ધનજી, પાલીબેન શિવજી મણોઢિયા (કંઢેરાઈ), રામુબેન રાજેશ બુચિયા (અંજાર)ના મોટીમા, લક્ષ્મીબેન રાજેશ ગુડાર (જાંબુડી), રેખાબેન રમેશ લોંચા (અંજાર), મુકેશ કરસન, લાલજી કરસન, રીનાબેન નાનજી બુચિયા (વડવા કાંયા), અશોક ખીમજી, હેતલ ખીમજી, વિવેક જીવરાજ, ભાવિન જીવરાજ, સ્વ. રોહિતના દાદીમા, રમીલાબેન આલા જેપાર (ખંભરા), પ્રેમજી, નિરેન, હિતેશ, મિત્તલ, સંગીતા, કંચન, કોમલ, અંકિતના નાની, ભાનુબેન, કાનુબેન, લતાબેનના સાસુ તા. ૫-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૧૨-૬ના શુક્રવારે સાંજે આગરી અને તા. ૧૩-૬ના શનિવારે સવારે ઘડાઢોળ પાણી નિવાસસ્થાને ખંભરા ખાતે.

**સલારી** : હાલે ગાંધીધામ વાણંદ (પરમાર) બાબુભાઈ રણછોડ (ઉ.વ. ૮૦) તે સ્વ. રમેશભાઈ, સુરેશભાઈ, જ્યોતિબેન (ભચાઉ), શારદા (વાઢિયા)ના પિતા, લાલજીભાઈ ગણેશાભાઈ, લક્ષ્મણ ગણેશાભાઈ (સલારી)ના કાકા, રામભાઈ, રણમલભાઈ, શ્યામભાઈના દાદા, સોલંકી ચંદુલાલ કેશવજી (ભચાઉ), નરેન્દ્રભાઈ ખીમજીભાઈ ચૌહાણ (વાઢિયા)ના સસરા તા. ૩-૬ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર તા. ૧૩-૬ના શનિવારે નિવાસસ્થાન મકાન નં. ૪૩, કૈલાશ સોસાયટી, હનુમાન મંદિરની બાજુમાં તથા સથવારા સમાજવાડી, કૈલાશ સોસાયટી, હનુમાન મંદિરની બાજુમાં.

**માધાપર (તા. ભુજ)** : અવિનાશ ધીરજ વાઘેલા તે ધીરજ હીરા વાઘેલાના પુત્ર, સ્વ. વસંતભાઈ, હરેશભાઈ, પ્રવીણભાઈના ભત્રીજા, અજય, મનીષ, ગોવિંદના ભાઈ, શનિ, કિશનના ભાણેજ તા. ૧૦-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૨-૬ના સાંજે ૬થી ૭ ગંગેશ્વર રોડ, જલારામ સોસાયટી, માધાપર ખાતે.

**ભુજ** : અનસૂયાબેન રતિલાલ જેઠી (નિવૃત્ત શિક્ષક) તે સ્વ. ચંચળબેન રતિલાલ જેઠીના પુત્રી, સ્વ. મનહર રતિલાલ (મનુમામા), વિનોદભાઈ રતિલાલ, મંજુલાબેન મહેન્દ્રપ્રસાદ (કુકમા), અંજનાબેન કૈલાસભાઈ (નાનતા કોટા), ધનલક્ષ્મીબેન પ્રફુલભાઈના મોટા બહેન, સ્વ. જયશ્રીબેન, સંતોષબેનના મોટા નણંદ તા. ૯-૬ના અવસાન પામ્યસા છે. બેસણું તા. ૧૨-૬ના શુક્રવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ જેઠી સમાજવાડી, ભુજ ખાતે.

**ભુજ** : માંજોઠી હાજી આમદ ફકીરમામદ (ચોયડા) (ઉ.વ. ૭૮) તે મ. અભુ ઈસ્માઈલ (દુધઈ)ના સાળા, મ. હારુન મામદ, યાકુબ મામદ, ગુલામહુશેન મામદ, રજાક મામદ (લુણી), મ. અભુ લધા (મુંબઈ)ના ભાઈ, હાજીગની, હાજીઆમદ, હાજીઅબ્બાસ હાજીઆમદના પિતા, મ. સમીર અભુ, જાવેદ અભુ (મુંબઈ)ના કાકા, મહેમૂદ, સિધિક, હુસેન (દુધઈ)ના મામા, અકબર, સિકંદર, ગની, સુલ્તાન, ઈરફાન, સલીમ, નવાઝ, મહેમૂદ, રિયાજ, ઈકબાલ, ઈમરાન (લુણી)ના મોટાબાપા, ઈમ્તિયાઝ, ઈરફાન, જુનેદ, ફૈઝલ, રિયાઝના નાના, સુઝાન, અસ્મત, અમન, સાહિરના દાદા, આરબ ફકીરમામદ (અંજાર), અબ્દુલમજીદ હાજીહારુન (તુંબડી)ના સાઢુભાઈ, મુસા સિધિક (કુકમા), જાકબ ઈબ્રાહિમ (તેરા)ના સસરા, સલીમ જુમ્માના ફુવા તા. ૧૦-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૩-૬ના સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ નિવાસસ્થાને રાજેન્દ્રનગર, જૂના રેલવે સ્ટેશન પાસે, ભુજ ખાતે.

**ભુજ** : કુંભાર હવાબેન ઈસ્માઈલ (ઉ.વ. ૫૪) તે ઈસ્માઈલ ઈશાક (ભારાપર હાલે ભુજ)ના પત્ની, રિયાજ, સમીર, અમીનના માતા તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૩-૬ના સવારે ૧૦થી ૧૧ લખુરાઈ, કાદરિયા મસ્જિદની બાજુમાં, ભુજ ખાતે.

**ગઢશીશા (તા. માંડવી)** : આંઠુ ગોમાબેન (ઉ.વ. ૭૪) તે સ્વ. હરિલાલ ગોવિંદના પત્ની, ભરત, હેમલતાબેન છગનલાલ ચાવડા (સુખપર રોહા), દિનેશના માતા, ભોજાભાઈ, સ્વ. નાનબાઈ (આણંદસર મંજલ), ગંગાબેન લખુ ચાવડા (સુખપર રોહા), સ્વ. દેવાબેન (અમીરગઢ)ના ભાભી, કુંવરબેનના જેઠાણી, અરવિંદ, સુનીલ, લીલાબેન અશોક ચાવડા (દરશડી), રમીલાબેન રમેશ ચાવડા (સુખપર - ભુજ)ના મોટામા, મીનાબેન, ગાયત્રીબેન, લીલાબેન, દિવ્યાબેનના સાસુ, સપનાબેન રાજવીર ચાવડા (ભુજ), વંશિકા, દ્રષ્ટિ, સૃષ્ટિ, આસ્વી, રાજ, આર્યન, પ્રિન્સ, હાર્દિક, બાબુ મીઠુ, મહેન્દ્રના દાદી, ભીમજી ઉમરાના કાકી, સ્વ. ખેતશી લખુ ચાવડા (વિરાણી)ના બહેન, હીરૂબેનના નણંદ, ગોવિંદ, શાન્તિલાલ અરજણ, પ્રેમજી, ગોપાલ, ઝવેરબેન (માજી ન્યાય સમિતિ - માંડવી)ના ફઈ તા. ૭-૬ના અવસાન પામ્યા છે. સત્સંગ તા. ૧૨-૬ના તથા ધાર્મિકવિધિ તા. ૧૩-૬ના શનિવારે નિવાસસ્થાન બાલકૃષ્ણ નગર ખાતે.

**બિબ્બર (તા. નખત્રાણા)** : જાડેજા રામસંગજી વંકાજી (ઉ.વ. ૪૭) તે સ્વ. પતુભા, કરસનજી, સ્વ. અરજણજી, ગોવિંદજી, માનસંગજીના નાના ભાઈ, રાજુભા, નવલસિંહ, દીપકસિંહ, બળવંતસિંહ, જીવણજી, દિલીપસિંહ, પ્રવીણસિંહ, મહાવીરસિંહ, મયૂરસિંહના કાકા, પ્રિયાંશીબા, વરૂણસિંહ, નિહારસિંહના પિતા, સોઢા મહાસિંહજી હાલજી (ગેચડા)ના જમાઈ તા. ૨-૬ના અવસાન પામ્યા છે. બારસવિધિ તા. ૧૩-૬ના શનિવારે સવારે અને સાદડી નિવાસસ્થાન બિબ્બર ખાતે.

**વડવા કાંયા (તા. નખત્રાણા)** : હીરબાઈ બુચિયા (ઉ.વ. ૭૭) તે સ્વ. દેવશીભાઈ મનજીભાઈ બુચિયાના પત્ની, દેવલબેન ધનજીભાઈ કુવટ (પાનેલી), સ્વ. લાલજીભાઈ, સ્વ. બાબુલાલના માતા, ખીમજીભાઈ, સ્વ. નાથાભાઈ, અજબાઈ બુધાભાઈ ચનેપાર (મખણા), લાછબાઈ મેઘજીભાઈ સંજોટ (અંજાર)ના ભાભી, ડાયાલાલ, ધનબાઈ, દેવજીના મોટીમા, સંગીતાબેન પ્રફુલભાઈ લોંચા (ખારાઈ), વિશાલકુમાર, પ્રકાશકુમાર, હિનાબેન જયેશભાઈ ગોરડિયા (બિટ્ટા)ના દાદી, સ્વ. જુમાભાઈ સવાભાઈ ચનેપાર, બુધાભાઈ ચનેપાર, નારાણભાઈ (મખણા)ના બહેન તા. ૯-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૧૨-૬ના શુક્રવારે રાત્રે આગરી અને તા. ૧૩-૬ના શનિવારે સવારે ઘડાઢોળ (પાણીયારો) નિવાસસ્થાન વડવા કાંયા ખાતે.

**રવાપર (તા. નખત્રાણા)** : મૂળ ઘડુલીના જવેરબેન બુદ્ધિલાલ લોંચા (ઉ.વ. ૫૫) તે સ્વ. ગોમતીબેન ડાયાભાઈ જાદવના પુત્રી, લોંચા બુદ્ધિલાલ લખુભાઈના પત્ની, સ્વ. મનજીભાઈના નાના ભાઈના પત્ની, લાલુબેન શિવજી ચાવડા (સુખપર રોહા), લખમાબેન મીઠુભાઈ જાદવ (રવાપર), મગીબેન તેજાભાઈ યાદવ (વિગોડી)ના ભાભી, સુરેશભાઈ, શાંતિલાલ, નીતિનના કાકી, સ્વ. શિલ્પાબેન, લતાબેન વિનોદભાઈ ગોહિલ (અંજાર), અનિતાબેન, પૂજાબેન, ભરતના માતા, બંસી, ક્રિષાના નાની, ખીમજીભાઈ પચાણ જાદવ, સ્વ. મેઘજીભાઈ, નથુભાઈ, જેઠાભાઈ, રતિલાલ, દેવજીભાઈ, મનજીભાઈ, સ્વ. મૂરજીભાઈ, ભીમજીભાઈ, સ્વ. પ્રભુભાઈ, પરસોત્તમભાઈના મોટાબાપાના દીકરી બહેન, ભગવતીબેન ડાયા ચાવડા (સુખપર - ભુજ), મોનાબેન, સવિતાબેન વિનોદ રાઠોડ (દુજાપર), ભરતભાઈના માસી તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૨-૬ના અને તા. ૧૩-૬ના શનિવારે બારસ (પાણી) નિવાસસ્થાને રવાપર ખાતે.

**બારા (તા. અબડાસા)** : મોડ ફકીર મહમદ જુસબ (ઉ.વ. ૭૦) તે સાલેમોહમદ જુમાના ભત્રીજા, મોડ સુલેમાન જુસબ (નલિયા)ના ભાઈ, મોડ જુનસ, રફીક, ઈશાકના પિતા, મોડ બાદશાહ ખાન, અરશદના મોટાબાપુ, સમેજા અલી મોહમદ (બાંડિયા), મ. ઈસ્માઈલ (કરાચી)ના ભાણેજ, મ. જાગોરા સુમારના બનેવી, જાગોર ગની, અનવર (નલિયા)ના મામા તા. ૧૦-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૧૩-૬ના શનિવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ નિવાસસ્થાન બારા ખાતે.

**દયાપર (તા. લખપત)** : મણિબેન દેવજી વાળંદ (મેઘપરવાળા) (ઉ.વ. ૮૩) તે દેવજી ખીમજીના પત્ની, જીવરાજભાઈ, મૂળજીભાઈ, શાંતાબેન, જયશ્રીબેન, હીરાબેનના ભાભી, રમેશભાઈ દેવજી, નરોત્તમ દેવજી, દક્ષાબેન રાઠોડના માતા, કલાબેન, નીતાબેનના સાસુ, પાર્થ, જૈમિન, નૈતિક, બ્રિજેશ, શિવાનીના દાદી, રાજુભાઈ, તરૂણભાઈ, રીનાબેન, સ્વ. શ્વેતાબેન, નીલમબેનના મોટા સાસુ, નિશાંત, રુદ્ર, મિત, જીતાર્થ, ક્રિષા, વિશ્વાના દાદી, એકતા, મનાલીના નાની, સ્વ. લધારામભાઈ ભટ્ટી (નવાવાસ દુર્ગાપુર)ના પુત્રી, નારણ લધાભાઈ, શાંતાબેન, સ્વ. ભાનુબેન, સ્વ. લક્ષ્મીબેનના બેન, સ્વ. વેલજીભાઈ, પ્રભુભાઈ, ઉપેન્દ્રભાઈ, ઈશ્વરભાઈ, દમયંતીબેનના ફઈ તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. બન્ને પક્ષની સાદડી તા. ૧૩-૬ના શનિવારના બપોરે ૨થી સાંજે ૫ વાગ્યા સુધી, માહેશ્વરી સમાજવાડી, મેઘપર રોડ, દયાપર ખાતે.

**મેઘપર (તા. લખપત)** : દેમાબાઈ વીરાભાઈ બલિયા (ઉ.વ. ૯૮) તે સ્વ. વીરાભાઈ ભસરભાઈ બલિયાના પત્ની, સ્વ. અરજણભાઈ બલિયા, ગોવિંદભાઈ બલિયા, સ્વ. વાલજીભાઈ બલિયાના માતા, કાનજીભાઈ, મનજીભાઈના મોટીમા, રામજીભાઈ, પ્રેમજીભાઈ, સ્વ. લાલજીભાઈ, વિશ્રામભાઈ, રમેશભાઈ, નવીનભાઈ, સ્વ. રતિલાલભાઈ, શૈલેશભાઈના દાદી તા. ૪-૬ના અવસાન પામ્યા છે. બારસ તા. ૧૩-૬ના મેઘપર ખાતે.

# બેરાજા ગામે સ્વચ્છતા અભિયાન સાથે ગટર કામનું ખાતમુહૂર્ત સંપન્ન






મુન્દ્રા: બેરાજા ગામ મધ્યે સ્વચ્છતા અભિયાનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા સાથે વિકાસલક્ષી કાર્યોને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. આ અવસરે બેરાજા ગામના મોટા ભર વિસ્તારની સેનેટરી પાસે નવી ગટર લાઈનના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત તાલુકા વિકાસ અધિકારી શ્રી ત્રિવેદી, મુન્દ્રા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી સ્વરૂપસિંહ જાડેજા તથા બેરાજા જૂથ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી લાલુભા જાડેજાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હમીરભાઈ રબારી, ઉપસરપંચ સુરેશભાઈ બડગા, ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ, ગામના આગેવાનો, બેરાજા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે સ્વચ્છતા અને સુવિધાસભર માળખાકીય વિકાસ ગામના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. ગટર લાઈનના આ કાર્યથી સ્થાનિક રહેવાસીઓને સ્વચ્છતા અને આરોગ્યની દ્દષ્ટિએ મોટી સુવિધા પ્રાપ્ત થશે.સ્વચ્છતા અભિયાન અને વિકાસલક્ષી કાર્યના ખાતમુહૂર્તના આ પ્રસંગે બેરાજા ગામના ગ્રામજનોએ ગામને સ્વચ્છ, સુંદર અને સુવિધાસભર બનાવવાના સંકલ્પ સાથે ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ''સ્વચ્છ ગામ – સમૃદ્ધ ગામ''ના સંદેશ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

રાષ્ટ્રસેવાના અવિરત અને ગૌરવશાળી ૧૨ વર્ષ...!! વડાપ્રધાન શ્રી Narendra મોદી ભારતના સૌથી વધુ સમય સુધી સેવારત ચૂંટાયેલા વડાપ્રધાન બન્યાના ગૌરવપૂર્ણ અવસરે ગાંધીધામ





મહાનગરના બુથ નંબર ૨૪૯ ખાતે સૌ કાર્યકર્તાઓ સાથે ભગવાન મહાદેવ જીના ચરણોમાં વંદન કર્યા.ભગવાન મહાદેવના મંદિરે પૂજ્ય મોદીના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને નિરામય જીવન માટે મંગલ આરતી કરવામાં આવી. દેશના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રસેવાના તેમના અવિરત યજ્ઞને ભગવાન મહાદેવ વધુ શક્તિ અર્પે અને ભારત સતત પ્રગતિના નવા શિખરો સર કરે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના.



મુન્દ્રાના ચીચીવાડી વિસ્તાર માથી એક ગૌ ભક્ત નો ગૌ રક્ષા સેવા ટ્રસ્ટ ના હેલ્પ લાઈન નંબર ફોન આવતા એક અવાવરુ બધં પડેલ કુવા જેની અંદાજિત ઉડાઈ લગભગ ૯૦ ફુટ જેટલી હતી જેમા એક નિલગાય (રોજડો ) પડી ગયેલ છે તો તુરંતજ ગૌ રક્ષા સેવા ટ્રસ્ટ મુન્દ્રા-દ્વારા સંચાલિત સુવિધા પશુ રક્ષા કેન્દ્ર મુન્દ્રા-ના રતનભાઈ ગઢવી ૧૦૮ તુરંત પોતાની ટીમ અને એમ્બ્યુલન્સ લઈ ને ઘટના સ્થળ પર પહોંચી ને અંદાજીત ચાર કલાક ના રેસ્ક્યુ ઓપરેશન કરીને ૯૦ ફુટ ઉંડા કુવા માથી નિલગાય (રોજ) ને સુરક્ષિત બહાર કાઢવામા આવી હતી મુન્દ્રા-તાલુકામા ઘણા વર્ષો થી ગૌ રક્ષા સેવા ટ્રસ્ટ ટીમ દ્વારા અબોલ નિરાધાર મુંગા પશુઓ માટે રાત દિવસ મહેનત કરી ટીમનો સ્થાનિક લોકોએ ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામા આવ્યો હતો.

## કચ્છ કચ્છનોંધ

**સંસ્કૃત, હિન્દી અને ધોરણ એકથી સાતના વિનામૂલ્યે વર્ગો શરૂ**

● ભુજની સંસ્કૃત પાઠશાળા ખાતે સંસ્કૃતના પ્રબોધથી વિશારદ સુધી, હિન્દીના બાળપોથીથી તીસરીના અને ધોરણ એકથી સાત સુધીના વર્ગો વિદ્યાર્થીઓ માટે વિનામુલ્યે દરરોજ સાંજે ૬:૧૫ થી ૭:૩૦ કલાક સુધી શરૂ કરવામાં આવેલ છે, જેનો લાભ લેવા વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે. આ વર્ગો આશાબેન સ્વાદીયા અને જયશ્રીબેન હાથી દ્વારા લેવામાં આવશે એવું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

**હાટકેશ સેવા મંડળ**

● અધિક માસમાં તા.૧૩/૬ના નાના આસંબીયા ખાતે આવેલા ગંગેશ્વર મહાદેવ ખાતે સ્નાન માટેનું આયોજન હાટકેશ સેવા મંડળ તેમજ હાટકેશ અંબિકા મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. જે ભાઈ-બહેનોએ ચાલવું હોય તેમણે અંબિકા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન હાથી, તુષારભાઈ ધોળકિયા અને વારિસ પટણીનો સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે સાંજના ૬:૩૦ થી ૭:૩૦ દરમિયાન સંપર્ક કરી નામ નોંધાવવાના રહેશે, જેથી અગાઉથી સગવડ કરી શકાય.

## રત્નકણિકા

**કોઇ મહાન વ્યક્તિ અવસરની કમીની ક્યારેય ફરિયાદ નથી કરતી.- અજ્ઞાત**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. બહમન-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૧૨ પ્રદોષ તા.૧૨ જૂન ૨૦૨૬, શુક્રવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૬, અશ્વિની નક્ષત્ર, અતિગંડ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : મહત્વના કાર્યો કરી શકશો. મનની મુરાદ બર આવે.

**વૃષભ** : પ્રિયજનનો વિરહ વેઠવો પડે. અટકી-અટકીને કાર્ય સફળ થાય.

**મિથુન** : જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. આર્થિક લાભની તક સાંપડે.

**કર્ક** : દરેક પ્રકારના કાર્યમાં સફળતા મેળવી શકશો. મન પ્રફુલિત રહે.

**સિંહ** : નવું આર્થિક રોકાણ ન કરવું હિતાવહ. હિતશત્રુઓથી સાવધ રહેવું.

**કન્યા** : મનમાં ગુપ્ત ચિંતા સતાવે. મહત્વની કામગીરીમાં રૂકાવટ આવે.

**તુલા** : અણગમતા કાર્યો ફરજીયાત કરવા પડે. માનસિક અશાંતિના ભોગ બનવું પડે.

**વૃશ્ચિક** : મહત્વની સમસ્યા હલ થઈ જાય. આકસ્મીક પ્રવાસ થાય.

**ધન** : મહત્વના કાર્યોને મુલત્વી રાખવા પડે તેવી પરિસ્થિતિ સર્જાય.

**મકર** : ગમે તેવી અડચણો વચ્ચે પણ કાર્ય સફળ થાય. મનમાં આનંદ-ઉત્સાહ રહે.

**કુંભ** : કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા મળે. આકસ્મીક કાર્ય સફળતાના યોગ છે.

**મીન** : વ્યર્થ વાદ-વિવાદ ટાળવો હિતાવહ. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

“સ્વચ્છતા સપ્તાહ અભિયાન” અંતર્ગત

# કચ્છના વિવિધ ગામોમાં ડ્રેઈન તથા ડ્રેઈન ટ્રીટમેન્ટ સિસ્ટમની વિશેષ સફાઈ કામગીરી હાથ ધરાઈ

**ગ્રામજનોને ડ્રેઈનમાં કચરો ન નાખવા, ગંદકી ન ફેલાવવા અને ગામને સ્વચ્છ રાખવા અંગે જાગૃત કરવામાં આવ્યા**






ભુજ - કચ્છઉદય : સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત કચ્છના તાલુકાના વિવિધ ગામોમાં ડ્રેઈન તથા ડ્રેઈન ટ્રીટમેન્ટ સિસ્ટમની વિશેષ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગામોમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાને સુચારૂ રાખવા તેમજ સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ જળવાઈ રહે તે હેતુથી ડ્રેઈન લાઈનો, ચેમ્બર તથા ડ્રેઈન ટ્રીટમેન્ટ સિસ્ટમની સફાઈ કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત કચ્છના ભારાસર, નિરોણા, ભુટકીયા, સુવઈ, ભીમાસર, નલિયા, પ્રાન્ધો, માંડવી સહિતના ગામોમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, ગામના આગેવાનો, ગ્રામજનો તથા સ્વચ્છતા કર્મચારીઓની ઉપસ્થિતિમાં ડ્રેઈન અને ટ્રીટમેન્ટ સિસ્ટમની સફાઈ કરવામાં આવી હતી.

સાથે સાથે ગ્રામજનોને ડ્રેઈનમાં કચરો ન નાખવા, ગંદકી ન ફેલાવવા અને ગામને સ્વચ્છ રાખવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગામમાં આવેલ ગ્રે વોટર પોઈન્ટની મુલાકાત લઈ તેની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ ગ્રે વોટર પોઈન્ટની સફાઈ કરવામાં આવી. સ્વચ્છતા જાળવવાથી રોગચાળો અટકાવી શકાય છે તેમજ ગામનું આરોગ્યપ્રદ અને સુંદર વાતાવરણ જાળવી શકાય છે તે અંગે ગ્રામજનોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

સ્વચ્છતાએ માત્ર અભિયાન નથી પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. ગામને સ્વચ્છ, હરિયાળું અને આરોગ્યપ્રદ બનાવવા માટે સૌએ સહભાગી બની સ્વચ્છતાના પ્રયાસોને સતત આગળ વધારવા સંકલ્પબદ્ધ થવા આગેવાનશ્રીઓએ ગ્રામજનોને જણાવ્યું હતું. આ કામગીરી દ્વારા ગંદા પાણીના નિકાલમાં સુધારો થાય, રોગચાળો અટકે અને સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ વધે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. ગ્રામજનો દ્વારા પણ સ્વચ્છતા જાળવવા માટે સહકાર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટેની ચૂંટણી બિનહરીફ પૂર્ણ









**જીતેન્દ્ર કણઝારીયા, માનસિંહ પરમાર, રાજેશ શુક્લ અને મુકેશભાઈ રાઠવા રાજ્યસભામાં ચૂંટાયા**

ગાંધીનગર - કચ્છઉદય : ગુજરાત રાજ્યની ચાર રાજ્યસભા બેઠકો માટે જાહેર કરાયેલી દ્વિવાર્ષિક ચૂંટણી બિનહરીફ પૂર્ણ થઈ છે. ચૂંટણી અધિકારી તથા ગુજરાત વિધાનસભાના સચિવ ચેતન પંડ્યા દ્વારા આજે સત્તાવાર રીતે પરિણામ જાહેર કરતાં ચારેય ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

ભારતના ચૂંટણી પંચે તા. ૧ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો. ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન સુધી કુલ ચાર ઉમેદવારોએ નામનિર્દેશન દાખલ કર્યા હતા. ત્યારબાદ ૯ જૂનના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમામ ચાર ઉમેદવારોના પત્રો માન્ય ઠર્યા હતા. નામનિર્દેશન પાછું ખેંચવાની મુદત ૧૧ જૂનના રોજ પૂર્ણ થતાં ચાર બેઠકો સામે માત્ર ચાર જ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. પરિણામે ચૂંટણીની જરૂરિયાત ઊભી ન થતાં ચૂંટણી અધિકારી ચેતન પંડ્યાએ ચારેય ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા.

રાજ્યસભામાં ચૂંટાયેલા ઉમેદવારોમાં જીતેન્દ્ર કણઝારીયા, માનસિંહ પરમાર, રાજેશ શુક્લ અને મુકેશભાઈ રાઠવાનો સમાવેશ થાય છે. આ ચારેય સભ્યો હવે રાજ્યસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. નવનિયુક્ત સભ્યો રાજ્યસભાના વર્તમાન સભ્યો રામભાઈ મોકરીયા, નરહરી અમીન, રમીલાબેન બારા અને શક્તિસિંહ ગોહિલનું સ્થાન લેશે.

# ઢોરીના ભારતીબેનને આયુષ્યમાન કાર્ડ થકી કાનની નિઃશુલ્ક સારવાર મળતા સાંભળવાની સમસ્યા દૂર થઇ



ભુજ - કચ્છઉદય : આયુષ્યમાન કાર્ડે અનેક દર્દીઓના જીવનમાં નવો ઉજાશ પાથર્યો છે. જેમાં ભુજ તાલુકાના ઢોરીના ૧૭ વર્ષના ભારતીબેન માવજી બત્તાનો સમાવેશ થાય છે.

૧૦ વર્ષની ઉંમરથી ભારતીબેનને ડાબા કાનમાંથી પરુ અને પાણી આવવાની સમસ્યા સાથે ઓછું સંભળાતું હતું. ગામની આશા કાર્યકર દ્વારા ઘર મુલાકાત દરમિયાન દર્દીની સમસ્યાની ઓળખ કરવામાં આવી હતી. ત્યારબાદ દર્દીની આયુષ્માન આરોગ્ય મંદિર ઢોરી સીએચઓ દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. ઉચ્ચ સારવારની જરૂરિયાત જણાતા યોગ્ય માર્ગદર્શન આપવામાં સાથે દર્દીનું આયુષ્માન કાર્ડ બનાવવામાં સહાય કરવામાં આવી હતી. આ દરમિયાન પરિવારને ખર્ચ અંગે ચિંતા હતી પરંતુ સારવારનો ખર્ચ પીએમજેએવાય હેઠળ આવરી લેવાશે તેવું પરિવારને સમજાવવામાં આવતા પરિવારજનો ચિંતામુક્ત બની દર્દીની સર્જરી કરાવવા તૈયાર થયા હતા. સીએચઓ દ્વારા દર્દીને જી.કે. જનરલ હોસ્પિટલ ભુજ ખાતે રીફર કરવામાં આવતા ત્યાં ઈએનટી નિષ્ણાંતો દ્વારા તપાસ કરવામાં આવતા Cholesteatoma સાથે Chronic Otitis Media નું નિદાન થયું હતું. જે બાદ ભારતીબેનની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી હતી. આ અંગે ભારતીબેને જણાવ્યું હતું કે, સરકારની મદદના કારણે મારા પરિવારને કોઇ આર્થિક બોજ સહન કરવો પડ્યો નથી. પીએમજેએવાય યોજના હેઠળ સંપૂર્ણ નિઃશુલ્ક સારવાર મને પ્રાપ્ત થઈ છે. સર્જરી સફળ થતાં કાનમાંથી પરુ આવવાની તકલીફ દૂર થઈ છે સાથે સાંભળવાની ક્ષમતામાં સુધારો થયો છે.

# વિજયભાઈ છેડાને ગુજરાતના આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા હસ્તે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત




બિદડા - કચ્છઉદય : અમદાવાદ ખાતે ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ દ્વારા આયોજિત “હેલ્થ કોન્કલેવ - હેલ્થ આઈકોન્સ ઓફ ગુજરાત ૨૦૨૬” કાર્યક્રમમાં બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાને આરોગ્ય અને સમાજસેવાના ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ “લાઈફટાઈમ એક્સેલન્સ એવોર્ડ ઈન ઈન્ટિગ્રેટેડ હેલ્થકેર, રિહેબિલિટેશન એન્ડ હોલિસ્ટિક વેલનેસ સર્વિસિસ - ૨૦૨૬” એનાયત કરવામાં આવ્યો હતો. આ સન્માન ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું.

ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ દ્વારા આયોજિત આ હેલ્થ કોન્કલેવમાં રાજ્યભરની અગ્રણી હોસ્પિટલો, ડોક્ટરો, ચેરિટેબલ સંસ્થાઓ, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો, ટ્રસ્ટીઓ, ડાયરેક્ટરો તથા આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા ૩૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે થઈ રહેલી નવી પહેલ, આરોગ્ય સેવાઓમાં ટેક્નોલોજીનો ઉપયોગ, મેડિકલ ક્ષેત્રના નવા કાયદા, વિવિધ સરકારી યોજનાઓ, આરોગ્ય સુવિધાઓના વિસ્તરણ અને તેના સમાજ પર પડતા પ્રભાવ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. ખાસ કરીને મેડિકલ ટુરિઝમ વિષય ઉપર વિશેષ સત્ર યોજાયું હતું, જેમાં ગુજરાત આજે દેશના અગ્રણી મેડિકલ ટુરિઝમ કેન્દ્ર તરીકે કેવી રીતે વિકસી રહ્યું છે તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આધુનિક હોસ્પિટલ સુવિધાઓ, અદ્યતન સાધનો, નિષ્ણાત ડોક્ટરો અને ગુણવત્તાસભર સારવારને કારણે દેશ-વિદેશના દર્દીઓ ગુજરાત તરફ આકર્ષાઈ રહ્યા છે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવા માટે ગામડાઓ સુધી પીએચસી અને સીએચસી કેન્દ્રોની સુવિધાઓ મજબૂત બનાવવાના પ્રયાસો, વિવિધ આરોગ્ય યોજનાઓનો વ્યાપ વધારવા અને સામાન્ય નાગરિક સુધી તેનો લાભ પહોંચાડવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકો માટે ઉપલબ્ધ સરકારી આરોગ્ય યોજનાઓનો વધુમાં વધુ લાભ લોકો સુધી પહોંચે તે માટે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

વિજયભાઈ છેડાના નેતૃત્વ હેઠળ બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા આરોગ્ય, પુનર્વસન, દર્દી સેવા અને માનવકલ્યાણના ક્ષેત્રે કરવામાં આવી રહેલા સતત સેવાકીય કાર્યોને ધ્યાનમાં રાખી તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ સન્માન વિજયભાઈ છેડા સાથે બિદડા સર્વોદય ટ્રસ્ટ પરિવાર, દાતાઓ, કર્મચારીઓ અને સેવાભાવી કાર્યકરોના સમર્પણનું પણ ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે. કાર્યક્રમના અંતે આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ વિજયભાઈ છેડાનું વિશેષ સન્માન કરી એવોર્ડ અર્પણ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના સેવાકીય કાર્યોને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવ્યા હતા.

# એસટી બસો અને બસ સ્ટેશનોમાં ગંદકી કરનાર સામે વસૂલાયેલા દંડનો હિસાબ બે દિવસમાં મોકલવા આદેશ

**પરિપત્રના અમલમાં બેદરકારી બદલ જીએસઆરટીસી સખત : ભુજ સહિત તમામ વિભાગીય નિયામકોને તાત્કાલિક વિગતો મોકલવા તાકીદ**

ભુજ-કચ્છઉદય : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) દ્વારા બસો અને બસ સ્ટેશનોમાં સ્વચ્છતા જાળવવા માટે અમલમાં મૂકાયેલા દંડના નિયમોની અસરકારક અમલવારી સુનિશ્ચિત કરવા રાજ્યભરના તમામ વિભાગીય નિયામકોને કડક સૂચના આપવામાં આવી છે. નિગમે બસો અને બસ સ્ટેશનોમાં ગંદકી કરનાર વ્યક્તિઓ સામે વસૂલાયેલા દંડની સંપૂર્ણ વિગતો બે દિવસની અંદર મોકલી આપવા આદેશ કર્યો છે. અગાઉ જાહેર કરાયેલા પરિપત્રના અમલમાં અનેક વિભાગોએ બેદરકારી દાખવતા નિગમે આ મુદ્દે ગંભીર નોંધ લીધી હોવાનું જાણવા મળે છે.

જીએસઆરટીસીના ચીફ મેનેજર (મોનિટરિંગ, ઓડિટ એન્ડ ટ્રેનિંગ) દ્વારા જારી કરાયેલા પત્રમાં જણાવાયું છે કે રાજ્યભરમાં બસો અને બસ સ્ટેશનોને સ્વચ્છ રાખવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત બસમાં થૂંકવું, કચરો ફેંકવો અથવા અન્ય કોઈ રીતે ગંદકી કરનાર મુસાફર પાસેથી રૂા. ૧૦૦ દંડ વસૂલવાનો નિયમ અમલમાં છે. આ દંડ ડ્રાઈવર અથવા કંડક્ટર દ્વારા ઈટીએમ મશીનમાં ‘પેનલ્ટી’ હેડ હેઠળ વસૂલવામાં આવે છે.

તે જ રીતે બસ સ્ટેશનના પરિસરમાં ગંદકી ફેલાવનાર વ્યક્તિ પાસેથી રૂા. ૨૦૦ દંડ વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે. આ દંડ ડેપો મેનેજર અથવા અધિકૃત ટ્રાફિક સ્ટાફ દ્વારા રસીદ આપીને સ્થળ પર જ વસૂલવામાં આવે છે. નિગમનો ઉદ્દેશ બસો અને બસ સ્ટેશનોને સ્વચ્છ રાખવા ઉપરાંત મુસાફરોમાં જાહેર સંપત્તિ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો છે. નિગમે અગાઉ તા. ૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પરિપત્ર બહાર પાડી તમામ ડેપોને દર મહિને વસૂલાયેલા દંડની વિગતવાર માહિતી વિભાગીય કચેરીને મોકલવા સૂચના આપી હતી. ત્યારબાદ વિભાગીય કચેરીઓએ સંકલિત અહેવાલ મધ્યસ્થ કચેરીના મોનિટરિંગ, ઓડિટ એન્ડ ટ્રેનિંગ વિભાગને મોકલવાનો હતો. જોકે પરિપત્ર જાહેર થયાને બે મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અનેક વિભાગો તરફથી અહેવાલો પ્રાપ્ત થયા નથી. આ સ્થિતિને ગંભીરતાથી લેતા જીએસઆરટીસીએ અમદાવાદ, પાલનપુર, હિંમતનગર, મહેસાણા, નડિયાદ, વડોદરા, ગોધરા, સુરત, વલસાડ, રાજકોટ, જુનાગઢ, જામનગર, ભાવનગર, ભરૂચ, અમરેલી તેમજ ભુજ સહિતના તમામ વિભાગીય નિયામકોને પોતાના હસ્તકના ડેપોમાંથી માહિતી એકત્રિત કરીને નિયત નમૂનામાં તાત્કાલિક મોકલવા જણાવ્યું છે.

પત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે જરૂરી વિગતો પત્ર મળ્યાના બે દિવસની અંદર જરૈીકદ્ધક્રહક્ર્ષ્મીજિ ષ્મજષ્ઠિ.િષ્મિ ઈ-મેઈલ પર અથવા ટપાલ મારફતે મોકલવી ફરજિયાત રહેશે. આ માહિતી નિગમના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂ થવાની હોવાથી કોઈપણ પ્રકારની ઢીલાશ કે વિલંબને સહન કરવામાં આવશે નહીં. જાહેર પરિવહન વ્યવસ્થામાં સ્વચ્છતા જાળવવા માટે નિગમ દ્વારા હાથ ધરાયેલા આ પગલાંને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. અધિકારીઓનું માનવું છે કે દંડની નિયમિત સમીક્ષા અને કડક અમલવારીથી બસો અને બસ સ્ટેશનોમાં ગંદકીની સમસ્યામાં ઘટાડો થશે તેમજ રાજ્યની એસટી સેવા વધુ સ્વચ્છ, વ્યવસ્થિત અને મુસાફરમૈત્રી બનશે.

## રેન બસેરામાં જીએનઆરએફ દ્વારા ફળ, શરબત અને બિસ્કિટનું વિતરણ

ભુજ - કચ્છઉદય : ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન દ્વારા ભુજના રેન બસેરામાં સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને ફળ, શરબત અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જીએનઆરએફના કાર્યકરોએ સૌ સાથે મુલાકાત કરી અને સૌહાર્દ, ભાઈચારો તથા માનવસેવાનો સંદેશ આપ્યો હતો. ઉપસ્થિત લોકોએ પણ આ સેવાકીય પહેલને આવકારી હતી. ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન સમાજસેવાના વિવિધ કાર્યો દ્વારા સતત લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે અને ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યક્રમો યોજવાનું આયોજન ધરાવે છે.

# કચ્છના દરિયામાં ‘ગુલાબી મહેમાન’ ડોલ્ફિનની સંખ્યા વધી, પરંતુ મરીન હીટવેવ અને યુદ્ધના લીધે ત્રિ-મુખી જોખમ



ભુજ - કચ્છઉદય : સીમાવર્તી કચ્છના કોટેશ્વરથી માંડીને માંડવી, મુંદરા અને કંડલા સુધીના અરબી સમુદ્રના જળક્ષેત્રમાં ‘ઇન્ડિયન ઓશન હમ્પબેક ડોલ્ફિન’ની હાજરી સતત વધી રહી છે. ગુજરાત વન વિભાગના તાજેતરના સર્વે મુજબ કચ્છથી ભાવનગર સુધીના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ જેટલી ડોલ્ફિન નોંધાઈ છે, જેમાંથી સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન ઓખાથી નવલખી વચ્ચેના મરીન નેશનલ પાર્કમાં ઉછળકૂદ કરતી જોવા મળી છે. ખાસ કરીને કંડલા અને મુંદરા વચ્ચેના ખાડી વિસ્તારમાં માદા ડોલ્ફિન તેના બચ્ચા સાથે જોવા મળતાં આ ક્ષેત્ર હવે ડોલ્ફિન માટે ‘નર્સરી ગ્રાઉન્ડ’ બની રહ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. ૩૦થી ૪૦ વર્ષનું લાંબુ આયુષ્ય ધરાવતી આ પ્રજાતિનો પ્રજનન દર ઘણો ધીમો હોવાથી તેમની સુરક્ષા અત્યંત મહત્વની છે.

જો કે, આ સકારાત્મક ચિત્ર વચ્ચે દરિયાઈ જીવસૃષ્ટિ સામે ત્રિમુખી પડકાર ઊભો થયો છે. પ્રથમ મોટું જોખમ ‘મરીન હીટવેવ’નું છે, હાલમાં અરબી સમુદ્રના ૨૨ ટકા ભાગમાં તાપમાન સામાન્ય કરતાં ૧ ડિગ્રી સેલ્સિયસ વધુ હોવાથી ડોલ્ફિનનો મુખ્ય ખોરાક ગણાતી માછલીઓ અને ઝીંગાનો નાશ થઈ રહ્યો છે, જે તેમની પ્રજનન ક્ષમતાને અસર કરે છે. બીજું ગંભીર જોખમ પશ્ચિમ એશિયાના લશ્કરી સંઘર્ષનું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાયેલા ઓઈલ ટેન્કરોમાંથી જો મોટાપાયે ઓઈલ સ્પિલ એટલે કે તેલ ઢોળાય તો દરિયાઈ પ્રવાહો સાથે તે ઝેરી ક્રૂડ ઓઈલ કચ્છના કાંઠા સુધી પહોંચી શકે છે, જે ડોલ્ફિન માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

ઉપરાંત ખાડી દેશના યુદ્ધના કારણે વધેલી નૌસૈનિક ગતિવિધિઓ અને જહાજોના હાઈફ્રિક્વન્સી ‘સોનાર અવાજ’ ડોલ્ફિનની દિશા શોધવાની ક્ષમતા પર ઘાતક અસર કરે છે, જેનાથી ભૂતકાળમાં પણ અસંખ્ય ડોલ્ફિનના મોત નીપજ્યા છે. ગલ્ફ કટોકટીના લીધે હવે આંતરરાષ્ટ્રીય જહાજોનો ટ્રાફિક પણ કંડલા - મુંદરા તરફ ડાયવર્ટ થયો છે, જેનાથી જહાજોની ટક્કર અને પ્લાસ્ટિક પ્રદૂષણનું જોખમ બેવડાયું છે. આ તમામ વૈશ્વિક અને સ્થાનિક પડકારો વચ્ચે કચ્છનો સ્થાનિક માછીમાર સમુદાય આશાનું કિરણ બન્યો છે. માછીમારો જાળમાં ફસાયેલી ડોલ્ફિનને ઈજા વગર મુક્ત કરીને તથા બોટની ગતિ ધીમી રાખીને વન વિભાગના સહયોગથી આ ‘ગુલાબી મહેમાન’ને બચાવવાનું પ્રશંસનીય કાર્ય કરી રહ્યા છે.

# રવાપર પાણી પ્રશ્ને જિ.પં. સભ્ય અને કોંગ્રેસની આગેવાની હેઠળ જિલ્લા સમાહર્તાને રજુઆત કરાઈ

**કલેક્ટર દ્વારા વહેલી તકે કાર્યવાહીની ખાત્રી : ઉકેલ ન આવે તો ૨૨મીથી ઉપવાસ કરાશે**



રવાપર-કચ્છઉદય : નખત્રાણા તાલુકાના રવાપર પાણી પ્રશ્ને તંત્ર દ્વારા કોઈ પગલા ન ભરાતા નેત્રા જિલ્લા પંચાયત સભ્ય નેહાબેન અશ્વિન રૂપારેલ અને કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી.કે.હુંબલના નેતૃત્વમાં રજુઆત કરાઈ હતી. આ પ્રશ્ને વહેલી તકે કાયમી ઉકેલ લાવવા રજુઆત પગલે જિલ્લા કલેક્ટર દ્વારા આ બાબતે વહેલી તકે સંબધીત તંત્રના જવાબદારને બોલાવી ઉકેલ લાવવા અને ગામને પુરતા પ્રમાણમાં પાણી મળે તે અંગે કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે કચ્છ જિલ્લા પંચાયતના સભ્ય રાજેશભાઈ આયર, સુલતાનસિંહ જાડેજા(મોટી ભુજપર), ખીમજીભાઈ ગઢવી (નાના કપાયા), તા.પં. સભ્ય અશ્વિન રૂપારેલ, નેત્રા તા. પં. સભ્ય ઓસમાન સુમરા, રવાપર સરપંચ પરેશભાઈ રૂપારેલ, જિલ્લા મહામંત્રી રામદેવસિંહ જાડેજા, ભુજ નગરપાલિકા સભ્ય અંજલિ ગોર, પ્રદેશ એસસી સેલ મંત્રી વેરશી મહેશ્વરી, ભુજ શહેર કોંગ્રેસ પ્રમુખ લાખાજી સોઢા, અરલ અગ્રણી રણજીતસિંહ જાડેજા સહિત આગેવાનો રજુઆતમાં જોડાયા હતા.

લાંબા સમયના આ પ્રશ્ને વહેલી તકે ઉકેલ નહી આવે તો રવાપર વિસ્તારના સરપંચ, સભ્ય, ગ્રામજનો, તાલુકાના સભ્યો અને કોંગ્રેસ પરિવારજનો આગામી તા. ૨૨-૬ના સવારે ૧૧ કલાકથી કલેક્ટર કચેરી સામે ઉપવાસ ઉપરઉતરશે. તેવી ચીમકી પણ આવેદનપત્રમાં અપાઈ હતી.

# કચ્છમાં કાળઝાળ ગરમી વચ્ચે આકાશમાંથી પક્ષીઓ પટકાતા જીવદયાપ્રેમીઓ ચિંતિત

**ભુજમાં પારો અસહ્ય હીટવેવ અને તીવ્ર યુવી કિરણોના કારણે માનવજીવન તેમજ પક્ષી સૃષ્ટિ પર તોળાતું ગંભીર સંકટ**

ભુજ - કચ્છઉદય : ઉત્તરીય ગોળાર્ધમાં સૂર્યનારાયણના પ્રકોપના કારણે સમગ્ર દેશ સહિત સરહદી જિલ્લા કચ્છમાં પણ કાળઝાળ ગરમીએ હાહાકાર મચાવ્યો છે. રણપ્રદેશ કચ્છમાં સૂર્યદેવની પ્રકોપ સમાન ગરમી યથાવત રહેતા અસહ્ય હીટવેવ અને લૂના કારણે માત્ર માનવજીવન જ ખોરવાયું નથી, પરંતુ અબોલ પક્ષી સૃષ્ટિ પર પણ મોટું સંકટ આવી પડ્યું છે. ભુજ સહિતના વિસ્તારોમાં આકાશમાં ઉડતા સેંકડો પક્ષીઓ તીવ્ર ડિહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકનો ભોગ બનીને સીધા જમીન પર પટકાઈ રહ્યા હોવાના ચિંતાજનક અહેવાલો સાંપડી રહ્યા છે, જેને પગલે વન્યજીવ પ્રેમીઓમાં ભારે વ્યાકુળતા જોવા મળી રહી છે. જિલ્લા વન વિભાગ અને સ્થાનિક રેસ્ક્યૂ ટીમોના જણાવ્યા અનુસાર, ગરમીની સૌથી ઘાતક અસર ભુજ, ગાંધીધામ અને દરિયાકાંઠાના ઔદ્યોગિક નગર કંડલામાં જોવા મળી રહી છે, જ્યાં તાપમાનનો પારો રેકોર્ડબ્રેક સ્તરે નોંધાયો છે.

બીજી તરફ, વન્યજીવો અને પક્ષીઓની વસ્તી ધરાવતા ગ્રામ્ય પંથકો જેવા કે નખત્રાણા, રાપર અને અબડાસાના નલિયા વિસ્તારના ઘાસભૂમિ તેમજ નાના-મોટા જળાશયો સંપૂર્ણપણે સુકાઈ જતાં ત્યાં પક્ષીઓની સ્થિતિ વધુ દયનીય બની છે. રણ સરહદે આવેલા ખાવડા અને બન્નીના વિસ્તારોમાં પણ ખુલ્લા આકાશ નીચે તડકાના કારણે પક્ષીઓ આશ્રય ગુમાવી રહ્યા છે. કુદરતી જળાશયોમાં પાણી ખૂટી જતાં પક્ષીઓ માટે પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને ઊંચાઈ પર ઉડતા પક્ષીઓ જેવા કે સમડી, ગરૂડ અને સ્થાનિક કબૂતરો કાળઝાળ ગરમીમાં લાંબો સમય ઉડવાને કારણે હવામાં જ બેભાન થઈને ઢળી પડે છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટતા અને તાપમાન સતત વધતા પક્ષીઓના શરીરમાં પાણી ખૂટી જાય છે, જેનાથી તેમના અંગો કામ કરવાનું બંધ કરી દે છે. આ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે કચ્છના વન વિભાગ અને સ્થાનિક સ્વયંસેવી સંસ્થાઓ યુદ્ધના ધોરણે સક્રિય થઈ છે તથા ભુજ અને નખત્રાણા જેવા મુખ્ય કેન્દ્રો પર કંટ્રોલ રૂમ શરૂ કરીને ઘાયલ પક્ષીઓને તાત્કાલિક રેસ્ક્યૂ કરવાની અને ઓબ્ઝર્વેશન હેઠળ સારવાર આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ પક્ષી સંકટની સાથે સાથે ભુજમાં રણની ભૌગોલિક સ્થિતિના કારણે અલ્ટ્રાવાયોલેટ એટલે કે યુવી ઈન્ડેક્સ પણ અત્યંત જોખમી સ્તરે પહોંચી ગયો છે. આ તીવ્ર સૂર્યપ્રકાશ નાગરિકોની આંખો અને ત્વચા માટે અત્યંત નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. તીવ્ર સૂર્યકિરણોને કારણે ત્વચા પર સનબર્ન, ટેનિંગ, અકાળે વૃદ્ધત્વ અને લાંબા ગાળે ત્વચાના ગંભીર રોગોનું જોખમ વધી રહ્યું છે. તદુપરાંત, કાળા ચશ્મા વિના બહાર નીકળતા લોકોની આંખોમાં બળતરા, ડ્રાયનેસ, ફોટોકેરાટાઈટીસ અને લાંબા ગાળે મોતિયા જેવી ગંભીર આંખની સમસ્યાઓનું જોખમ પણ બમણું થઈ ગયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં ગ્લોબલ વોર્મિંગની અસરને લીધે વાતાવરણ હજુ પણ ગરમ રહેવાની શક્યતા છે, ત્યારે વન્યજીવ સંસ્થાઓએ કચ્છના નાગરિકોને માનવતા દાખવી પક્ષીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા કરવા અપીલ કરી છે, જેથી આ ગંભીર કુદરતી આપત્તિમાં મૂગા પક્ષીઓના મહામૂલા જીવ બચાવી શકાય.

# પાલતુ ઊંટના હુમલાથી ગંભીર ઇજાગ્રસ્ત થયેલા ખારોઇના દેવાભાઇ રબારીને કેશલેસ સારવાર માટે આયુષ્યમાન કાર્ડ વ્હારે આવ્યું



**પશુપાલન અર્થે મહારાષ્ટ્ર ગયેલા લાભાર્થીને ઊંટના હુમલાથી આંખની દ્રષ્ટિ પર ગંભીર અસર થતાં આંખની સર્જરી જરૂરી બની હતી**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ખારોઈ ગામના ૬૦ વર્ષીય દેવાભાઈ વેલાભાઈ રબારી પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઊંટના ચરિયાણ અર્થે તેઓ મહારાષ્ટ્ર ગયા હતા. જ્યાં પાલતુ ઊંટ દ્વારા અચાનક હુમલો થતા તેમને આંખ તથા કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ પરિસ્થિતિમાં સારવાર કરવા તેમની પાસે આર્થિક સગવડ ન હોતા આયુષ્યમાન કાર્ડ તેમની વ્હારે આવ્યું હતું.

દેવાભાઈને ઊંટના હુમલાના કારણે આંખની દ્રષ્ટિ પર ગંભીર અસર થઈ હતી અને તાત્કાલિક વિશેષજ્ઞ સારવાર તથા આંખની સર્જરી જરૂરી બની હતી. પરંતુ નાણાકીય વ્યવસ્થા ન હોવાથી તેઓની ચિંતામાં મુકાયા હતા. આ સમયે તેમને જાગૃતો દ્વારા આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંગે જાણકારી આપવામાં આવી હતી. જેથી આયુષ્યમાન આરોગ્ય મંદિર ખારોઈ ખાતે તેઓ પહોંચ્યા હતા જ્યાં તેમની પાત્રતા ચકાસી તાત્કાલિક આયુષ્માન ભારત પીએમએજેવાય કાર્ડ બનાવીને ડાઉનલોડ કરી આપવામાં આવ્યું, જેથી તેઓ યોજનાનો લાભ લઈ શકે. તેમજ તેઓને ભુજ ખાત પીએમએજેવાય યોજના અંતર્ગત સારવાર કરાવવાની સલાહ આપવામાં આવી હતી. દેવાભાઈને પીએમએજેવાય કાર્ડ પ્રાપ્ત થતાં ભુજ ખાતે આંખની વિશેષ સર્જરી માટે કેશલેસ સારવાર મેળવવા તથા જરૂરી રીફરલ અને સારવાર માટેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે અને તેઓ વિશેષજ્ઞ સારવાર હેઠળ છે. પીએમએજેવાય યોજના દ્વારા ગંભીર ઈજાગ્રસ્ત દર્દીઓને સમયસર અને નિ:શુલ્ક આરોગ્ય સેવા ઉપલબ્ધ થાય છે.

આ ઘટનામાં તાત્કાલિક કાર્ડ નિર્માણ અને રીફરલ પ્રક્રિયા થવાથી લાભાર્થીને સમયસર સારવાર મળવાની સુવિધા ઉપલબ્ધ થઈ છે. આ યોજના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુરક્ષા માટે અત્યંત અસરકારક સાબિત થઈ રહી છે. દેવાભાઇના પરિવારજનોએ આરોગ્ય વિભાગ અને પીએમએજેવાય યોજનાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# કચ્છમાં 'સ્વચ્છતા સપ્તાહ' અંતર્ગત જનભાગીદારી સાથે ગામની નદી, તળાવ તથા અન્ય જળસ્ત્રોતોની સફાઈ કરાઈ





ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં 'સ્વચ્છતા સપ્તાહ' કાર્યક્રમ અંતર્ગત આજરોજ ગામડાઓમાં તળાવ, નદી, નાળા તેમજ અન્ય જળસ્ત્રોતોને સ્વચ્છ કરવા જનભાગીદારી સાથે સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતા એ માત્ર એક અભિયાન નથી, પરંતુ આપણા સૌની જવાબદારી અને સંસ્કાર છે. એ વિચારને સાર્થક કરવા મોટા આંસબીયા, બેરાજા, દુર્ગાપર, રોહા(સુમરી), પધ્ધર, ઘરાણા, દયાપર, તેરા, મથલ, સતાપર, કડોલ, સંઘડ તથા કાનપર સહિતના ગામોમાં સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત ગામ જળાશય, નાળા તેમજ નદી સહિતના અન્ય પાણીના વ્હેણોની સફાઇ કરાઇ હતી. જળાશયો આપણા જીવનનો અમૂલ્ય આધાર છે. સ્વચ્છ અને સુરક્ષિત જળાશયો દ્વારા માત્ર પર્યાવરણનું જ નહીં પરંતુ માનવ જીવન અને આવનારી પેઢીઓનું પણ રક્ષણ થાય છે તેવી સમજ આગેવાનશ્રીઓ દ્વારા ગ્રામજનોને આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન તળાવ વિસ્તારની સફાઈ કરીને સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારીનો ઉત્તમ સંદેશ આપવામાં આવ્યો હતો. તમામ ઉપસ્થિતોએ તળાવની આસપાસ તથા અંદર રહેલા પ્લાસ્ટિક, કચરો અને અન્ય ગંદકી દૂર કરી જળાશયને સ્વચ્છ બનાવવાનો શ્રમદાન કર્યું હતું. આ પ્રસંગે ગામલોકોને જળસ્ત્રોતોમાં કચરો ન નાખવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા તથા સ્વચ્છતા જાળવવા અંગે સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સૌએ ગામને સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રાખવા માટે સતત સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ અભિયાન દ્વારા ગામમાં સ્વચ્છતા અંગે સકારાત્મક સંદેશ ફેલાયો હતો અને ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. સફાઇ અભિયાનમાં ગામના સરપંચ, પંચાયતના પદાધિકારીઓ, ગામના આગેવાનો, સામાજિક સંસ્થાઓ, તલાટી, યુવાનો તેમજ ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# ખાવડા બન્યું 'મિની રાજસ્થાન' ? સોલાર પાર્કમાં ખુલ્લેઆમ દારૂની પોટલીઓ વેચાતી હોવાના વીડિયો થયો વાયરલ

## એક લાખથી વધુ શ્રમિકો વચ્ચે દારૂના ઠેકા જેવી સ્થિતિના આક્ષેપ : "ખાવડા કી જાન પોટલી હૈ" કહેતો વીડિયો વાયરલ, પોલીસની કામગીરી સામે સવાલો

ભુજ - કચ્છઉદય : કચ્છના સરહદી ખાવડા વિસ્તારમાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી સોલાર પાર્ક તૈયાર થઈ રહ્યો છે. એક સમયે વેરાન ગણાતો આ વિસ્તાર આજે વિકાસના કેન્દ્રમાં આવી ગયો છે, પરંતુ તેની સાથે દારૂના ખુલ્લેઆમ વેચાણના આક્ષેપો ફરી ચર્ચામાં આવ્યા છે. હાલમાં સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો છે, જેમાં કેટલાક યુવકો ખાવડા વિસ્તારમાં દારૂની "પોટલી" માણતા દેખાઈ રહ્યા છે અને ખુલ્લેઆમ દારૂ ઉપલબ્ધ હોવાનો દાવો કરી રહ્યા છે.

ખાવડા અને આસપાસના રણ વિસ્તારમાં ચાલી રહેલા સોલાર પાર્કના કામ માટે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, રાજસ્થાન અને કર્ણાટક સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રમિકો આવે છે. અંદાજે એક લાખથી વધુ લોકો આ વિસ્તારમાં વિવિધ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. અહી ડમ્પર સહીત મોટા વાહનોની અવર - જવર વધુ છે, અને દારૂના કારણે અવાર - નવાર અકસ્માતના બનાવો પણ બનતા હોય છે. આ જ કારણસર દારૂની માંગ વધી હોવાના અને તેનો લાભ ઉઠાવી બૂટલેગરો દ્વારા ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. વાયરલ વીડિયોમાં એક યુવાન કહે છે, "હેલો દોસ્તો, આજ સન્ડે હૈ, હમ યહાં પોટલી પીને આયે હૈ," જ્યારે તેનો સાથી જવાબ આપે છે, "પોટલી ખાવડા કી જાન-શાન હૈ, યહાં આના હૈ તો બઢિયા સે પોટલી પીઓ ઔર કામ કરો." આ સંવાદો બાદ ફરી એકવાર ખાવડા વિસ્તારમાં દારૂબંધીના અમલ અંગે સવાલો ઊભા થયા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અગાઉ પણ અનેક વખત દારૂના ખુલ્લા વેચાણના વીડિયો વાયરલ થયા હતા. કેટલાક વીડિયોમાં તો બોલેરો કેમ્પર વાહનમાં વિવિધ બ્રાન્ડની દારૂની બોટલો ગોઠવીને વેચાણ થતું હોવાનું જોવા મળ્યું હતું. કોટડા ગામના સરપંચે પણ અગાઉ જાહેરમાં દારૂ ઝડપી પાડ્યો હોવાનો મામલો ચર્ચામાં રહ્યો હતો. વાયરલ વીડિયોએ ફરી એકવાર સવાલ ઊભો કર્યો છે કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ખાવડા વિસ્તારમાં દારૂનું નેટવર્ક કોણ ચલાવે છે ? અને વિકાસના નવા હબ તરીકે ઉભરી રહેલા આ વિસ્તારમાં કાયદાનો અમલ કેટલી અસરકારક રીતે થઈ રહ્યો છે ? હાલમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

### રાજસ્થાનથી રણ માર્ગે આવે છે દારૂ

આક્ષેપો મુજબ રાજસ્થાન તરફથી રણ માર્ગે સીધો જ દારૂ ખાવડા વિસ્તારમાં પહોંચાડવામાં આવે છે અને સરહદી વિસ્તાર હોવાના કારણે ચેકિંગ તથા દેખરેખ મર્યાદિત રહે છે. ખાવડા અને સોલાર પાર્ક વિસ્તાર ભુજથી અંદાજે ૧૫૦ કિલોમીટર દૂર હોવાથી તપાસ એજન્સીઓની પહોંચ પણ ઓછી રહેતી હોવાની ચર્ચા છે.

### વિડિઓ વાયરલ થાય ત્યારે જ પોલીસ કેસ કરે

સ્થાનિકોમાં એવી પણ ફરિયાદ ઉઠી રહી છે કે વીડિયો વાયરલ થાય ત્યારે પોલીસ દ્વારા એકાદ ગુનો નોંધવાની કાર્યવાહી થાય છે, પરંતુ નિયમિત અને અસરકારક ડ્રાઇવ જોવા મળતી નથી. જોકે આ તમામ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

### અંજાર આરટીઓ દ્વારા પસંદગીના નંબર માટેની ગોલ્ડન - સિલ્વર નંબરોની સિરિઝનું રી-ઓક્શન કરાશે

અંજાર - કચ્છઉદય : પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અંજાર-કચ્છની અખબારી યાદી મુજબ ટુ વ્હીલર, ફોર વ્હીલર એલએમવી કાર, થ્રી વ્હીલર અને ટ્રાન્સપોર્ટ વાહનોમાં અગાઉની બાકી રહેલા ગોલ્ડન, સિલ્વર નંબરોનું રી-ઓક્શન શરૂ કરવામાં આવનારું છે. ઓનલાઇન અરજી ૧૬/૬ના સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.૧૮/૬ના સાંજે ૪ કલાક સુધી રહેશે. ઇ-ઓક્શનની શરૂઆત તા.૧૮/૬ના સાંજે ૪ કલાક સુધી તથા ઇ-ઓક્શન તા ૨૦/૬ના સાંજે ૪ કલાકે સમાપ્ત થશે. સુવર્ણ-ગોલ્ડન નંબર ફીના દર ટુ- વ્હીલરના ૮૦૦૦, અન્ય વાહનોના રૂ.૪૦૦૦૦, રજત-સીલ્વર નંબર ફીના દર ટુ-વ્હીલરના ૩૫૦૦ તથા અન્ય વાહનો માટે રૂ.૧૫૦૦૦ રહેશે. જ્યારે અન્ય નંજરમાં ૨ વ્હીલરમાં રૂ.૨૦૦૦ તથા અન્યમાં ૮૦૦૦ ફી રહેશે.

# ભુજમાં મુંદરા રિલોકેશન સાઈટમાં હમીરસરના વહેણની સફાઈ કરવા માંગ



ભુજ - કચ્છઉદય : મુંદરા રીલોકેશન સાઈટ, શાંતિ સુંદર સ્મૃતિવન પાસે નાલાનું પાણી ૬૮ બીએસએફથી પસાર થઈ એરોપલેન સર્કલથી નવી બનનારી કસ્ટમ ઓફિસથી લેવા પટેલ હોસ્પિટલ રોડથી છે. હમીરસરના મેઈન પ્રવાહમા બંધ પાસેના નાલામા ભળી જાય છે. નાલુ લાબા સમયથી રીપેર થતું નથી, સામે બીએસએફનો ગેટ છેલ્લા પર બંધ હોઈ, ભારે વરસાદમા અંહીના લોકોના ઘરોમાં પાણી આવે છે. નાલા સફાઈમા આ નાલાનો સમાવેશ કરી, બીએસએફના અધિકારીઓ સાથે આગોતરા વાતચીત કરી, વ્યવસ્થા કરવી જોઈએ. અન્યથા ભારે વરસાદ વચ્ચે લોકો પરેશાન થશે. પાણી ભરાવાના કારણે તોડફોડ કરવી પડે છે. નાલા સફાઈ કોન્ટ્રાકટર નાલુ પણ સાફ કરે એવી લોક માંગ છે.

# કોટડા ચકાર ગામે પ્રબુદ્ધ નાગરિકો સાથે મુલાકાત કરીને વડીલોનું સન્માન કરતાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા



ભુજ - કચ્છ ઉદય : ભારત સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ કચ્છના ભુજ તાલુકાના કોટડા ચકાર ગામની મુલાકાત લઈને પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. રાજ્યમંત્રીએ કોટડા ચકારના પ્રબુદ્ધ નાગરિકો અને વડીલોનું સન્માન કરીને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસકાર્યો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. આત્મનિર્ભર ભારત બનાવવા સંકલ્પને સાકાર કરવા ગ્રામજનોને એકજૂટ થવા રાજ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. રાજ્યમંત્રી ભારત સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થઈને એક પણ નાગરિક સરકારની જનકલ્યાણકારી યોજનાથી વંચિત ન રહી જાય એ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે કોટડા ચકારના પ્રબુદ્ધ નાગરિકો અને વડીલોએ રાજ્યમંત્રીને ગામમાં આવકારીને વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં સહભાગી થવા ખાતરી આપી હતી. ભુજ સહિતના શહેરો સાથે રોડ રસ્તાની ઉત્તમ કનેક્ટિવિટી મળવાથી બાગાયત કૃષિ પેદાશોના સક્ષમ ભાવ મળી રહ્યા છે તેમ જણાવીને ગ્રામજનોએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કચ્છ જિલ્લા પંચાયતના સદસ્ય રાજેશભાઈ ચાવડા, તાલુકા પંચાયત સદસ્યો, ગામના સરપંચ સહિત ગ્રામજનો પ્રબુદ્ધ નાગરિકો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

# શંખેશ્વરમાં કચ્છ કોડાયના જૈનસંત દ્વારા ૧૫ હજાર ચોપડાઓનું વિમોચન કરાયું

**વિદ્યાર્થીને શિક્ષણ માટે સહાય કરવી એટલે તેના ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી બનવું-જૈનમુનિ નયશેખર મહારાજ**



ભુજ - કચ્છ ઉદય : શંખેશ્વરના પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનવસેવા અને શિક્ષણ પ્રત્યેની અવિરત ભાવનાને આગળ વધારતા પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે વિવિધ વિસ્તારોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિના મૂલ્ય પંદર હજાર ચોપડાઓનું વિતરણ કરવાનો મહત્વપૂર્ણ સેવા પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે.

છેલ્લા ૧૧ વર્ષથી ટ્રસ્ટ દ્વારા શિક્ષણ,જીવદયા,આરોગ્ય, માનવસેવા તથા સમાજોપયોગી અનેક કાર્યો સતત કરવામાં આવી રહ્યા છે,જેના કારણે ટ્રસ્ટ સમાજમાં એક આગવી ઓળખ ધરાવે છે.આ સમગ્ર સેવા અભિયાનને માનવતાના મસીહા પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ પ્રાપ્ત થયા છે,જ્યારે પ.પૂ. મુનિરાજ નયશેખર મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ આ સેવા યજ્ઞને સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવી રહ્યો છે.ચોપડા વિતરણ પ્રસંગે ઉદ્બોધનમાં પ.પૂ. મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબે જણાવ્યું હતું કે,"શિક્ષણ એ જીવનનો સાચો આભૂષણ છે.જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડા, પુસ્તકો અને શૈક્ષણિક સાધનો આપવાનું કાર્ય માત્ર દાન નથી,પરંતુ જ્ઞાનદાન સમાન પુણ્યકાર્ય છે.એક વિદ્યાર્થીને શિક્ષણ માટે સહાય કરવી એટલે તેના ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણમાં સહભાગી બનવું.સમાજમાં શિક્ષણનો પ્રકાશ ફેલાય અને કોઈ બાળક અભ્યાસથી વંચિત ન રહે તે માટે સૌએ આવા કાર્યોમાં સહયોગ આપવો જોઈએ."તેમણે વધુમાં જણાવ્યું કે, ચોપડા વિતરણ દ્વારા વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે ઉત્સાહ વધે છે અને શિક્ષણના માધ્યમથી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે.

આ પ્રકારની સેવાપ્રવૃત્તિઓ માનવતાની સાચી સુગંધ ફેલાવે છે.ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતા સેવાકીય કાર્યો સમાજના દરેક વર્ગ સુધી પહોંચીને માનવતા,કરુણા અને સેવા ભાવનાનો સંદેશ ફેલાવી રહ્યા છે.આજે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ માનવસેવાના ક્ષેત્રે એક વિશ્વસનીય અને પ્રેરણાદાયી સંસ્થા તરીકે ઓળખ પ્રાપ્ત કરી રહ્યું છે.

આ ચોપડા વિતરણનો લાભ વિવિધ ગુરુભક્ત પરિવારોના સહયોગથી મહારાષ્ટ્ર, અમદાવાદ, કચ્છ, ઉત્તર ગુજરાત, બનાસકાંઠા, સાબરકાંઠા, સૌરાષ્ટ્ર સહિત અનેક શહેરો અને ગામડાઓના હજારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે.આ સેવા અભિયાનનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન પૂરું પાડવાનો છે.પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનોના જણાવ્યા મુજબ,શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને કોઈપણ બાળક માત્ર આર્થિક કારણોસર અભ્યાસથી વંચિત ન રહે તે માટે ટ્રસ્ટ સતત પ્રયત્નશીલ છે. વિના મૂલ્ય ચોપડા વિતરણનો આ મહાયજ્ઞ હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.સમગ્ર સેવા અભિયાનને સમાજના વિવિધ વર્ગોમાંથી આવકાર મળી રહ્યો છે અને ટ્રસ્ટના આ માનવતાલક્ષી કાર્યને સર્વત્ર પ્રશંસા મળી રહી છે.શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતું આ ભવ્ય યોગદાન અનેક વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# રોહા સુમરીમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો





ભુજ - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના રોહા સુમરી ગામે સ્વછતા અભિયાન અંતર્ગત ૨૦૨૬ નિમિત્તે રોહા સુમરી ગ્રામ પંચાયત તથા રોહા પ્રાથમિક શાળા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ ભારતીબેન નિતિનગીરી ગોસ્વામી તથા રોહા સુમરી ગ્રામ પંચાયત ઉપસરપંચ હુસેન ભજીર તથા આંગણવાડી વર્કર બહેનો તથા ગામના લોકો સાથે મળીને સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. પ્રમુખ દ્વારા સ્વચ્છતાના પાઠ ભણાવવામાં આવ્યા હતા ગ્રામ્ય વિસ્તારમાં મોટા પાયે વૃક્ષારોપણ કરી પર્યાવરણનું જતન કરી ગ્લોબલ વોર્મિંગ થી બચી શકાય છે વધતી જતી ગરમીથી બચવા માટે વૃક્ષારોપણ અનિવાર્ય છે તેવું પ્રમુખે જણાવ્યું હતું.

રોહા સુમરી ખાતે શાળા પ્રવેશોત્સવમાં શાળાના આચાર્ય ધવલભાઈ પંચાલે શાળા ખુલતા નાના ભૂલકાઓને મીઠું મોઢું કરાવી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. સ્વચ્છતા અભિયાન આદરવામાં આવ્યું હતું.

સ્થાનિક પંચાયતની ટીમ સાથે રહી રોહા સુમરી ગામે જળાશય તથા ખુલ્લા મેદાનમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તલાટી મંત્રી નિતાબેન ભિંડે તથા ગામ પંચાયત સદસ્યો તથા ગામના આગેવાનો સાથે મળીને સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. શેરીઓ અને મહોલ્લામાં ગંદકી ન કરવા લોકોને સૂચના આપવામાં આવી હતી.

# ભુજના રેન બસેરા ખાતે દાતાઓ દ્વારા આરો પ્લાન્ટનું લોકાર્પણ કરાયું



ભુજ હાલે પવિત્ર પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે ત્યારે નગરપાલિકા સંચાલિત અને લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટના નેજા હેઠળ ઘરવિહોણા લોકો માટે ચાલતા રેન બસેરા ખાતે માધાપરનો પરિવાર દ્વારા આરો પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યો હતો. પ્રમુખ સ્થાને ભુજ નગરપાલિકાના કાઉન્સિલર અને જૈન સમાજના આગેવાન ધીરેનભાઈ લાલનના પ્રમુખ સ્થાને ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દાતાઓની હાજરીમાં આરો પ્લાન્ટ સુપ્રત કરવામાં આવ્યો હતો. કાર્યમાં ભુજની સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શકભાઈ અંતાણી, રામુબેન પટેલ, માલશ્રીબેન ગઢવી, હરામુબેન આતુ અને હિતેશભાઈ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. દાતા પરિવારના રતનબેન શામજી દબાસિયા, શામજી વેલજી દબાસિયા માધાપર, લક્ષ્મીબેન, શિવભાઈ પિયુબેન દબાસીયા, ક્રિશા અને જીયાન કેરાઈ તરફથી ખાસ પરસોત્તમ માસને ધ્યાને લઈને આરો પ્લાન્ટ અર્પણ કરવામાં આવ્યો હતો. ઘર વિહોણા લોકો માટે ખાસ મિષ્ટાન ફરસાણ વાળો ભોજન પણ પીરસવામાં આવ્યું હતું.

## આઈસીસી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭

# 14 ટીમ, 54 મેચ, 46 દિવસ જામશે ક્રિકેટનો મહામેળો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈસીસી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની સંયુક્ત યજમાનીમાં યોજાવાનો છે. ક્રિકેટના આ સૌથી મોટા ટૂર્નામેન્ટને લઈને મહત્વની માહિતી સામે આવી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, વર્લ્ડ કપની શરૂઆત ૪ ઓક્ટોબર ૨૦૨૭ના રોજ થશે, જ્યારે ફાઈનલ મેચ ૨૧ નવેમ્બર ૨૦૨૭ના રોજ રમાશે. લગભગ દોઢ મહિના સુધી ચાલનારા આ ટૂર્નામેન્ટમાં કુલ ૫૪ મેચ રમાશે, જેમાં વિશ્વની ટોચની ૧૪ ટીમો ભાગ લેશે.




વર્લ્ડ કપ-૨૦૨૭નું આયોજન અગાઉના ૨૦૨૩ના વર્લ્ડ કપથી અલગ રહેશે. આ વખતે આઈસીસીએ ૨૦૦૩માં અપનાવવામાં આવેલા ફોર્મેટને ફરી અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. તેના હેઠળ ૧૪ ટીમોને ૭-૭ ટીમના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. દરેક ગ્રુપમાંથી ટોચની ૩ ટીમો ‘સુપર-સિક્સ’ રાઉન્ડમાં પ્રવેશ કરશે. ત્યારબાદ સુપર-સિક્સની ટોચની ૪ ટીમો સેમિફાઇનલમાં પહોંચશે અને અંતે ૨૧ નવેમ્બરે ફાઈનલ મેચ રમાશે.

વર્લ્ડ કપનું આયોજન ત્રણ દેશોમાં કરવામાં આવશે, જેમાં દક્ષિણ આફ્રિકા મુખ્ય યજમાન તરીકેની ભૂમિકા ભજવશે. રિપોર્ટ્સ અનુસાર, ટૂર્નામેન્ટની મોટાભાગની મેચો તેમજ નોકઆઉટ મુકાબલા દક્ષિણ આફ્રિકાના આઠ સ્ટેડિયમોમાં યોજાશે. તેમાં જોહાનિસબર્ગનું વાન્ડરર્સ, કેપટાઉનનું ન્યુલેન્ડ્સ અને ડરબનનું કિંગ્સમીડ સ્ટેડિયમ સામેલ છે. ઝિમ્બાબ્વેના હરારે અને બુલાવાયો શહેરોમાં પણ મેચો રમાશે. બીજી તરફ, નામીબિયા પ્રથમ વખત કોઈ મોટા આઈસીસી ટૂર્નામેન્ટની યજમાની કરશે, જ્યાં બે મેદાનો પર મુકાબલાઓનું આયોજન કરવામાં આવશે.

વર્લ્ડ કપ ૨૦૨૭ માટે યજમાન દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને સીધી એન્ટ્રી મળી છે. આ ઉપરાંત આઈસીસી રેન્કિંગમાં ટોચની આઠ ટીમો પણ સીધી ક્વોલિફાય કરશે. જોકે, યજમાન હોવા છતાં નામીબિયાને પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવા માટે ક્વોલિફાયર રાઉન્ડમાંથી પસાર થવું પડશે. બાકીના સ્થાનો માટે ક્વોલિફાયર ટૂર્નામેન્ટમાં કડક સ્પર્ધા જોવા મળશે. આ દરમિયાન ભારતીય ટીમ પણ ૨૦૨૩ના વર્લ્ડ કપની નિરાશાને પાછળ મૂકી નવા ફોર્મેટમાં ઈતિહાસ રચવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

## વિરાટ કોહલી અને રોહિત શર્મા ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ રમશે?

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારતમાં આઈપીએલ ૨૦૨૬ સિઝન પૂરી થયા બાદ ટીમ ઈન્ડિયા અફઘાનિસ્તાન સામે વન-ડે સીરિઝ રમી રહી છે. ૧૩ જૂનથી શરૂ થતી ત્રણ મેચની વન-ડે સિરીઝમાં રોહિત શર્મા પર તમામની નજર છે. રાહુલ દ્રવિડ અને ગાંગુલીને પછાડી રોહિત શર્મા ઈતિહાસ રચી શકે છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર રોહિત શર્મા અને વિરાટ કોહલીને લઈને તેમના ફેન્સ અને ક્રિકેટ જગતમાં હાલ એક જ મોટો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે. શું રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપમાં રમતા જોવા મળશે? આર.અશ્વિને આ બંને ક્રિકેટરના વર્લ્ડકપ રમવાને લઈને મોટો ખુલાસો કર્યો.

ભારતના અનુભવી સ્પિનર આર. અશ્વિને આ મુદ્દે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. અશ્વિનના મતે, ભારતીય ટીમે આ બંને ખેલાડીઓના અનુભવનો લાભ ઉઠાવવો જ જોઈએ. એક ખાસ શોમાં વાત કરતી વખતે આર. અશ્વિને આ સમગ્ર પ્રક્રિયાને ખૂબ જ સરળ શબ્દોમાં સમજાવી હતી. તેમણે જણાવ્યું: “જો ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો ઈચ્છતા હોય કે આ બંને ખેલાડીઓ દક્ષિણ આફ્રિકામાં રમે, અને જો ખેલાડીઓમાં પૂરતી ઉર્જા હોય, તો તેમના અનુભવનો ઉપયોગ કરી શકશો. પરંતુ તેમની ક્ષમતા પર શંકા કરાશે તો ખેલાડીઓ દબાણમાં આવી જશે. આ બાબત એક લગ્ન જેવી છે, જ્યાં બંને પક્ષે (મેનેજમેન્ટ અને ખેલાડીઓ) સમાન સહયોગ આપવો પડે છે.”



અશ્વિને સ્વીકાર્યું કે વધતી ઉંમર સાથે ક્રિકેટરો માટે ફિટનેસ જાળવી રાખવી સરળ નથી હોતી. ૩૨ કે ૩૫ વર્ષની ઉંમર પછી શરીર પહેલા જેવું નથી રહેતું, આ ઉંમરે ઈજાઓ થવી સામાન્ય છે. જો યોગ્ય મેડિકલ અને ફિટનેસ પ્લાન તૈયાર કરવામાં આવે અને ટીમમાં સકારાત્મક વાતાવરણ હોય, તો ખેલાડીઓ ચોક્કસપણે અશક્યને પણ શક્ય કરી બતાવે છે. પરસ્પર તાલમેલ વધુ મહત્વનો છે. જ્યારે ખેલાડીઓ જોશે કે મેનેજમેન્ટ તેમના પર ભરોસો મૂકી રહ્યું છે, ત્યારે તેઓ પોતાની ફિટનેસ માટે બમણી મહેનત કરશે. ૨૦૨૭ સુધી પહોંચવા માટે બંને બાજુથી હકારાત્મક ઉર્જા ખૂબ જ જરૂરી છે.

રોહિત શર્મા અંગે વાત કરતા અશ્વિને ખાસ નોંધ્યું કે, રોહિતના શાનદાર કરિયરમાં હજુ સુધી વનડે વર્લ્ડ કપની ટ્રોફી સામેલ નથી. “રોહિત શર્મા ચોક્કસપણે ૨૦૨૭ના વર્લ્ડ કપમાં જઈને દેશ માટે આ ટ્રોફી જીતવા માંગશે. તેણે ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે અત્યાર સુધી ઘણું શાનદાર પ્રદર્શન કર્યું છે. જ્યારે તમે દક્ષિણ આફ્રિકા જેવી પિચો અને પરિસ્થિતિઓમાં વર્લ્ડ કપ રમવા જઈ રહ્યા હોવ, ત્યારે વિરાટ અને રોહિત જેવા દિગ્ગજોનો અનુભવ ટીમ ઈન્ડિયાને અજેય અને મજબૂત બનાવે છે. આપણે તેમના અનુભવનો પૂરો લાભ લેવો જોઈએ.

દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયાની સંયુક્ત યજમાનીમાં યોજાનારા આ મેગા ટૂર્નામેન્ટ સુધીમાં કેપ્ટન રોહિત શર્મા ૪૦ વર્ષ વટાવી ચૂક્યા હશે, જ્યારે વિરાટ કોહલી પણ ૩૯ વર્ષની નજીક હશે. વધતી ઉંમરને કારણે આ બંને દિગ્ગજો આ ટૂર્નામેન્ટ માટે યોગ્ય છે કે નહીં તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. આ દરમિયાન ભારતના અનુભવી સ્પિનર આર. અશ્વિને આ મુદ્દે એક મહત્વપૂર્ણ નિવેદન આપતા કહ્યું કે આ દિગ્ગજોએ જરૂર વર્લ્ડકપ ૨૦૨૭ રમવો જોઈએ. તેમના અનુભવ અને ક્ષમતાનો ઉપયોગ મહત્વનો સાબિત થશે.

## કોહલીનો વર્લ્ડ રેકોર્ડ તોડી રુતુરાજ ગાયકવાડે રચ્યો નવો ઈતિહાસ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન રુતુરાજ ગાયકવાડ હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. રુતુરાજે ક્રિકેટ જગતના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીનો એક મોટો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે. આ રેકોર્ડ લિસ્ટ એ ક્રિકેટમાં ઓછામાં ઓછા ૫૦૦૦ રન બનાવનારા બેટ્સમેનોમાં સૌથી સવશ્રેષ્ઠ બેટિંગ સરેરાશનો છે. અફઘાનિસ્તાન સામે ફટકારેલા ૬૬ રનની ઈનિંગ સાથે જ રુતુરાજ ગાયકવાડના લિસ્ટ એ ક્રિકેટમાં કુલ રન હવે ૫,૨૨૭ થઈ ગયા છે. ખાસ વાત એ છે કે, તેણે આ રન ૫૯.૩૯ ની



અતુલ્ય સરેરાશ સાથે બનાવ્યા છે, જે વિશ્વ ક્રિકેટમાં અત્યાર સુધીની સૌથી વધુ સરેરાશ છે. આ ઈનિંગ બાદ કિંગ કોહલી આ યાદીમાં બીજા સ્થાને સરકી ગયો છે. વિરાટ કોહલીએ લિસ્ટ એ ક્રિકેટમાં ૫૭.૯૧ ની સરેરાશથી ૧૬,૪૪૭ રન બનાવ્યા છે.

## ફિફા વર્લ્ડ કપમાં મેક્સિકોએ દક્ષિણ આફ્રિકાને ૨-૦થી પરાજય આપ્યો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મેક્સિકોનું શરૂઆતથી જ આક્રમક પ્રદર્શન. જુલિયન ક્વિનોનેસ અને રાઉલ જિમેનેઝના ગોલ નિર્ણાયક સાબિત થયા. દક્ષિણ આફ્રિકાને બે રેડ કાર્ડ મળતા ટીમ સંપૂર્ણ રીતે દબાણમાં આવી ગઈ. મેક્સિકોએ ૨૦૨૬ વર્લ્ડ કપમાં જીત સાથે આત્મવિશ્વાસભર્યું પ્રારંભ કર્યું. મેચ શરૂ થતાં જ મેક્સિકોએ આક્રમક રમત દાખવી. તેની અસર માત્ર ૯મી મિનિટે જ જોવા મળી, જ્યારે જુલિયન ક્વિનોનેસએ દક્ષિણ આફ્રિકાના ડિફેન્ડરોને પાછળ છોડીને સુંદર ગોલ કર્યો અને ટીમને ૧-૦ની લીડ અપાવી. પ્રથમ હાફ પૂર્ણ થાય ત્યારે મેક્સિકો ૧-૦થી




ઉદ્ઘાટન મુકાબલામાં દક્ષિણ આફ્રિકાને બે અને મેક્સિકન ટીમને એક રેડ કાર્ડ અપાયા

આગળ હતું. સમયની ભરપાઈ માટે ૪ મિનિટનો વધારાનો સમય પણ અપાયો હતો. સ્પેફેલો સીથોલેને સીધું રેડ કાર્ડ બતાવવામાં આવ્યું, કારણ કે તેણે મેક્સિકોના એરિક ગુટિયેરેઝને ગોલ તરફ વધતા રોક્યો હતો. દક્ષિણ આફ્રિકાને બાકીનો સમય ૧૦ ખેલાડીઓ સાથે રમવું પડ્યું. મેચના અંતિમ ક્ષણોમાં મેક્સિકોના ડિફેન્ડર સીઝર મોન્ટેસને પણ ફાઉલ બદલ રેડ કાર્ડ મળ્યું. જોકે તે સમયે મેચ લગભગ પૂર્ણ થવા આવી હતી, તેથી પરિણામ પર તેનો કોઈ ખાસ અસર પડી નહોતી.

## ભારતની અંડર-૧૯ મેન્સ ટીમમાં ગુજરાતના કુશ અને કાવ્ય પટેલનો સમાવેશ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમ જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં શ્રીલંકાનો પ્રવાસ કરનારી છે જેમાં તે ત્રણ વન-ડે અને ચાર દિવસની બે મેચ રમશે. આ માટે ગુરુવારે જાહેર કરાયેલી ભારતની અંડર-૧૯ ટીમમાં ગુજરાતના કુશ પટેલ અને કાવ્ય પટેલનો સમાવેશ કરાયો છે. આ ટીમમાં ભારતના મહાન ક્રિકેટર અને સફળ કોચ રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડને પણ સામેલ કરવામાં આવ્યો છે. બીસીસીઆઈની જુનિયર પસંદગી સમિતિ ગુરુવારે મળી હતી જેમાં આ પ્રવાસ માટેની ટીમ પસંદ કરાઈ હતી. યુધવીરસિંહ ચૌહાણને ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. દ્રવિડના પુત્રને વન-ડે ટીમમાં સામેલ કરાયો હતો.



## છ દાયકામાં પ્રથમ બનાવ: ભારતમાં જન્મેલો ક્રિકેટર ઓસ્ટ્રેલિયા વતી રમશે

(એજન્સી દ્વારા)

સિડની: દિલ્હીમાં જન્મેલો ૩૦ વર્ષીય સ્પિન બોલિંગ ઑલરાઉન્ડર નિખિલ ચૌધરી ઑસ્ટ્રેલિયા વતી રમશે. ભારતમાં જન્મેલો કોઈ પુરુષ ક્રિકેટર ઑસ્ટ્રેલિયા વતી રમવાનો હોય એવું છ દાયકામાં પહેલી વખત બનશે. પંજાબ વતી ૧૪ મૅચ રમી ચૂકેલો નિખિલ ૨૦૨૦માં ઑસ્ટ્રેલિયાના ક્વીન્સલૅન્ડમાં તેના અંકલને ત્યાં રહેવા ગયો હતો. જોકે કોવિડકાળ લંબાતા તેણે ત્યાં જ રોકાઈ જવું પડ્યું હતું. તેણે કેટલીક નોકરી કરી હતી અને ટપાલી પણ બન્યો હતો. જોકે ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર જેમ્સ હોપ્સનું ધ્યાન નિખિલની સ્પિન બોલિંગ કળા પર



પડ્યું હતું અને ત્યાર બાદ નિખિલનું ભાગ્ય પલટાયું અને તેને હવે નાગરિકત્વ મેળવ્યા બાદ ઑસ્ટ્રેલિયા વતી રમવા મળશે. નિખિલ બિગ બૅશ લીગમાં પણ રમી ચૂક્યો છે. ગુજરાતમાં જન્મેલા સ્પિનર રેક્સ સેલર્સ ૧૯૬૪માં કોલકાતા ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયા વતી રમ્યા હતા.

## ટી૨૦ મુંબઈ લીગમાં શ્રેયસ ઐયરના સ્થાને કચ્છી લોહાણા સમાજનો સ્ટાર ઓલરાઉન્ડર પાર્થ ચંદન

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ : શનિવારથી અફઘાનિસ્તાન સામે રમાનારી વન-ડે સિરીઝ માટે શ્રેયસ ઐયરે મેન્સ ટી૨૦ મુંબઈ લીગની તેની ટીમ સોબો મુંબઈ ફાલકન્સને છોડીને જતા રહેવું પડ્યું હતું. ટીમે આ નિર્ણાયક તબક્કે ટીમના અનુભવી બૅટર આદિત્ય તારેને ટીમની કેપ્ટન્સી સોંપી હતી અને શ્રેયસના સ્થાને ટીમમાં કચ્છી લોહાણા સમાજના ઑલરાઉન્ડર પાર્થ ચંદનનો ટીમમાં સમાવેશ કર્યો હતો. ગઈકાલે નૉર્થ મુંબઈ પૅન્થર્સ




સામેના મુકાબલામાં તેનો પ્લેઈંગ ઈલેવનમાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. તેણે બે ઓવરમાં ૧૬ રન આપ્યા હતા અને કોઈ વિકેટ નહોતો લઈ શક્યો, તેને બૅટિંગમાં મોકો નહોતો મળ્યો હતો.

## આઈસીસી વન-ડે રેકિંગમાં ભારત ટોપ પર

નવીદિલ્હી : આઈસીસી પુરૂષ વનડે રેક્કિંગમાં ટીમ ઈન્ડિયા ટોપ પર બનેલી છે. આઈસીસી દ્વારા જાહેર કરાયેલા રેક્કિંગમાં ટીમ ઈન્ડિયાના ૧૧૮ રેટિંગ અંક છે. ગયા વર્ષની સરખામણીમાં ટીમ ઈન્ડિયાના રેટિંગમાં એક અંકનો ઘટાડો થયો છે. ન્યૂઝીલેન્ડ ૧૧૩ અંકો સાથે બીજા નંબરે છે. ઓસ્ટ્રેલિયા ૧૦૩ અંકો સાથે ત્રીજા સ્થાને છે. ટોપ ૧૦ પોઝિશનમાં એક જ મોટો ફેરફાર થયો છે. દક્ષિણ આફ્રિકા ૧૦૨ અંકો સાથે પાકિસ્તાનને પાછળ છોડીને ચોથા સ્થાને પહોંચી ગયું છે. પાકિસ્તાનને વનડે રેક્કિંગમાં એક સ્થાનનું નુકસાન થયું છે.

## ગુજરાતની ગૌરી ગોયલ ભારત અંડર-૧૯ વિમેન્સ ટીમમાં સામેલ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : આગામી સપ્તાહે યોજાનારી સિરીઝ માટે ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમ પ્રવાસી શ્રીલંકા સામે રમનારી છે અને તે માટેની ટીમમાં ગુજરાતની ગૌરી ગોયલની પસંદગી કરવામાં આવી છે. શ્રીલંકની ટીમના આ પ્રવાસમાં ભારતની અંડર-૧૯ વિમેન્સ ટીમ ત્રણ ટી૨૦ અને ત્રણ વન-ડે ક્રિકેટ મેચ રમશે. જે ભારતની યુવા મહિલા પ્રતિભાને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પદાર્પણ માટેની તક આપશે અને પ્રેરિત કરશે.ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી અનીલ



પટેલે એક અખબારી યાદીમાં ગૌરીને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે આ નોંધપાત્ર સિદ્ધિ ગૌરીના સમર્પણ, આકરી મહેનત અને મેદાન પર સતત પ્રદર્શનનો પુરાવો છે.

## ‘હીર સારા ઔર પોંડીચેરી’ના નામ પર છેલ્લી ઘડીએ સેન્સરે વાંધો ઉઠાવ્યો

(એજન્સી દ્વારા) મુંબઈ : પત્રલેખા અને માનવી ગગરૂની ફિલ્મ ‘હીર સારા ઔર પોંડીચેરી’ પહેલાં ૨૯ મેએ રિલીઝ થવાની હતી. રિલીઝના ચાર દિવસ પહેલાં જાહેર કરવામાં આવ્યું કે હવે ફિલ્મ પોસ્ટપોન કરવામાં આવી છે અને ફિલ્મ હવે ૧૨ જુને રિલીઝ થશે. સાથે જ એવી પણ જાહેરાત કરવામાં આવી કે હવેથી ફિલ્મનું નામ ‘હીર સારા’ હશે. ત્યારે હવે આ ફિલ્મની બદલાયેલી તારીખ અને નામ અંગેના અહેવાલો અનુસાર, “ફિલ્મ જોયાં પછી સેન્સરની એક્ઝામિનિંગ કમિટીને કેટલાક સીન અને થીમ સ્વીકારવાલાયક લાગ્યા નહીં. આ પ્રક્રિયામાં થોડો સમય લાગી ગયો, તેના કારણે મેકર્સે ફિલ્મને બે અઠવાડિયા પાઠી ઠેલી હતી. તે



ઉપરાંત ફિલ્મનાં નામમાંથી પોંડીચેરી શબ્દ પણ દૂર કરવાનું કહેવાયું હતું. સીબીએફસીના સભ્યોને લાગતું હતું કે ફિલ્મ એક ચોક્કસ અને મેચ્યોર વિષય પર આધારીત છે તેથી તેને દેશના કોઈ જ કેન્દ્ર શાસિત પ્રદેશ સાથે તેને જોડવું જોઈએ નહીં.” ‘હીર સારા’ને સેન્સરે સૂચવેલા કટના લિસ્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ફિલ્મનાં નામમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ફિલ્મના બીજા ભાગમાં આવેલા એક અપમાનજનક શબ્દને દૂર કરવા માટે નિર્માતાઓને સૂચના આપવામાં આવી હતી. આ ફેરફારો કર્યા બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ૨૯ મેના રોજ ફિલ્મને ‘**A**’ (એડલ્ટ) સર્ટિફિકેટ આપ્યું હતું.

## ધમાલ ૪નું ટ્રેલર ઇમેજિકામાં ગ્રાન્ડ ઇવેન્ટમાં લોંચ થશે

(એજન્સી દ્વારા) મુંબઈ : આ અઠવાડિયે એક પછી એક મોટી ફિલમોના ટ્રેલર લોંચ થઈ રહ્યા છે. પહેલાં આલ્ફાનું ટ્રેલર આવ્યું પછી વેલકમ ટુ ધ જંગલનું ટ્રેલર આવ્યું અને શુક્રવારે ઈમેજિકા ખાતે વેલકમ ટુ ધ જંગલનું ટ્રેલર લોંચ થઈ રહ્યું છે. મુંબઇ –પુણે હાઈવે પર આવેલા ઈમેજિકા એમ્યુઝમેન્ટ પાર્કમાં ખાસ ઈવેન્ટ યોજવામાં આવશે.

આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, “ધમાલ ૪ એક ખાસ ફિલ્મ છે એટલે મેકર્સને સ્પષ્ટ હતું કે આ ફિલ્મનું ટ્રેલર લોંચ અનોખું હોવું જોઇએ. તેથી તેમણે ઈમેજિકામાં ટ્રેલર લોંચ કરવાનું નક્કી કર્યું. એટલું જ નહીં. ટ્રેલર લોંચની ઈવેન્ટમાં જતાં લોકો માટે પણ ખાસ અનુભવ બની રહે તે માટેની દરેક વ્યવસ્થા કરવામાં આવી છે.” આગળ સુત્રએ જણાવ્યું, “આ ઈવેન્ટનું સૌથી મોટું આકર્ષણ ૬૦ ફૂટ ઊંચા વોટરફોલ પર ફિલ્મનાં પોસ્ટર લોંચની ઘટના હશે. આ પ્રસંગે ફિલ્મની સમગ્ર કાસ્ટ હાજર રહેશે. આ એક ક્યારેય ન જોવા મળ્યો હોય એવો નોખો અનુભવ રહેશે.





## ‘વેલકમ ટુ ધ જંગલ’નું ટ્રેલરઃ ભારતની પહેલી ૨૦૦૦ કરોડની ફેક ફિલ્મ

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવૂડની સૌથી લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી ‘વેલકમ’ની આગામી ફિલ્મ ‘વેલકમ ટુ ધ જંગલ’નું મોસ્ટ અવેટેડ ટ્રેલર ૧૧ જૂનના રોજ સત્તાવાર રીતે રિલીઝ કરી દેવામાં આવ્યું છે. ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થવાના બરાબર ૧૫ દિવસ પહેલા આવેલા આ ટ્રેલરે સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ તહેલકો મચાવી દીધો છે. બોલિવૂડના દિગ્ગજ કલાકારોની ફોજથી સજ્જ આ ટ્રેલરમાં એક્શન, કોમેડી, રોમાન્સ, ડ્રામા અને સસ્પેન્સ ભરપૂર માત્રામાં જોવા મળી રહ્યું છે.

જેવી રીતે આશા રાખવામાં આવી રહી હતી કે ‘વેલકમ’ સીરિઝની આ ત્રીજી ફિલ્મ હાસ્ય અને રોમાંચનો ડબલ ડોઝ આપશે, ટ્રેલર તે અપેક્ષાઓ પર બિલકુલ ખરું ઉતર્યું છે. ટ્રેલરમાં કેટલીક જગ્યાએ અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટી વચ્ચેની નોકઝોક અને કેમિસ્ટ્રી જોઈને ચાહકોને સુપરહિટ ફિલ્મ ‘હેરા ફેરી’ના દિવસો યાદ આવી જશે. આ ફિલ્મના ટ્રેલર લોન્ચિંગ માટે રૂઈહ્ન સ્ટુડિયો ખાતે એક ભવ્ય ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ફિલ્મના તમામ સ્ટાર્સે સાથે મળીને ખૂબ મસ્તી કરી હતી.



## ફરાહ ખાન અને રિતેશ દેશમુખ કંગનાનું સ્થાન લેશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઓટીટી રિયાલિટી શો ‘લોક અપ- સચ સે ઝ્યાદા’ની નવી સીઝન આવી રહી છે. આ શોનું નવી સીઝનમાં નામ તો બદલાયું જ છે, સાથે જ તેના હોસ્ટ પણ આ સીઝનમાં બદલાઈ ગયા છે. આ શોની પહેલી સીઝનનું સંચાલન કંગના રણૌતે કર્યું હતું, પરંતુ હવે બીજી સીઝનમાં ફરાહ ખાન અને રિતેશ દેશમુખ શોનાં હોસ્ટ બનશે. તાજેતરમાં જ શોનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું, જેમાં ફરાહ અને રિતેશ ચર્ચા કરતા દેખાય છે કે આ શોમાં દર્શકો પાસે કોઈને પણ લોક અપ કરવાની સત્તા રહેશે અને કોઈને લોક અપ થતાં અટકાવવા માટે તેમણે પોતાનું સત્ય સ્વીકારવું પડશે. ૨૦૨૨માં જ્યારે આ શો લોંચ થયો ત્યારે શો એમએક્સ પ્લેયર અને એએલટી બાલાજી પર આવ્યો હતો.




## કાસ્ટિંગ કાઉચ અંગે ‘જોધા અકબર’ ફેમ લવીના ટંડનનો ચોંકાવનારો દાવો



(એજન્સી દ્વારા) મુંબઈઃ સપનાની નગરી મુંબઈમાં સમયાંતરે અનેક યુવાનો ફિલ્મી દુનિયામાં કે ટીવીની દુનિયામાં પોતાનું સપનું સાકાર કરવા માટે આવે છે. આ યુવાનોમાં જૂજ યુવાનોને તક મળે છે અને એમાંથી પછી યુવાનોને ટીવી સ્ક્રિન કે સિનેસ્ક્રિન સુધી ચમકવાનો મોકો મળતો હોય છે. ખાસ કરીને યુવતીઓ જ્યારે આવું સ્વપ્ન સેવે છે ત્યારે એને કેવી અને કેટલી ઓફર્સ કરવામાં આવે છે? એનો ખુલાસોએ એક જાણતી એક્ટ્રેસે જ કરી દીધો છે. આ પહેલા ‘યે જવાની હૈ દિવાની’ ફેમ એક્ટ્રેસ કલ્કીએ પોતાને ફિલ્મી દુનિયામાંથી મળનારી ઓફર અંગે વાત કરી હતી. હવે જાણીતા ટીવી શો જોધા અકબરમાં રુકૈયા બેગમનું પાત્ર કરનારી એક્ટ્રેસ લવીના ટંડનએ ‘કોમ્પ્રોમાઈઝ’ કરવા બદલ કેટલી રકમ મળતી હતી એનો ઘટસ્ફોટ કર્યો છે. ટીવી શૉ ‘જોધા અકબર’માં જોવા મળેલી અને રૂકૈયા બેગમનો રોલ પ્લે કરનારી લવીના ટંડને હવે સ્ક્રિનથી ખાસ્સું એવું અંતર બનાવી લીધું છે. એટલું જ નહીં ફિલ્મોમાંથી પણ ઓફર મળતી પણ ફિલ્મોની ઓફર પર ફગાવી દીધી છે. પરિણામે હવે તે ટીવી કે સિનેમા બન્નેની સ્ક્રિનથી ખૂબ જ દૂર છે. લવીનાએ વાત કરતા કહ્યું હતું કે બૉલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચ ચાલે છે. હું પણ બેવાર આનો ભોગ બની ચૂકી હતી.ઘણીવાર સ્ક્રિન પર આવવા માટે યુવતીઓ ઘણા ‘કોમ્પ્રોમાઈઝ’ કરતી હોય છે એવામાં જ્યારે મોટી ઓફર્સની વાત આવે ત્યારે અનેક મુદ્દાઓ પર યુવતીઓ વિચાર કરતી હોય છે. પણ મેં બે-બે વાર મેકર્સની કેટલીક ખોટી ડિમાન્ડને ફગાવી દીધી છે. મેં મારા સિદ્ધાંતોના આધારે જ કામ કરવાનો નિર્ણય કર્યો છે.

## કેટરિના કૈફ કમબેક માટે કોઈ ઓટીટી પ્રોજેક્ટની શોધમાં

(એજન્સી દ્વારા) મુંબઈ : કેટરિના કૈફ હવે ફરી કેરિયરમાં પુનરાગમન કરવા માગે છે અને આ માટે તે કોઈ ઓટીટી પ્રોજેક્ટ મેળવવા પ્રયાસ કરી રહી હોવાનું જાણવા મળે છે. કેટરિનાએ ગયાં વર્ષે નવેમ્બરમાં પુત્ર વિહાનને જન્મ આપ્યો હતો. હજુ છ મહિના સુધી કેટરિના તેની સંભાળ માટે ઘરે જ રહેશે. તે આવતાં વર્ષથી શૂટિંગ શરુ કરવા ઈચ્છે. પરંતુ, આ માટે તેણે અત્યારથી જ કોઈ ઓટીટી પ્રોજેક્ટની શોધ આદરી છે. કેટરિનાનાં નિકટવર્તી સૂત્રોના જણાવ્યા અનુસાર કેટરિના કમબેકમાં ધીમે ધીમે આગળ વધવા માગે છે. આથી તે કોઈ એવો પ્રોજેક્ટ કે રોલ નહિ સ્વીકારે જેના માટે બહુ સમય આપવો પડે કે બહુ આઉટડોર શૂટિંગ સામેલ હોય. તે માતા તરીકેની જવાબદારીમાં બહુ સમાધાનો ન કરવાં પડે તેવો રોલ શરુઆતમાં સ્વીકારશે. કેટરિનાના અનેક સમકાલીન કલાકારો ઓટીટી સ્પેસને અપનાવી ચૂક્યા છે પરંતુ હજુ સુધી કેટરિનાએ કોઈ ઓટીટી પ્રોજેક્ટ કર્યો નથી. આથી તે આ ક્ષેત્રમાં ડેબ્યૂ કરવા ઈચ્છે છે.



# પાકિસ્તાનની પ્રથમ 'હેંગોર-ક્લાસ' સબમરીન કરાચી પહોંચીઃ ભારત કેમ રાખી રહ્યું છે બાજ નજર

ભુજ - કચ્છઉદય : પાકિસ્તાન નૌકાદળની પ્રથમ 'હેંગોર-ક્લાસ' સબમરીન તેના હોમ પોર્ટ કરાચી ખાતે પહોંચી ગઈ છે. 'પીએનએસ હેંગોર' નામની આ સબમરીન આગામી વર્ષ ૨૦૨૮ સુધીમાં પાકિસ્તાની નૌકાદળમાં સામેલ થનારી કુલ આઠ સબમરીનો પૈકીની પ્રથમ છે. સંરક્ષણ ક્ષેત્રે ચીન અને પાકિસ્તાનની વધતી જુગલબંદી વચ્ચે આ આઠમાંથી ચાર સબમરીનનું નિર્માણ ખુદ કરાચીમાં કરવામાં આવશે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ સબમરીન ચીનની અત્યાધુનિક 'ટાઈપ-૩૯એ' અટેક સબમરીનનું જ સંશોધિત સંસ્કરણ છે, જેને પગલે ભારતીય નૌકાદળ આ હિલચાલ પર અત્યંત બારીકાઈથી નજર રાખી રહ્યું છે. આ હેંગોર-ક્લાસ સબમરીનની સૌથી મોટી વિશેષતા તેમાં રહેલી 'એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્ઝન' સિસ્ટમ છે. સામાન્ય રીતે પરંપરાગત ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીનોને પોતાની બેટરી ચાર્જ કરવા માટે વારંવાર સમુદ્રની સપાટી પર આવવું પડે છે અથવા સ્નોર્કેલિંગ કરવું પડે છે. સપાટી પર આવવાના કારણે આવી સબમરીનો દુશ્મનના ડ્રોન, યુદ્ધવિમાનો કે યુદ્ધજહાજોની નજરમાં ઝડપથી આવી જવાનું જોખમ રહે છે. જોકે, 'એઆઈપી' ટેકનોલોજીથી સજ્જ હેંગોર સબમરીન લાંબા સમય સુધી સમુદ્રના પેટાળમાં છુપાયેલી રહી શકે છે, જેનાથી તેની શોધખોળ કરવી અત્યંત મુશ્કેલ બને છે.

આ આઠ નવી સબમરીનોના ઉમેરા સાથે પાકિસ્તાન પાસે કુલ ૧૩ સબમરીનોનો કાફલો તૈયાર થશે, જેમાંથી ૯ સબમરીન અત્યાધુનિક 'એઆઈપી' સિસ્ટમથી સજ્જ હશે.

બીજી તરફ, ભારતીય નૌકાદળ પાસે હાલમાં ૧૬ અટેક સબમરીન અને ૩ વ્યૂહાત્મક સબમરીન ઉપલબ્ધ છે. ભારતના આ કાફલામાં કલવરી, સિંધુઘોષ અને શિશુમાર શ્રેણીની ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીનો સામેલ છે. જોકે, ચિંતાની વાત એ છે કે



આમાંથી માત્ર 'કલવરી' શ્રેણીની ૬ સબમરીનોમાં જ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલી પ્લગ-ઈન 'એઆઈપી' સિસ્ટમ લગાવવામાં આવશે. ભારતનો સબમરીન આધુનિકીકરણ કાર્યક્રમ લાંબા સમયથી વિલંબ અને અડચણોનો સામનો કરી રહ્યો છે. વર્ષ ૧૯૯૮માં ભારતે ૨૦૩૦ સુધીમાં ૨૪ પરંપરાગત સબમરીન તૈનાત કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ આ યોજના હજુ સુધી પૂર્ણ થઈ શકી નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં નૌકાદળે માત્ર ૬ નવી સબમરીન કાફલામાં ઉમેરી છે, જ્યારે ૪ જૂની સબમરીનો નિવૃત્ત થઈ ચૂકી છે. આશરે રૂ.૭૦,૦૦૦ કરોડના ખર્ચે ૬ થી ૯ સબમરીન બનાવવાના આ મહત્વાકાંક્ષી પ્રકલ્પમાં ભારતની સંરક્ષણ કંપની એમડીએલ અને જર્મનીની ટીકેએમએસ કંપનીએ ટેકનિકલ મૂલ્યાંકન પાર કરી લીધું છે. જોકે, આ સબમરીનો પ્રત્યક્ષ રીતે નૌકાદળને મળતા હજુ વર્ષો લાગશે. પ્રોજેક્ટ-૭૬ અંતર્ગત પણ સબમરીન નિર્માણની કામગીરી 'P-75I' ની સમાંતર ચાલે તેવી સંભાવના છે, જેમાં ડીઆરડીઓની સુધારેલી 'એઆઈપી' સિસ્ટમ વપરાશે.

પ્રોજેક્ટ-૭૭ અને લીઝ યોજના અંતર્ગત સમુદ્રમાં શક્તિ સંતુલન જાળવવા માટે ભારત સ્વદેશી પરમાણુ ઊર્જા સંચાલિત અટેક સબમરીન બનાવવા પર પણ કામ કરી રહ્યું છે. સાથે જ રશિયા પાસેથી પણ એક પરમાણુ સબમરીન લીઝ પર લેવાની યોજના છે, પરંતુ આ તમામ પ્રોજેક્ટ્સ હજુ પ્રાથમિક તબક્કામાં હોઈ વાસ્તવિકતા બનતા લાંબો સમય લાગશે.

પ્રાદેશિક સમીકરણોની બાબતમાં ભારતીય નૌકાદળ આજે પણ સંખ્યાત્મક અને વ્યૂહાત્મક દ્રષ્ટિએ પાકિસ્તાન કરતાં અનેકગણું ચડિયાતું અને મજબૂત છે. તેમ છતાં, પાકિસ્તાની કાફલામાં ચીનની મદદથી થઈ રહેલો આ આધુનિક ઉમેરો હિંદ મહાસાગરમાં ભારતીય સુરક્ષા એજન્સીઓ માટે સતર્ક રહેવાનો સ્પષ્ટ સંકેત છે.

# ઓધવ રેસીડેન્સી સોસાયટી દ્વારા ભુજ નગર પાલિકાના નવનિયુક્ત હોદ્દેદારોનું સન્માન



ભુજ-કચ્છઉદય : ભુજ શહેરની ઓધવ રેસીડેન્સી સોસાયટી દ્વારા ભુજ નગરપાલિકાના નવનિયુક્ત હોદ્દેદારોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહ, ઉપપ્રમુખ બિંદિયાબેન ઠક્કર, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી તથા શાસક પક્ષના નેતા ધર્મેશભાઈ ગોરનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સોસાયટીના આગેવાનો અને રહિશોએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ ભુજ શહેરના સર્વાંગી વિકાસ, આધુનિક સુવિધાઓના વિસ્તરણ અને નાગરિકોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે આશા વ્યક્ત કરી હતી. સોસાયટીના પ્રતિનિધિઓએ સ્થાનિક પ્રશ્નો, માર્ગ-ગટર, સફાઈ અને અન્ય નાગરિક સુવિધાઓ અંગે પણ હોદ્દેદારોનું ધ્યાન દોર્યું હતું.

સન્માન સ્વીકારતા નગરપાલિકાના હોદ્દેદારોએ નાગરિકોના વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને શહેરના વિકાસને પ્રાથમિકતા આપીને જનહિતના કાર્યોને વધુ ગતિ આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભુજ શહેરના સર્વાંગી વિકાસ માટે નાગરિકોના સહયોગ સાથે કાર્ય કરવામાં આવશે. કાર્યક્રમમાં સોસાયટીના હોદ્દેદારો, રહિશો તેમજ સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


# ભુજની વિષ્ણુ ધર્મ સ્કૂલમાં હવન સાથે વિદ્યા આરંભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો

ભુજ - કચ્છઉદય : ભુજની વિષ્ણુ ધર્મ સ્કૂલ દ્વારા નવા શૈક્ષણિક વર્ષની શુભ શરૂઆતના પ્રથમ દિવસે શાળામાં વિદ્યા આરંભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે એક ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક અને મંત્રોચ્ચાર સાથે યોજાયેલા આ હવનથી સમગ્ર વાતાવરણ









પવિત્ર અને સુગંધિત બની ગયું હતું. શાળામાં આવેલા વિદ્યાર્થીઓનું તિલક કરીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર પ્રસંગે શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફગણે શ્રદ્ધાપૂર્વક હવનમાં આહુતિ આપીને ભાગ લીધો હતો. શાળાના મેનેજિંગ ડિરેક્ટર હેતલબેન બારોટ અને શાળાના ટ્રસ્ટી હિમાંશુભાઈ બારોટે આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ તેમજ સંસ્કારો પ્રત્યે આદરની ભાવના વિકસે તેવો સુંદર અને પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા ગીતાબેન સોનીએ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને નવા શૈક્ષણિક વર્ષની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# હવે કોઈ નહીં કરી શકે સાળંગપુર હનુમાનજીના નામ-સ્વરૂપોનો દુરુપયોગ!

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર : કરોડો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર હનુમાનજી મંદિર પ્રશાસન દ્વારા એક અત્યંત પ્રગતિશીલ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના દિવ્ય સ્વરૂપો, તેમની અનન્ય ઓળખ અને સાળંગપુર ધામ સાથે સંકળાયેલી આધ્યાત્મિક વિશિષ્ટતાઓનો ભવિષ્યમાં કોઈ ખોટો કે વ્યાવસાયિક ગેરઉપયોગ ના કરી શકે તે માટે તેને કાયદાકીય કવચ પૂરું પાડવામાં આવ્યું છે.

મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત, વિશ્વપ્રસિદ્ધ "કિંગ ઓફ સાળંગપુર"ની વિશાળ પ્રતિમા સહિત દાદાના વિવિધ સ્વરૂપોના કૉપીરાઈટ અને ટ્રેડમાર્ક મેળવી લેવામાં આવ્યા છે. આ તમામ સર્ટિફિકેટ્સ આજે ભાવપૂર્વક હનુમાનજી મહારાજના પવિત્ર ચરણોમાં સમર્પિત કરાયા હતા. સાળંગપુર ધામ માત્ર એક મંદિર નથી, પરંતુ કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા અને ભક્તિનું પરમ કેન્દ્ર છે.

આ પવિત્ર ધામની ઓળખ, ગૌરવ અને આધ્યાત્મિક વારસાને આગામી પેઢીઓ સુધી તેના મૂળ સ્વરૂપમાં સુરક્ષિત રાખવાના શુભ હેતુથી વિવિધ બૌદ્ધિક સંપત્તિ હકોની નોંધણી કરવામાં આવી છે. આ અંતર્ગત હવે હનુમાનજી મહારાજના વિવિધ દિવ્ય સ્વરૂપો, વિશિષ્ટ ચિત્રાત્મક અભિવ્યક્તિઓ અને સર્જનાત્મક કૃતિઓ કાયદાકીય રીતે સુરક્ષિત બની ગઈ છે.

આ ઐતિહાસિક પ્રસંગે સાળંગપુર મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામીએ જણાવ્યું હતું કે, "ભારતની આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહરને આધુનિક બૌદ્ધિક સંપત્તિ કાયદાઓ દ્વારા સુરક્ષિત કરવી એ આજના સમયની અનિવાર્ય આવશ્યકતા છે. શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના આશીર્વાદથી ભક્તિ, સેવા અને સંસ્કૃતિના આ દિવ્ય વારસાનું સંરક્ષણ અને સંવર્ધન આગામી વર્ષોમાં પણ સતત ચાલુ રહેશે."

મંદિર પ્રશાસનના આ નિર્ણયથી હવે સાળંગપુર ધામની આધ્યાત્મિક ધરોહર કાયદાકીય રીતે સુરક્ષિત થઈ ગઈ છે, જેને સોશિયલ મીડિયા અને ધાર્મિક જગતમાં ખૂબ જ આવકારવામાં આવી રહી છે. આ મહત્વપૂર્ણ અને જટિલ કાયદાકીય પ્રક્રિયાને દેશની અગ્રણી લો ફર્મ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રોજેક્ટ આઈ.પી. ક્ષેત્રના જાણીતા નિષ્ણાતના સીધા માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સંપન્ન થયો હતો.

# હાઈ-ટેન્શન વીજ લાઈન મુદ્દે મોરબી-સુરેન્દ્રનગરમાં ખેડૂતો આકરા પાણીએ; મુખ્યપ્રધાનને 'આપ'નો પત્ર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ: ગુજરાતમાં હાલ સુરેન્દ્રનગર, મોરબી, જામનગર સહિત અનેક જિલ્લામાં ખેતરોમાં વીજલાઈન મુદ્દે ખેડૂતો અને વીજકંપનીઓ સામસામે આવી ગયા છે. તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ ગામ બાદ મોરબી જિલ્લાના જેતપર ગામમાં ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનોના કામના વિરોધમાં ખેડૂતોએ આકરા પાણીએ છે. ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે જ્યાં સુધી કંપની દ્વારા તેઓને યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ખેતરમાં કોઈપણ પ્રકારની કામગીરી કરવા દેશે નહીં. જો કે ખેડૂતોએ પોલીસને સાથે રાખીને વીજકંપની દ્વારા બળજબરીથી કામગીરી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેના વિરોધમાં ખેડૂતોએ અણિયારી ટોલનાકા પર ચક્કાજામ કર્યો હતો અને આ દરમિયાન પોલીસ અને આંદોલન કરી રહેલા ખેડૂતો વચ્ચે ઘર્ષણ થયું હતું.

રાજ્યના અનેક જિલ્લાઓમાં ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનોના કામને કારણે ખેડૂતોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા મુખ્ય પ્રધાનને પત્ર લખી તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી. પત્રમાં જણાવ્યા અનુસાર, કચ્છ, મોરબી, રાજકોટ, જામનગર અને દ્વારકા જેવા જિલ્લાઓમાં પોલીસ બળનો ઉપયોગ કરીને ખેડૂતોને પોતાની જ જમીનમાં જતા રોકવામાં આવી રહ્યા છે, જેના કારણે ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાય છે. 'આપ' પક્ષે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે ખેડૂતો સાથે થઈ રહેલી આ અન્યાયી પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની જ છે.

# કેન્દ્રીય મંત્રી અશ્વીની વૈષ્ણવે જેસલમેરના રામગઢમાં ઓલ ઈન્ડીયા રેડિયો એફએમ ટ્રાન્સમીટરનું ઉદ્ઘાટન કર્યું

(એજન્સી દ્વારા)

જેસલમેર : કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ, અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી, અશ્વીની વૈષ્ણવે ઓલ ઈન્ડીયા રેડિયો જયપુર કેમ્પસથી જેસલમેરના રામગઢમાં ૨૦ કેડબ્લ્યુ ઓલ ઈન્ડીયા રેડિયો એફએમ ટ્રાન્સમીટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતુ. આ નવા ટ્રાન્સમીટરના ઉમેરા સાથે, રાજસ્થાનમાં એફએમ ટ્રાન્સમીટરની સંખ્યા વધીને ૩૯ થઈ ગઈ છે.

રામગઢ ટ્રાન્સમીટર સરહદી ક્ષેત્રમાં ૮૦ કિમી દૂર સ્થિતિ છે. આનાથી જેસલમેર જિલ્લાના આશરે ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટરના ત્રિજ્યામાં રેડિયો કવરેજ સુનિશ્ચિત થશે અને લોકોને વિવિધ માહિતીપ્રદ, શૈક્ષણિક અને મનોરંજક કાર્યક્રમોની સુલભતા મળશે.

સભાને સંબોધતા, વૈષ્ણવે પ્રસાર ભારતીની કામગીરી અને અભિગમમાં પરિવર્તન લાવવાનું આહ્વાન કર્યું. તેમણે જણાવ્યું હતું કે ઝડપી તકનીકી પ્રગતિના આ યુગમાં સુસંગત અને પ્રભાવશાળી રહેવા માટે, રેડિયો પ્રસારણને "ડિજિટલ-ફર્સ્ટ" અને "હાયપર-લોકલ" અભિગમ અપનાવવો જાઈએ. તેમણે અધિકારીઓને આ પરિવર્તન માટે રોડમેપ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો.

તેમણે સ્થાનિક કલાકારો અને કારીગરોને પ્રસારણ પ્રણાલીમાં એકીકૃત કરવાના મહત્વ પર ભાર મૂકયો. વૈષ્ણવે જયપુરમાં બની રહેલા આગામી એઆઈ ડેટા સેન્ટરનો પણ ઉલ્લેખ કર્યો, તેને ભવિષ્ય માટે પાયો અને તકનીકી પ્રગતિ તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

પ્રસારણ ભારતીના અધ્યક્ષ પ્રસૂન જાશીએ સભાને સંબોધતા, ઓલ ઈન્ડીયા રેડિયો અને દૂરદર્શન જેવી સંસ્થાઓના કાયમી મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે નોંધ્યું કે આ સંસ્થાઓ સમાજમાં ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે અને વ્યાપક પ્રેક્ષકો સુધી માહિતી પહોંચાડવામાં અને જમીની વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ ટ્રાન્સમીટરનો ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોમાં ઓલ ઈન્ડીયા રેડિયો અને દૂરદર્શનની પહોંચને મજબૂત બનાવવાનો છે. તે ફક્ત જેસલમેર જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાં પણ સેવા આપશે, જે સરહદી સંદેશાવ્યવહાર માળખામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ પહેલ "કાશ્મીરથી કચ્છ સુધી" સમર્પિત પ્રસારણ માળખાના વિઝન સાથે સુસંગત છે, જે સમગ્ર સરહદી ક્ષેત્રમાં પ્રસારણ સેવાઓના વ્યવસ્થિત વિસ્તરણને સુનિશ્ચિત કરશે.

આ કાર્યક્રમ દરમિયાન, વૈષ્ણવે પ્રસાર ભારતીના યુવા અધિકારીઓ સાથે પણ વાતચીત કરી. ઓલ ઈન્ડીયા રેડિયો જયપુર કેમ્પસમાં આયોજિત આ કાર્યક્રમમાં રાજસ્થાનના ઉર્જા મંત્રી હીરાલાલ નાગર, જયપુરના સાંસદ મંજુ શર્મા અને ઓલ ઈન્ડીયા રેડિયોના ડિરેક્ટર જનરલ રાજીવ કુમાર જૈન હાજર રહ્યા હતા. જેસલમેરના સાંસદ ઉમેદ રામ બેનીવાલ પણ વર્ચ્યુઅલી કાર્યક્રમમાં જાડાયા હતા.

# 'પાકિસ્તાન સળગી રહ્યું છે : અસીમ મુનીર પહેલાં તમારૂં ઘર જુઓ, પછી શાંતિદૂત બનો'

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ભારત અને પાકિસ્તાનની કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓએ જણાવ્યું છે કે, પાકિસ્તાનમાં છેલ્લા એક દશકમાં વિદ્રોહ પ્રસરી રહ્યો છે અને તે પૈકી છેલ્લા બે વર્ષમાં તો તે સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો છે. વિશેષતઃ પાકિસ્તાનના બે સૌથી વધુ અશાંત પ્રાંતો ખૈબર-પખ્તુનવા અને બલુચિસ્તાનમાં તો અશાંતિએ માઝા મુકી છે. કેન્દ્ર સરકાર સાથે વ્યાપક સંઘર્ષ ચાલે છે. પરિણામે ૩૪૧૭નાં મોત થયા હોવાનું તો સત્તાવાર રીતે પાકિસ્તાનની સમવાય તંત્રી સરકારે સ્વીકાર્યું છે. આ આંક આથી પણ વધુ હશે જ તે નિશ્ચિત લાગે છે.

આમ પોતાના દેશમાં જ ચરૂ ઉકળી રહ્યો છે ત્યારે પાકિસ્તાનના પોતાની મેળે થઈ પડેલા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને તે સ્વૈચ્છિક સંસ્થાઓએ કહ્યું છે કે, મુનીર પહેલા તમારૂં ઘર સળગે છે તે જુઓ પછી (ઈરાન-અમેરિકા વચ્ચે) શાંતિદૂત બનો. ઉલ્લેખનીય છે કે ૨૫ માર્ચે જયારે અસીમ મુનીર, શી-જિનપિંગ સાથે બૈજિંગમાં મંત્રણા કરવામાં વ્યસ્ત હતા. ત્યારે જ બલૂચ - અલગતાવાદીઓએ મુનીરના સલામતી દળોને લઈ જતી ટ્રેન ઉડાવી દીધી હતી. જેમાં ૪૭નાં મૃત્યુ થયા હતા. બીએલએ દ્વારા આ કૃત્ય બરોબર તે સમયે જ કરવામાં આવ્યું છે જ્યારે મુનીર-શી સાથે મંત્રણા કરતા હતા અને ત્યારે જ મળતા તે સમાચારોએ તેમને શર્મીંદા બનાવ્યા હતા. તેવી જ રીતે ખૈબર પખ્તુનવામાં પણ બલુચિસ્તાનની જેમજ રોજેરોજ સેના અને અલગતાવાદીઓ વચ્ચે સામસામા ગોળીબારો થયા જ કરે છે. તેઓનો વાંધો ચાયના પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી) સામે છે. અને તે માટે આવતા ચીનાઓ સામે પખ્તુનો અને બલુચો દાઝે બળે છે. ઈસ્લામાબાદ સ્થિત સેન્ટર ફોર રિસર્ચ એન્ડ સિકયોરીટી સ્ટડીઝ (સીઆરએસએસ) જણાવે છે કે ૨૦૨૫માં થયેલા આતંકી હુમલાઓને લીધે ઓછામાં ઓછા ૩૪૦૦થી વધુનાં મોત થયા છે.

સૌથી ગંભીર વાત તો તે છે કે ગ્વાડર બંદરનો વિકાસ કરવા માટેની ચીની ટુકડીના સભ્યો જ નીશાન બનાવાય છે. શી-જિનપિંગે મુનીર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે મુનીર શર્મીંદા બન્યા હતા. પોતાના દેશમાં અશાંતિ છે ત્યારે અમેરિકા-ઈરાન વચ્ચે મધ્યસ્થી થઈ શાંતિ સ્થાપવાની મુનીર વાત કરે છે.

# પાંચ હજાર ગૌવંશની વચ્ચે વેદલક્ષણા ગૌયાગથી ગુંજ્યું કેરા ગામ

ભુજ - કચ્છઉદય : : કચ્છમાં ગૌસેવા અને દેશી ગૌવંશના સંવર્ધન માટે ચાલી રહેલી પ્રવૃત્તિઓને વધુ વેગ આપતા કેરા ગામે સાત દિવસીય વેદલક્ષણા ગૌયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગૌસેવા ગતિવિધિના માર્ગદર્શન હેઠળ ગોરસિયા સેવા ફાઉન્ડેશન-બળદિયા અને માધાપરના ગિરધરભાઈ પિંડારિયાના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં ગૌપ્રેમીઓ, સંતો, વિદ્વાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કેરા ખાતે ૨૫ એકર વિસ્તારમાં કાર્યરત નિઃશુલ્ક નીરણ કેન્દ્રમાં આશરે પાંચ હજાર ગૌવંશના નિભાવ વચ્ચે યોજાયેલા ગૌયાગ દરમિયાન ગૌવંશના રક્ષણ, સંવર્ધન અને સુખાકારી માટે વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. "સુરભ્યૈ નમઃ" મંત્રના જાપ સાથે સંપન્ન થયેલા આ યજ્ઞમાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ ગૌમાતાના કલ્યાણને સમર્પિત ભાવથી ભાગ લીધો હતો.

વિશેષ ગૌસભા દરમિયાન ગૌસેવા ગતિવિધિના રાષ્ટ્રીય પ્રશિક્ષણ પ્રમુખ ડૉ. કે.ઈ.એન. રાઘવને દેશી ગાયના ધાર્મિક, વૈજ્ઞાનિક અને આર્થિક મહત્ત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં ગાયનું સ્થાન માત્ર આસ્થાનું નહીં, પરંતુ પર્યાવરણ, કૃષિ અને આરોગ્ય સાથે પણ ગાઢ રીતે જોડાયેલું છે. કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા અને ડૉ. હિતેશભાઈ જાની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રી દેવચરણદાસજીએ જણાવ્યું હતું કે ગિરધરભાઈ પિંડારિયા અને તેમનો પરિવાર વિદેશમાં વસવાટ કરવા છતાં દેશી ગૌવંશના સંવર્ધન માટે જે સમર્પિત ભાવથી કાર્ય કરી રહ્યો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ગૌસેવાના ક્ષેત્રમાં તેમની કામગીરી અનેક લોકો માટે પ્રેરણાસ્રોત બની રહી છે.

ગિરધરભાઈ પિંડારિયાએ જણાવ્યું હતું કે આગામી સમયમાં દેશી ગાયના સંવર્ધનને કેન્દ્રસ્થાને રાખીને ગૌયાગનું આયોજન કરતી સંસ્થાઓ અને ગામોને આર્થિક સહયોગ આપવામાં આવશે. ઉપરાંત કચ્છના માલધારીઓની આવક વધારવા માટે ગૌમૂત્ર આધારિત ઉત્પાદનો, દૂધ અને દુગ્ધજન્ય પેદાશોના વ્યવસ્થિત માર્કેટિંગ તથા ગાય આધારિત કુદરતી ખેતીના ઉત્પાદનોના મૂલ્યવર્ધન માટે પણ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ગૌઆધારિત ખેતી કરતા ખેડૂતોના અનાજ, કઠોળ તેમજ કેરી, ખારેક અને અંજીર જેવા ફળોના પ્રોસેસિંગ અને પેકેજિંગ દ્વારા વધુ સારા ભાવ મળી રહે તે માટે નિષ્ઠાવાન ગૌસેવકો સાથે મળીને આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રયાસોથી ગ્રામ્ય અર્થતંત્રને નવી દિશા મળશે અને પશુપાલકોને પણ સીધો લાભ થશે.

કાર્યક્રમ દરમિયાન ગૌપ્રેમી મનોજભાઈ સોલંકી દ્વારા આગામી સમયમાં વધુ એક ગૌયાગ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. ભુજપુર ગામ દ્વારા ગાયના વિવિધ વિષયો પર પાંચ દિવસીય પ્રવચનમાળાનું આયોજન તેમજ આગામી જાન્યુઆરીમાં અંજાર ખાતે ગૌકથા સપ્તાહ યોજવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

પ્રાંત સંયોજક મેઘજીભાઈ હીરાણીએ જણાવ્યું હતું કે કચ્છમાં છેલ્લા ઘણા વર્ષોથી ગૌસેવા ક્ષેત્રે થઈ રહેલા પ્રયાસોના પરિણામે યુવા પેઢીમાં ગાય પ્રત્યેની જાગૃતિમાં નોંધપાત્ર વધારો થયો છે. ગાયને માત્ર ધાર્મિક પ્રતીક નહીં પરંતુ આત્મનિર્ભર ગ્રામ વિકાસના આધાર તરીકે સ્વીકારવાની સમજણ વિકસી રહી છે.

આ સમગ્ર યજ્ઞ શાસ્ત્રીય પરંપરા અનુસાર યોજાયો હતો. આશરે ૪૦ જેટલા ભૂદેવોની ઉપસ્થિતિમાં ગૌભક્ત જયદીપ શાસ્ત્રીજી (ભુજ)ના મુખ્ય આચાર્યપદે યજ્ઞવિધિ સંપન્ન થઈ હતી. યજમાન પરિવારના ગોરસિયાબંધુઓએ ગૌસંવર્ધન અને ગૌસેવાના કાર્યોને વધુ વ્યાપક બનાવવા માટે સમાજના સહકારની અપીલ કરી હતી.

# શિક્ષણ એ સમાજના વિકાસનો મજબૂત આધારસ્તંભ

## બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચાયત દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિનામૂલ્યે વિતરણ

ભુજ - કચ્છઉદય : શિક્ષણ એ સમાજના વિકાસનો મજબૂત આધારસ્તંભ છે ત્યારે વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળે અને કોઈપણ બાળક માત્ર આર્થિક સંજોગોને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેવા હેતુથી ભુજ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચાયત દ્વારા વિનામૂલ્યે નોટબુક અને શૈક્ષણિક સામગ્રી વિતરણનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે.

ખત્રી ચકલા સ્થિત કોમ્યુનિટી હોલ ખાતે ચાલી રહેલા આ કાર્યક્રમને જ્ઞાતિના પરિવારો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળી રહ્યો છે.

દાતાશ્રીઓના સહયોગથી આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત જ્ઞાતિના ધોરણ ૧થી લઈને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને જરૂરી નોટબુકો તેમજ અન્ય શૈક્ષણિક સામગ્રી વિનામૂલ્યે આપવામાં આવી રહી છે. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવી તેમને શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધારવાનો આ પ્રયાસ સમાજમાં પ્રશંસા પામી રહ્યો છે.

કાર્યક્રમ દરમિયાન બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચાયતના પ્રમુખ કુંદનભાઈ ટાટારિયા, પંકજભાઈ જોગી તથા કારોબારી સમિતિના સભ્યો સતત હાજર રહી સેવા આપી રહ્યા છે. લાભાર્થી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે જેથી દરેક વિદ્યાર્થી સુધી સહાય સરળતાથી પહોંચી શકે.

આયોજકોના જણાવ્યા મુજબ અત્યાર સુધી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવ્યો છે. હજુ પણ વિતરણ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી આ સહાય પહોંચે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સમાજના આગેવાઓએ દાતાશ્રીઓના સહયોગની સરાહના કરતાં જણાવ્યું હતુ કે શિક્ષણક્ષેત્રે આવા લોકહિતના કાર્યો સમાજના ભવિષ્યને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ પંચાયતની આ પહેલ માત્ર નોટબુક વિતરણ પૂરતી મર્યાદિત નથી, પરંતુ શિક્ષણ પ્રત્યેની સામાજિક જવાબદારી અને આગામી પેઢીના ઘડતર પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પણ ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

# બોર્ડની પૂરક પરીક્ષા : ધો.૧૦ સામાજિક વિજ્ઞાનના પેપરમાં ૩૯૧ વિદ્યાર્થીઓ ગેરહાજર

## અર્થશાસ્ત્રની પરીક્ષામાં ૪૦૭ વિદ્યાર્થીઓમાંથી ૨૯૯ વિદ્યાર્થીઓ રહ્યા હાજર

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન ૨૦૨૬ની એસએસસી અને એચએસસીની પૂરક પરીક્ષાનો ગઈકાલથી પ્રારંભ થયો છે.

પરીક્ષાના બીજા દિવસે તારીખ ૧૨ જૂનના રોજ સવારના સેશનમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. જેમાં ધોરણ ૧૦ એસએસસી પૂરક પરીક્ષામાં સામાજિક વિજ્ઞાન વિષય માટે કુલ ૯૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૫૨૬ વિદ્યાર્થીઓએ હાજર રહીને પરીક્ષા આપી હતી, જ્યારે ૩૯૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ, ધોરણ ૧૨ એચએસસી સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષયની પરીક્ષા યોજાઈ હતી, જેમાં નોંધાયેલા કુલ ૪૦૭ વિદ્યાર્થીઓમાંથી ૨૯૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા અને ૧૦૮ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા.

### છે ને સંકુલવાસીઓની કમનશીબી : કોઈના પેટનું પાણી જ નથી હાલતું?

# ગાંધીધામની જનતા માટે પીડાદાયક બનેલો ‘રાજવી ઓવરબ્રિજ’: દાયકાથી અધ્ધરતાલ પ્રોજેક્ટ : ધારાસભ્યશ્રી કરે લાલઆંખ





**૧૦ વર્ષથી વધુ સમયથી ખોરંભે પડેલો પ્રોજેક્ટઃ રેલ્વે સિવાયનું કામ હજુ પણ અધૂરું. : આર એન્ડ બી-મનપા વિભાગનો ૮૦% કામ પૂર્ણ થવાનો દાવો વાસ્તવિકતાથી વેગળો**

**રૂ. ૭૦ કરોડની મંજૂરી અને રૂ. ૪૩ કરોડના ટેન્ડર બાદ હવે અચાનક વધુ રૂ. ૩૦ કરોડની નવી દરખાસ્ત શા માટે? : R&B, જીયુડીસી, નગરપાલિકા, અને બીએસએફ વચ્ચે રમાતી ‘ખો-ખો’ની રમત : બ્રિજનો અસલી માલિક કોણ?**

**એપ્રીલ માસમાં અમારા તબક્કેથી દરખાસ્ત મોકલાઈ છે, જીયુડીસી તરફથી હજુ સુધી કોઈ પ્રતિસાદ સાંપડેલ નથી : શ્રી રામાનુજ (ડે.કમીશ્નર ગાંધીધામ મનપા)**

**જીયુડીસી હસ્તક પ્રોજેક્ટ મંજુર થયેલ છે, આર એન્ડ બી કામ કરી રહી છે, કામ પ્રગતિમાં જ છે, સંકલન સાથે બ્રીજનું કામ વેળાસર પૂર્ણ થાય તેવા પ્રયાસો ચાલુમાં જ છે : શ્રી મારવાડા (આર એન્ડ બી વિભાગ)**

### રેલવેની ગાંધીધામ-આદિપુર વચ્ચે સિંગલ ટ્રેક લાઈન હતી તે વખતે પ્રોજેક્ટ શરૂ કરાયો છે, હવે તો છ-છ લાઈનો પથરાઈ ગઈ, રેવલેએ પણ પોતાના ક્ષેત્રનું કામ કરી લીધું છે પુરૂ.!, તેમ છતા પણ રાજવી ફાટક બ્રીજ હજુય પણ પડયો છે અડધો અધુરો...?

## જમીન સંપાદનનો પેચ અને અધિકારીઓની આનાકાની

ગાંધીધામ : સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજવી ઓવરબ્રિજના વિલંબ પાછળ મુખ્ય કારણ અપ્રોચ રોડની જમીન સંપાદન (Land Acquisition)નો મામલો હોઈ શકે છે. આ અપ્રોચ રોડ બનાવવા માટે જ વધારાના રૂ. ૪.૫ થી ૫ કરોડ મંગાવવામાં આવી રહ્યા છે, જે આખા કામને ઘોંચમાં નાખી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, આ અંગે કોઈ સરકારી વિભાગ સ્પષ્ટતા કરવા તૈયાર નથી. હાલમાં ઈશ્મ વિભાગ એવું કહીને હાથ ઊંચા કરી રહ્યો છે કે, અમારા સ્તરેથી હવે કોઈ કામ બાકી નથી.

ગાંધીધામઃ ગાંધીધામ શહેરના મુખ્ય માર્ગ પર આવેલો અને પાટનગર સમાન વિસ્તારને જોડતો ‘રાજવી ઓવરબ્રિજ’ પાછલા એક દાયકા (૧૦ વર્ષ) કરતાં વધુ સમયથી સ્થાનિક પ્રજા માટે માથાનો દુખાવો અને ભારે હાલાકીનું કારણ બન્યો છે. એક યા બીજા નિત નવા કારણોસર સતત વિલંબમાં મુકાતા આ પ્રોજેક્ટને લઈને હવે જનતામાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકાર અને બીએસએફ તરફથી મંજૂરીનો પત્ર આવી ગયો હોવા છતાં પણ વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી, જેના કારણે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

એક તરફ માર્ગ અને મકાન વિભાગ (R&B) એવો દાવો કરી રહ્યો છે કે બ્રિજનું ૮૦% કામ પૂર્ણ થઈ ગયું છે. પરંતુ ધરાતલ પરની વાસ્તવિકતા તદ્દન અલગ છે. જાણકારોના મતે માત્ર રેલ્વે લાઈન પરનું કામ જ પૂરું થયું છે, બાકીનું મુખ્ય કામ હજુ પણ વણઉકેલાયેલું અને અધૂરું પડ્યું છે. દાયકાથી ઉભું રહેલું આ અડધુંપડધું સ્ટ્રક્ચર હવે ચોમાસા અને સમયના ઘસારાને કારણે ખખડવા લાગ્યું છે અને ભંગાર જેવી સ્થિતિમાં ફેરવાઈ રહ્યું છે.ગાંધીધામનો આ મેઈન રોડ હોવાથી રોજ હજારો વાહનચાલકો અને નાગરિકો ધૂળ, ટ્રાફિક જામ અને અકસ્માતોનો ભોગ બની રહ્યા છે. વહીવટી અને રાજકીય ઈચ્છાશક્તિના અભાવે આખો પ્રોજેક્ટ રહસ્યના પડદા પાછળ ધકેલાઈ ગયો છે. હવે સમય આવી ગયો છે કે ઉચ્ચ કક્ષાએથી આ મામલે કડક તપાસ થાય, જવાબદારોની જવાબદારી નક્કી થાય અને ગાંધીધામના હિતમાં આ ‘પીડાદાયક બ્રિજ’નું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે તે જ સમયની માંગ બની રહી છે. આ સંદર્ભે આર એન્ડ બી વિભાગના શ્રી મારવાડાની સાથે વાત ચીત કરવામા આવતા તેઓએ કહ્યુ હતુ કે, પ્રોજેક્ટ જીયુડીસી હસ્તક મંજુર થયેલ છે, આર એન્ડ બી કામ સતત કરી જ રહ્યુ છે, હાલમાં પણ કામ પ્રગતિમાં છે, અમને આશા છે કે, સમય અવધિ અનુસાર કામ પૂર્ણ થશે. ગ્રાન્ટનો અભાવ હોવાનુ શ્રિ મારવાડાએ જણાવ્યુ હતુ અને તે વિષયજીયુડીસી તથા ગાધીધામ મનપા કક્ષાનો હોવાનુ ઉમેર્યુ હતુ.બીજીતરફ આ બાબતે ગાંધીધામ મનપાના ડે.કમિશ્નર રામાનુજની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, અમે એપ્રીલ માસમાં વધારાની રકમ ગ્રાન્ટ ફાળવણી સંદર્ભે દરખાસ્ત જીયુડીસીને મોકલી આપી છે, પરંતુ જીયુડીસી કક્ષાએથી હજુ સુધી કોઈજ પ્રત્યુત્તર આવવા પામ્યો નથી. આ સંદર્ભે આર એન્ડ બી અને જીયુડીસીએ આગળની કાર્યવાહી થવા પાત્ર છે ઉપરાંત પણ અમારી કક્ષાએથી ફરીથી જીયુડીસી તબક્કે થયેલ દરખાસ્ત બાબતે સુચી-યાદી આપતો પત્ર ગાંધીધામ મનપા કમીશ્નરશ્રી કક્ષાએથી પાઠવીશું.

બીજીતરફ જાણકારો આ તબક્કે કહી રહ્યા છે કે, ગાંધીધામના કાર્યદક્ષ ધારાસભ્યશ્રીમતી માલતીબેન મહેશ્વરીએ લાલઆંખ કરવાની જરૂર છે. દાયકા કરતા વધુ સમયથી આ રીતે કોઈ બ્રીજનું સ્ટ્રકચર સતત અડધું લટકતુ રહે તો તેમા ચોકકસથી કયાંક ને કયાંક ઈચ્છાશકિતનો અભાવ જ હોઈ શકે. કારણ કે ગુજરાત સરકાર દ્વારા તો શહેરોના માળખાગત વિકાસ માટે જોઈતી ગ્રાન્ટ સમયસરની ફાળવી રહ્યા છે. રાજવી ઓવરબ્રીજ તો જયારે અહી એક લાઈન માત્ર આદિપુર-ગાંધીધામ વચ્ચેની હતીત્યારે મંજુર થઈ શરૂ થયેલ હતો અને આજે છ-છ લાઈનો પથરાઈ ગઈ તેમ છતા રાજવી બ્રીજ અદ્ધર જ લટકતો જોવાઈ રહ્યો છે.જે કોઈની પણ નિષ્કાળજી હોય અથવા તો સંકલનનો અભાવ હોય કે પછી કામ પ્રત્યેની બેદરકારી હોય તે તમામનો ધારાસભ્યશ્રીએ પ્રજા-સરકાર હિતમાં બરાબરનો કડક ઉધડો લેવો ઘટે તો અને તો જ નિર્ભર તંત્ર રાજવી ઓવર બ્રીજના કામને પૂર્ણતા સુધી લઈ જવા કદાચ વ્યાયાપ આદરશે.

## રૂ. ૩૦ કરોડની નવી દરખાસ્ત પાછળ શું છે રહસ્ય?

**૨૧/૧૦/૨૨ના રૂપીાય ૭૦,૫૯,૩૩,૫૦૦ની રીવાઇજડ સૈદ્ધાંતિક મંજુરી અપાઈ તે બાદ ૬/૯/૨૨ના રોજ ૭૦,૫૯,૩૩,૫૦૦ની તાંત્રિક મંજુરી(રેલવે પોર્શનના ૧૯.૩૧ કરોડ)સહિત પ્રદાન કરાયા તે બાદ આર એન્ડ બીએ ૧૩/૧૨/૨૩ના મહેસાણાની પાર્ટીને વર્કઓર્ડર આપ્યો : અને ૮૦ ટકા આ કામગીરી પૂર્ણ પણ ૩૦ કરોડવાળી દરખાસ્તમાં જ દર્શાવાઈ છે, જો કામ ૮૦ ટકા પુરી થઈ ગયુ તો હવે ૩૦ કરોડની રકમની દરખાસ્તની કયાં આવશ્કયતા ઉભી થઈ?**

ગાંધીધામ : વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે રૂ. ૭૦ કરોડની રિવાઈઝ્ડ સૈદ્ધાંતિક રકમ મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં રૂ. ૪૩ કરોડના ખર્ચે મહેસાણાની ‘રાધે એસોસિએટ્સ‘ કંપનીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. આમ છતાં, હવે અચાનક જ રૂ. ૩૦ કરોડથી વધહુની રકમની નવી વધારાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે! તંત્ર દ્વારા આ નવી દરખાસ્તમાં વરસાદી નાળાના કામો, પાણી ન ભરાય તે માટે અપ્રોચ રોડની કામગીરી અને ‘એક્સ્ટ્રા આઈટમ જથ્થો’ દર્શાવવામાં આવ્યો છે. ગાંધીધામ મનપા દ્વારા પાંચમી એપ્રીલના રોજ થયેલ લેખિત દરખાસ્તમાં જણાવાયુ છે કેડરેઈન, સર્વસ રોડ પર સીસી રોડ તેમજ બીએસએફના કેમ્પસમા થતા નવા બાંધકામની કામગરી માટે ભલામણ કરવામા આવેલ લછે. માટે રીવાઈઝડ વહીવટી તેમજ ખુટતી અંદાજીત રકમ ૩૦,૫૮,૬૫,૬૧૯.૮૩(જથ્થા વધારા), એકસ્ટ્રા આઈટમ, જમીન સંપાદન તથા અન્ય ખર્ચ સાથેની ગ્રાનટની ફાળવવાની માંગ કરાઈ છે. પરંતુ જનતામાં ચર્ચા છે કે, શું આ ખરેખર જરૂરિયાત મુજબનું કામ છે કે પછી પ્રોજેક્ટનું ઓવર-એસ્ટીમેશન કરીને કોઈ મોટું આર્થિક કૌભાંડ આચરવાનો ખેલ ખેલાઈ રહ્યો છે?

## બ્રિજનો અસલી માલિક કોણ?

ગાંધીધામ : હાલ આ પ્રોજેક્ટ માર્ગ અને મકાન વિભાગ (ઇશ્મ), જીયુડીસી, ગાંધીધામ નગરપાલિકા, જીઆઈડીસી અને બીએસએફ વચ્ચે ફૂટબોલ બની ગયો છે. R&B વિભાગે રૂ. ૩૦ કરોડની વધારાની દરખાસ્ત નગરપાલિકાને મોકલી, નગરપાલિકાએ તે GIDCને મોકલી, અને હવે GIDC આ રકમ ફાળવવામાં વ્યવહારિક નિયમો આગળ ધરીને આનાકાની કરી રહ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે આ બ્રિજનો અસલી માલિક કોણ છે? કોણ પૂરી કરશે આ કામગીરી?

## કચ્છમાં સિઝેરિયન પ્રસુતિનું પ્રમાણ વધતાં નોર્મલ ડિલિવરી જાણે ભૂતકાળ બની

### નેશનલ ફેમિલી હેલ્થ સર્વેમાં ચોંકાવનારો ખુલાસો : કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં ખાનગી હોસ્પિટલો કમાણીનું સાધન બની હોવાનો આક્રોશ

ભુજ - કચ્છઉદય : તબીબી ક્ષેત્રે સેવાભાવ મરી પરવાર્યો હોય અને નફાખોરી હાવી થઈ ગઈ હોય તેવા ચોંકાવનારા આંકડા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સર્વેક્ષણમાં સામે આવ્યા છે. રાજયમાં કુદરતી અને નોર્મલ ડિલિવરી કરાવવાને બદલે ઓપરેશન એટલે કે સિઝેરિયન કરીને બાળકોને જન્મ આપવાનું પ્રમાણ ચિંતાજનક હદે વધી ગયું છે. ખાસ કરીને સરકારી હૉસ્પિટલોની સરખામણીમાં ખાનગી હૉસ્પિટલો માટે પ્રસુતિ હવે જાણે તબીબી પ્રક્રિયા રહી નથી પરંતુ કમાણીનું મુખ્ય માધ્યમ બન્યું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. ભૌગોલિક રીતે દેશના સૌથી મોટા અને સરહદી એવા કચ્છ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં આ પરિસ્થિતિને પગલે જાગૃત નાગરિકોમાં ઘેરી ચિંતા વ્યાપી ગઈ છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૬ના તાજા રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં સરેરાશ ૨૯ ટકા બાળકો હવે સિઝેરિયન દ્વારા જન્મી રહ્યા છે. અગાઉના સર્વેમાં આ પ્રમાણ ૨૧ ટકા હતું, જે દર્શાવે છે કે ટૂંકા ગાળામાં જ ઓપરેશનના કેસોમાં આઠ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો છે. આ આંકડા સાબિત કરે છે કે ગર્ભવતી મહિલાઓને નોર્મલ ડિલિવરી માટે પ્રોત્સાહિત કરવાને બદલે સીધી સર્જરી ટેબલ પર જ ધકેલી દેવામાં આવે છે. આ સર્વેક્ષણમાં શહેરી વિસ્તારોની સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક છે, જ્યાં સિઝેરિયનનું પ્રમાણ ૪૦.૬ ટકા સુધી પહોંચી ગયું છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ પ્રમાણ ૨૧.૭ ટકા છે. શહેરોમાં વધતી ભાગદોડ અને તબીબોની ઉતાવળ અથવા વધુ આર્થિક લાભ મેળવવાની લાલચે આ પરિસ્થિતિ સર્જી હોવાનું ચિત્ર સ્પષ્ટ થાય છે.

સર્વેના આંકડાઓએ ખાનગી હૉસ્પિટલો સામે જાણે શંકાની આંગળી ચિંધી દીધી છે. શહેરોની પ્રાઈવેટ હૉસ્પિટલોમાં પ્રસુતિ માટે આવતી દર બે મહિલાઓમાંથી એક મહિલા એટલે કે ૪૯.૪ ટકા બાળકો સિઝેરિયનથી જન્મે છે. ગ્રામીણ વિસ્તારોની ખાનગી હૉસ્પિટલોમાં પણ આ દૂષણ ફેલાઈ ચૂક્યું છે, જ્યાં ૨૨ ટકા બાળકો ઓપરેશનથી જન્મે છે.

કચ્છ જેવા અંતરિયાળ જિલ્લામાં પણ આવી ખાનગી હોસ્પિટલોની કથિત નફાખોરી સામે અનેક સવાલો ઉભા થતા આવ્યા છે. મેડિકલ સાયન્સના નિયમો મુજબ માત્ર કટોકટીની સ્થિતિમાં જ સિઝેરિયન કરવાનું હોય છે, પરંતુ ખાનગી હૉસ્પિટલોમાં દરેક કેસ કટોકટીનો જ બતાવીને દર્દીના પરિવારના ખિસ્સા ખંખેરવામાં આવે છે તેવું પીડિતો અનુભવી રહ્યા છે.નવાઈની વાત એ છે કે મફત કે નજીવા દરે સારવાર આપતી સરકારી હૉસ્પિટલોમાં પણ હવે નોર્મલ ડિલિવરીનો ગ્રાફ ઘટ્યો છે. શહેરોની સરકારી હૉસ્પિટલોમાં ૨૪.૪ ટકા અને ગામડાની સરકારી હૉસ્પિટલોમાં ૧૧.૭ ટકા બાળકો ઓપરેશનથી જન્મે છે, જેના કારણે સરકારી હૉસ્પિટલોમાં કુલ સિઝેરિયનનું પ્રમાણ ૧૫.૬ ટકા નોંધાયું છે. સરકારી તંત્રમાં સ્ટાફની અછત અથવા જવાબદારીમાંથી છૂટવાની નીતિ આ માટે જવાબદાર હોઈ શકે છે. એકંદરે સરકારી હૉસ્પિટલોમાં પણ ઓપરેશનથી જન્મતા બાળકોના દરમાં ૩ ટકાનો વધારો થયો છે.

ડૉક્ટરને સમાજમાં ભગવાનનો દરજ્જો આપવામાં આવે છે, પણ આ આંકડા જોયા પછી સામાન્ય માણસનો તબીબી આલમ પરથી વિશ્વાસ ડગી જાય તે સ્વાભાવિક છે. નોર્મલ ડિલિવરીની પીડા સહન કરવાની દર્દીની ક્ષમતા ખૂટી જાય તે પહેલાં જ, ડૉક્ટરો વધુ કમાણી અને સમય બચાવવા માટે ઓપરેશનનો આગ્રહ રાખે છે. પ્રસુતાના સ્વાસ્થ્ય અને ભવિષ્યની ચિંતા કર્યા વગર માત્ર આર્થિક ફાયદા માટે થતા સિઝેરિયન સામે હવે સરકારે કડક ઓડિટ પદ્ધતિ લાવવી જરૂરી બની ગઈ છે.

### કલેક્ટરની સૂચનાથી ખનીજ ચોરી રોકવા મહેસૂલ વિભાગની કાર્યવાહી જારી

## હવે મુન્દ્રામાં રોયલ્ટી વગર અને નખત્રાણામાં ઓવરલોડ ખનીજનું ડમ્પર પકડાયું

**ગઈકાલે મુરચબાણમાં પણ વાહનો પકડાયા હતા, આ વિસ્તારમાં તળાવના નામે થતા ખોદકામની તપાસ કરી ખનીજ ચોરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે તેવી માંગ ઉઠી**

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ખનિજચોરી અટકાવવા મહેસૂલ વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અગાઉ કોટડા (જડોદર) અને હાજાપરમાં મામલતદારે ઓવરલોડ ખનિજ ભરેલા ચાર ડમ્પર પકડ્યા તે બાદ પ્રાંત અધિકારીએ નલિયા અને નખત્રાણામાં ઓવરલોડ અને રોયલ્ટી વગર ખનિજ પરિવહન કરતા ડમ્પર પકડી લીધા હતા. ગત રોજ લખપત તાલુકાના મુરચબાણમાં મામલતદારે ખનીજ ચોરી પર દરોડો પાડ્યા બાદ હવે મુન્દ્રા અને નખત્રાણા વિસ્તારમાં પણ કાર્યવાહી કરવામાં આવી છે.

મુન્દ્રા વિસ્તારમાં અવાર - નવાર રેતી અને માટી ચોરીની ફરિયાદો સામે આવે છે. આ તાલુકો પુર્વ કચ્છની ખનીજ કચેરી અંતર્ગત આવે છે. અહીં વ્યાપક ફરિયાદો છતા ખનીજ ચોરી અટકતી નથી ત્યારે મામલતદાર કલ્પનાબેન ગોંદિયા દ્વારા આકસ્મિક તપાસ કરવામાં આવી અને રોયલ્ટી વગર ખનીજ માટીનું પરિવહન કરતા ડમ્પરને સાડાઉ - ગુંદાલા રોડ પરથી પકડી પાડવામાં આવ્યું હતું. વાહન સિઝ કરી પોલીસ સ્ટેશને રાખવામાં આવ્યું છે.

આ તરફ નખત્રાણાના કોટડા (જ) - મથલ હાઈવે પર પ્રાંત અધિકારી દ્વારા બપોરે બે વાગ્યે તપાસ કરીને ડમ્પર નં. જીજે૧૨ - સીટી - ૭૮૫૧ ને રોકી તપાસ કરતા તેમાં બ્લેકટ્રેપ ખનીજ ભરેલું હતું. રોયલ્ટી પરમીટ હતી પરંતુ વજન કરાવતા ૧૯.૮૪ મેટ્રીક ટન ખનીજ વધુ ભરવામાં આવ્યું હોઈ ૩૫ લાખના વાહન સહિત કુલ ૩૭.૧૫ લાખનો મુદ્દામાલ સિઝ કરી વાહન નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યું હોવાનું મામલતદાર આર.ડી. પટેલે જણાવ્યું હતું.


મુન્દ્રા


નખત્રાણા

દરમિયાન ગઈકાલે મહેસૂલ વિભાગ દ્વારા મુરચબાણ ગામની સીમમાં બેન્ટોનાઈટના ગેરકાયદે ઉત્ખન્નની બાતમીના આધારે દરોડો પાડી ૩ મોટા ડમ્પર બેન્ટોનાઈટ ભરેલા તેમજ બે હિટાચી મશીન, અને ૮ મોટા ડમ્પર પકડી પાડ્યા હતા. આ વિસ્તારના સ્થાનિક સૂત્રો જણાવે છે કે, મુરચબાણ વિસ્તારમાં પુષ્કળ ખનીજનો જથ્થો ધરબાયેલો છે. અહીં પવનચક્કી, થાંભલા અને તળાવ ઉંડા કરવાના નામે પરવાનગી મેળવી તેની આડમાં ગેરકાયદે બેન્ટોનાઈટ ઉસેડવામાં આવે છે. આ વિસ્તારના બેન્ટોનાઈટની ભારે માંગ હોવાથી ચોરી કરવામાં આવે છે. અગાઉ ઘણી વખત પોલીસે વાહનો પકડ્યા છે, ખનીજ વિભાગે વાહનો પકડ્યા છે, સ્થાનિકોએ જનતા રેડ કરી છે, કલેક્ટર કચેરીમાં રજૂઆત કર છે. તેમ છતા આ વિસ્તારમાં ખનીજ ચોરી અટકી નથી. સ્થાનિકો જણાવે છે કે, આ વિસ્તારમાં પવનચક્કી અને તળાવના નામે થયેલા ખોદકામની તપાસ કરવામાં આવે અને અહીં કાયમી ધોરણે ખનીજ ચોરી બંધ કરાવી અમુલ્ય સંપદાને પેટાળમાં સાચવી રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ કચ્છ જિલ્લામાં ખાણ ખનીજ વિભાગ અને ફલાઈગ સ્કવોર્ડ દ્વારા ખનીજ ચોરી સામે કાર્યવાહી ન કરાતા પ્રાંત અધિકારી અને મામલતદારો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ભુજ અને માંડવી તાલુકા વિસ્તારમાં પ્રાંત અધિકારી અને મામલતદાર આવી કાર્યવાહી ક્યારે કરશે તેવો સવાલ ઉઠ્યો છે.